માલણ બોલી વાણ્ય, સાંભળ રાયચતુર સુજાણ. કસ્તુરાવતી નામની વાત, તે એક જાણ મારી જાત, તેને માહારે અદકો સ્નેહ; જીવ એકને જુજવી દેહ, સુંદર મેહેલ કુંવરીનો સાર; દાહાડે શાહસ્ત્ર દાસી રખવાળ. મહારે રોજ જવું પડેછે તહાં; ફુલની ચોળીં ગુથવી જ્યાંહાં એક દાહાડો શો થયો બનાવ; એક વાત કરવાનો આવ્યો દાવ ફુલ આપવા ગઇ જાહરે, મુને હુકમ કરયો તાહરે; મુને કહે કાંઈ વતજ કરો, ફુલ માહરા માથામાં ભરો. સતી દાસી પાશે હતી નહી; ત્યારે મેં એવી વાણી કહી, તમારી જુવાની જાયે વહી. કેમ પરણ્યાની કહોછો નાય, ત્યારે તેણે મુને કહ્યુ એમ; તું પરણ્યાનું નામ દેછે કેમ, પુરવ જન્મનો સ્વામી મળશે જ્યહરે, અમો પરણીશું તાહરે. મેં કહ્યું તમોછો સાચી સતી, ને પુરવ જન્મની પ્રીતિ નથી, તમને તેવું કયાંથી જ્ઞાન, તે વાત કહો નિદાન; ત્યારે કસ્તુરાવતી બોલ્યા વચન, આજ તારૂં મનાવું મન, હું કોઇ આગ કહુ નહી વાત; તે આજ બોલુ તારી સાથ. રખે કોઈ આગસ કેહેતી જઈ, પછી વાત માંડીને કહી; માનસરોવર છે જ્યાં તહી, હસલી અવતાર હું ત્યાં સહી. હંશુ હતો મહારો ભરથાર, માંહે માંહે પ્રીત અપાર. જળ મીનને જેમ પ્રીતજ જડી, જુદા રહે નહી એક ઘડી. એમ કરતાં મને થયો એક તન, હરખ નરમાદાને મન, એમ કરતાં પુત્ર મોટો થયો, અમારો હરખ નવ જાયે કહયો. હું લડાવુ લાડ અપરમપાર, તન મન જાણુંછું સરવ કુમાર, શીવ દેવળ હતું જ્યાં, અમો નર નારી રહેતાં ત્યાંય. આવ્યો વાયુ દુબળો સહી, કષ્ટ કેરો પારજ નહી જળ પુરણ ભરાણું ત્યાંય, પુત્ર પડયો તે જળની માંય.

દોહરા—પુત્ર મુજ પડયો સહી, હંસ ગયોતો બહાર પુત્ર પડયો તે જળ વિષે, ગયો ત્યાંતો નિરધાર પુત્ર જતો દીઠો જાહરે, મેં માંડયુ કલ્પાંત તે ફરી પુત્ર દીઠો નહી, આવી ગયો ત્યાં અંત મેં રૂદન કીધું ત્યારે ફરી પુત્ર પુત્ર પુત્ર કરી પોકાર. એટલે હંસ ત્યાં

આવીયો, કેમ રૂદન કરે તું આજ. મેં વૃત્તાંત માંડી કહ્યું, જે ગયો લાકડવાયો તન, એવું સુણી હંસ કળકળિયો, જે ગયો લાકડવાયો તન હાય હાય કરે ઘણું, કુટે માથુ તેવાર, પછે ધીરજ કરીને રહયો મને ધીરજ નહી લગાર. હું લટ તોડુ માથા તણી, કુટુ હઈડુને શીસ ત્યાંરે હંસે મને બહુ પ્રીછવી, કરી મારા ઊપર રીસ. હવે દુખ ઘરે કેમ સોરડી, એ મુવો જીવે નહી કોય, દઇવ ગતછે અટપટી હોનાર હોય તે હોય. માટે છાની રહે તું કામની, રૂદન કરે શું જે જોયું તે સરવે જશે, મોહોડું વેહેલ નિરધાર, વળી તુંને હું જીવતા સહી, તો પુત્ર થાશે ઉત્પન માટે છાની રહે તું, કામની શાને કરે, રૂદન પછી રડતી રહી હું તે સમે, પણુ મનમાં ધરયો વઇરાગ, સંસાર સુખ છોડયુ સહી, જાણે લાગી આગ. એમ થોડા દીવસ ગયા જાહરે, ત્યારે હંસ બોલ્યો વચન, સાંભળ નારી સલક્ષણી આજ મુજને એવું મન સંભોગ કરીએ આપણે, તું નારી ચતુર સુજાણુ, જો પરમેસ્વર કૃપા કરે, તો પ્રગટ થાય સંતાન ત્યારે કળકળી ઘણુ કામની, હંસને કરયો ધિક્કાર; પુત્ર શોક તું નવ ધરે કઠણુ પુરૂષ અવતાર ધીકાર હંસ તુજને તું એ સી બોલ્યોં વાણુ; માહારે સંગ કરવો નહી, નથી જોઈ તુ સંતાન.

ચોપાઇ—કરોધ ચડયો મુજને અપાર, હંસ મેં એ તુજને કરયો તિરસ્કાર; માહારે સંગ રશું સબંધ નહી, તારે ભોગની ઈચ્છા થઈ કેમ સાંભળે નહી તુજને તન, એવુ કઠણુ થયુ કેમ મન; પુરૂષ જાત કઠણુ નિરવાણુ, હવે તજું હુ માહારા પ્રાણુ. સાંભળ હંસ તુમારી વાત, હવે કરૂ હું દેહની ઘાત; હુ મરૂ જઇ આપો આપ, તે હંસ સીર તારે પાપ દવ બળતો તો તેણે ઠામ, ત્યાં ઝંપલાવુ અગ્નિમોઝાર, એ વાત માહારી ખરી કરી, આ રાજ કન્યા થઈને અવતરી તે હંસ પાછો મળે જાહરે, તેને અમો પુછીશું તાંહરે તેની માહાદી જે મળશે વાત. ત્યારે પરણીશું તેની સાથ, એવી વાત મુજને ત્યાં

હાં કહી, શીખામણ તુજને દીધી તહી, એ વાત રખે કો આગળ કરો. સુખે તમારે મંદીર પરવશે એ છાની વાત તમ આગળ કહી; રખે તમે કોઇને કેહેતા સહી, તે માટે હજી કુંવારી કન્યાય. તે માટે પરણાની કેહે છે નાય, કંઇ આવી ગયા રાજાના તન, તેનુ હું બોલતા વચન, અમો પુરવની જાણું વાત. પરણાવો અમારી સાથ, વાત કરેને જુદા પડે. તેનો ધાટ તે રાજા ધડે, માનં ભંચ થઇ પાછા જાય. એમ કંઇક આવી ગયા રાય. તેમ કહીને છાની રહી, ફરી નીશા રાજાની થઈ. એમ કહીને ઠેકાણે ગયા, રાજા વજીર બે રમવા ગયા. કોહો કોહો વજીર હવે સાચી વાત, એ નારી કેમ આવે હાથ. તેનો કાંઈ કરીએ પ્રપંચ. જેમ ના આવે ઊની આંચ. તે ગુણ સ્વભાવ ગુણનો ભંડાર, લક્ષણ પુર્ણ વીસને બાર. રાજા પુરણ છે ચતુરસુજાન. બંને પુર્ણ છે ગુણવાન. બેઉએ વીચાર કીધો તહીં પ્રપંચ વિના કાંઈ મળશે નહીં, રાજાને બીજો વજીર બેઉ જણા ફકીર, હંસા એમ પોકારજ કરે, તે ગામ મધે બેચણ તો ફરે. ભગવાં અંગે ધરયાં, શેલી શીંગા માંહે ભરયાં, રાજા ઉચી રાખે દ્રષ્ટ. ધણું મનમાં પામ્યો કસ્ટ. હાથ પસારી કરે પોકાર. હંસા આ હંસા એમ કરે વારંવાર, તે વજીર સુત સાથે ફરે. રાજ તેતો કારજ કરે, ગલી કુંચી સચળે ફરે. હંસા વાણી ઓચરે.

દોહરા—ગલી કુંચી સધળે ફરે, ચઉટા શેરી બજાર. મેહેલેમેહેલ ઊભો રહે, તે મુખે કરે પોકાર. લોક તેને જોવા મળે, નાનું મોટું સરવ. સરવે રૂપ જોઇ ફકીરતણું. સરવે મુકે છે ગરવ, કેશ છુટા મુકયા સહીં, વીભુતી લગાડી સરવ અંગ. ભગવા કછોટા વાળીયા. તેથી શોભે સુંદર અંગ. નેતરે જળ ભરી કરી કેહે એમ વારંવાર, ઓ હંસા એમ કહે સહી. બીજો નહી ઉચાર. લોક કહે ફકીરને જે જોઇએ તે લ્યો. માગો મોં સામું જોઈ. કારણ મનનું

ત્યારે હંસા એમ કહે; બીજુ નવ કહે વાક્ય, કોઇ બોલાવે ત્યારે એમ કહે; પણ આવે નહી કાંઇ હાથ, એમ રોજ દીન કરતાં સહી. સાંજે આવે માલણ ત્યાંય, એમ દાહાડા ઘણાક વહી ગયા; તવ જાણીતી માલણ થાય, એમ ફરતા ફરતા પરવરયા, જયાંછે રાજ દવાર, ઓ હંસા એમ કહે સહી; તેને જુવે લોક અપાર, એમ ફરતા ફરતા આવીયા. જયાં પુત્રીનો મેહેલ, તાંહાં મેહેલ તળે ઊભા રહી; તાંહાં નાંખે એમજ ટેલ, હંસા હંસા તેમજ કહ્યું. તેતરે બાળી તે નાર, ઊંચી દ્રસ્ટે કરી એમ; કહેતો ફરે ફકીર, તે કુંવરી બેઠીછે બારીએ. ચક નાંખી તે વાર દીઠો પેલા ફકીરને; કેહેવા લાગી નાર. સખી બોલાવી તે સમે, કહેવા લાગી વચન આ ફકીર એ કેઇ કરમાં; શું કહેતા હશે મન, પુછો જઇ ફકીરનેશું છે તમ કારણ, આપણું જે જોઇયેતે આપી. મનાવીએ તેનું મન ત્યારે દાશી આવી બારણે. બોલી મુખથી વત, તે ફકીરને બોલાવીયા; પુછે જોડી બે હાથ, તમારે શું જોઇયે ને શું કહો, શું છે તમારે કષ્ઠ. સાચુ કહો સલક્ષણા; એમ દાશી બોલી સ્પષ્ઠ, ત્યારે રાજકુંવર બોલીયો. ઓ હંસારે વચન, બીજુ કાંઇ બોલે નહી દાશી વિસ્મે પામી મન, નાશી આવી માળિએ. કહે કુંવરીને પેર એ બીજુ વચન બોલે નહી; ઓ હંસા એમ કહે, પાછો ઉતર આપે નહી; તો શું સમજીએ મરમ. જોઇતુ કાંઇ માગતો નથી; એ ધારી બેઠો ધરમ.

ચો.પઈ—તારે રાજકુંવરી બોલી વાણ, સાંભળ દાસી ચતુર સુજાણ; તે ફકીરને બોલાવો તમો, ભેદ તેનો કષ્ઠ પુછ શું અમો દાસી હશીમશી હેઠી ગઇ, જઇ ફકીરને વાણી કહી; તમોને તેડે રાજકન્યાય. કૃપા કરીને આવો તાંહાંય. તે ફકીર એવુ સાંભળી, મન તણી પોતાછે આશ; ફકીર તાંહાંથી ઘરમાં ગયા, તે દાશીને સાથે થયા. બેસાડયા કનક આસન દીઠા બેઉ તે રૂપ રતન; મનમાંથી

તે સમજી નાર; અંદેશા પુછે કરે વિચાર નહોયએ ફકીર સ્વરૂપ નીસ્ચે છે કોઇ પૃથ્વીનો ભુપ; ચક નાંખીને બેઠી નાર, દાશી સાથે પુછાવ્યો વિચાર; કહો ફકીરશું માગો તમો, જે જોઇયે તે આપીએ અમો ; ખાનપાન બે ધનને ધાન, જે જોઇયે તે સાચી કહો વાણ. તારે હંસા કરી કરયો પોકાર. બીજો નથી તેનો વિચાર; તારે નારી મનમાં અચરત થઇ, એ પુરણ દુખ ભરેલ સહી. સાથે બીજો ફકીરછે જેહ, જોયાં કરેછે દ્રસ્ટે તેહ. તેને નથી બીજો વીકર તેને જોઇને પુછયું નાર, કહો આ શુ બોલેછે વચન, તેનુ શું છે કહો કારણ, શું મુખે એ કહે છે એહ, અમો સમજતા નથી કાંઇ તેહ; અમોએ એવુ પુછયું જાહરે, એ હંસા એમ કહે તાહરે, શું જોઇયે છીયે તપે સહી, કહયા વિના કોઇ જાણે નહી. અમેતો સમજીએ નહી નામ; માટે સાચુ કહો આ ઠામ; તારે વજીર બોલ્યો બોલ, તેનું તો ભારેછે તોલ તેની પુરવ જન્મની સ્ત્રિછે જેહ, હંસ કરી સંભળાવે તેહ; ત્યારે દાસી કહે કાંઇ એક અરમ, આય છાત સંભળાવે કરણ.

દોહરો—તાહરે વજીર એમ બોલીયો, સાંભળ નારી વચન; કોશંબા નગરી સહી, રાજા ચીતસેન અભિમાન; તેના તન એછે સહી, તેનું બરોસરાય છે નામ; અમો વજીરના પણ કુંવર સહી. મુજગુણસ્વભાવ અભિરામ, સ્નેહ માહારે નાનપણ થકી; એક એકના એકઠા મન; ખાવું પીવું ખેલવું, કરવુ તે એકઠા સેન, ગુણી પુરૂષ એછે સહી એમાં છે બત્રીસ લક્ષણ. કોરેતો વીવા કીજીએ એના તાતે કહ્યુ વચન માગાં આવેછે સઘ દેશનાં, જ્યાં મનમાને તાંય. પ્રાઉઢો કુંવર જોઇ કરી. પરણાવું કન્યાય; તારે રાજકુંવરે એમ કહયું. મુજને છે અદક જ્ઞાન પુરવ જન્મની મળશે સહી તે લેઇશ કન્યા દાન; ત્યાર વિના પરણુ નહી. મારે એવી બાધાઆણુ હવે નામ લેશો પરણ્યા તણું. તો તતક્ષણ તજશુ પ્રાણ. એમ

કહી બંને જણુ નીસરયા; ધરી મન વઈરાગ; ફકીર થઇ વનમાં ભમ્યા. સંસાર કીધો ત્યાગ દેશ દેશને ગામ ગામ; જોયા ખડ ખડ ઘાટ. તે ધ્યાન એથે લાગુ રહી. ને લાગ્યું એને હાડ, એની નારી મળશે જાહરે. તે શું કરશે વાત નહીતર એ બોલે નહી દે હનો કરશે ઘાત.

ચોપાઇ—ત્યારે રાજપુત્રી બોલી વચન. કહો એના પુરવ જન્મનુ કારણ; ત્યારે વજીર કેહેછે વચન. કેમ કેમ સંદેહ ભાગુ એ મન. ત્યાં નારી કોણુ હતી ખરે. કોણુ પુરવ જન્માતરે; તમો રાજકુંવરી છો સહી. માટે તમ આગળ કહેવાય નહી. તમ આગળ કહેવાય નહી. તમ આગળ સાચુ કહીયે જાહરે. કદાસનતમો એમ કહો તાંહરે નીસ્ચે હું પુરવ જનમની નાર. માહારો નિસ્ચે એ ભરથાર. જય રે એનુ ભાગે વટત. તે વેળાએ પામે ગરત. માટે તમ આગળ કેમ કહેવાય. તેવુ કહીને રહો છાનાય. તારે રાજકુંવરીએ આપ્યા શામ જુઠુ અમે કેમ બોલીયે વચન તારે વજીર કહે શું સમજો તમો; એન કહી નારી પરણવા કાજ જુઠુ બોલતા નવ આણુે લાજ માટે તમને કહુંછુ અમે. એ વાતની રીસમાં કરશો તમો. તારે નારી બોલી ફરી મુને વાત કહો વિસ્તારી કરી તેમાં રીસ મુજને ના ચડે; સાચુ કહેતાં કોણુજ વઢે; તા વજીર બોલ્યો વચન. કહુ તમને પુરવ જન્મનુ કારણ. માનસ વર પાસે વન સાર ત્યાં હતો હંસનો અવતાર. તેની નારી હંસણી સંહી તેનો જીવ એકેનાજુદો નહીં; ઘણી પ્રીત તેને અપરમપાર, તેને એક થયો કુમાર. લાડકવાયો ઘણો તે બાળ.મા બાપને મન ઉપજે વાહાલ. એક દિવસ શું થયુ વિઘન. જળ મધે પડયો તે તન. તાહાં વરટી થઇછે અપરપાર વાયુ તાંહાં ઘણો થયો સાર. તળે પાણી હોય અદકુ ઘણું. કુંવરનુ તેમાં મ્રત્યુ થયુ નારીએ ખહુ કરયું રૂદન. દુખીઆ થયા બે જણુના મન. પછી

હંશે વારી નાર. મુવા પુત્રનો શો વિચાર, થોડા એક દિવસ ગયા જાહરે. એમ હંસ બોલ્યો તાહરે, આવો નારી પાશે સહી; આપણે સંભોગ કરીએ અહીં, આપણ બંને જીવતાં છીએ નાર. તો વળી ઘણા થશે કુમાર, એવી વાત કહી જાહરે, હંસણીએ કરોધ કરયો તાહરે, ધીક ધીક પુરૂષનો અવતાર. હંસનો કીધો તીરસ્કાર મુવા પુત્રનો શોક ન ધરો તંન; કેમ થયુ સંભોગનુ મન. હંસણીએ વીચારયું તાંહાંય. પડી દવ બળતો તે માંહ, હંસની વારી તેન વ રહી; અગનીમાં હંસણી બળી ગઇ, ત્યાર પછી હંશે કરયો વિચાર. ફરયો દવ પછવાડે ફેરા ચાર, પેલે ભવ એ નારી મહારી થજો; મને ગ્નાંન આ ભવનુ હજો, એમ કહી પડયો અગ્નિ માંહ. તરત બળી ગયોછે તાંહ, તહાંથી થયો ચિત્રસેનનો તન; તે નારી બોલે વનો વન, એ નારી એને ગળશે જાહરે; તેની સાથે બોલશે તાહરે એ થઈછે તે કહીછે વાત, જુઠું નાં બોલુ તમ સાથ.

દોહરા—એ વાત નારીએ સાંભળી, તતક્ષણ થઇ અચરત; સાસોરવાસ કાંઈ છે નહી, નેત્ર થયાં દોસ્ચેત. હઈએ દીવો જામીયો વહી આંસુની ધાર; બે ઘડીએ મુરછાવળી, ત્યારે બોલી તે નાર. ધન્ય ધન્ય ઈસ્ટદેવ તુજને, ધન્ય તુ કીરતાર; નારી હરખી અતીઘણુ મળયો પુરવ જન્મનો ભરથાર. ચક છોડી નાંખ્યો તહી જળ હળ નીકળયુ તેજ; આભ મધે જેમ વીજળી, તેવુ દીઠ તારૂણીનુ તેજ.

છપ્પા—જળ હળ ઝળકયું તેજ, એજ તારૂણી જોઇ; ધરણ ઢળયો રાજન, શુધ બુધ સરવે ખોઇ. તે વજીરે જોઈ નાર, ચમકી ત ચીતમાં લાગ્યો; પડયો ધરણ મોઝાર, પડયો તેવો તે જાગ્યો. રાજાને પણ આવી, શુધ બુધ ઠેકાણે લાવી; વજીર ઊઠાડયો તરત, સાન માંહે સમજાવી. મોતી થાળ નારી સરી વધાવ્યો રાજા તહી; પાએ લાગી પદમણી, પછે કર જોડી ઊભી રહી.

ચોપાઇ—મોતીએ વધાવી લીધો રાય, કરજોડી ને લાગી પાય;

આજ મરી ભાગીછે ભરાંત. મળયું પુરવ જન્મનુ વરતાંત. રોજ દીન વાટ જોઉછું, દુ:ખ થકી દાહાડા ખોઉછું; એ મારા પુરવનો ભરથાર નીસ્ચે હંસ તણો એ અવતાર. તમો એમ જાણો ભરથાર, જે જુંઠુ બોલતી હોશે નાર; પણ જુઠુ બોલું તો ઇસ્વરની આણુ મુને પુરવ જન્મનુ ગ્નાન. માહારા બાપે મુને પરણાવવા કરી, ત્યારે મેં ના કહી ફરી ફરી; મહારો પુરવ જન્મનો મળશે સ્વામ, તેની સાથે છે મારે કામ. તે સઉ જાણે નગરના લોક, મીથ્યા નથી બોલતી હુ ફોક; આ પુછો દાશી સાહેલ્ની જન, હું મીથયા નથી બોલતી વચન. એમ કહીને છાની રહી, કરજોડીને ઊભી સહી; પછી બોલ્યો રાજાનો તન. સાંભળ નારી મારૂ વચન તુ જાણે તારા મનનો વીચાર, સાચુ બોલુંછું હું નાર; તે નારી માટે તજયોછે ભોગ, રાજ તજી લીધો જોગ. માહરૂ મન પરસનજ થયું, જ્યારે વચન તમે સાચુ કહ્યું; હવે ચેતાવ તારાં માતને તાત, વીસ્તારીને કહો તે વાત ત્યારે નારી કહે સાંભળ રાજન, એક પુછુરે તમને વચન; આજ પુરી પડી અમ આશ, આ નગરમાં રોહો કોણ વાસ. હવે મન બહુ મળવા થાય, ધીરજ રાખી હવે નહી જાય; ત્યારે બરાસ બોલ્યો રાય, હમે રહિયે માળી મંદીર માંહ. હવે અમને આગના દીજીયે, હવે પંથ હમારો લીજીએ; અમો માળી ઘેર રેહેશુ રાત તું તહારા બાપને કરજે વાત.

દોહરો—વારૂ કહીને તે ગયા, ને આવ્યા માલણને ઘેર; તે પરે મદા હરખે અતી ઘણી, પછી શી કીધી પેર. માને તડાવી મેહેલમાં કહી માંડીને વાત; આ ફકીર બે નગરમાં ફરે, તેમાં એકછે માહારો નાથ. એ હંસા જે કહે સહી, ઊંચી રાખી દ્રષ્ઠ; એમ કહી મુજને શોધે સહી, ઘણું એક પામેછે કસ્ટ. હંસ સાથે હંશણી હુ હતી, પુરવે માહારો તે ભરથાર; એ હંશ ત્યાં હતો સહી, ધરયો બે જણે અવતાર. હું અવતરી આ દેશમાં, તમો માત ને તાત; કરવ

રાત્રતી નામ તમે ધરયું, હું બોલતી નાથ. એક કસુંબા નામે નગ ર છે, ત્યાંનો ચિત્રશેન રાજન; તેને પેટ જે હંસ આવીયો, થઈને તેનો તન. બરાસ નામછે તે તણુ, તેને પણ પુરવેનુ છે ગ્નાન. માત તાત પરણાવવા કરે, ત્યારે ના કહી સંતાન. મારી પુરવની નારી મળશે જાહરે, તારે પરણીશુ તાત; હાલ નામ લેશો પરણાતણું, તો કરશુ દેહની ઘાત. ત્યારે માત તાત બોલ્યા નહી, ધરયું પોતાને મન; એ વજી સુત તેનો મિત્રછે. તે બન્યો નિકળયા વન. તે નગર દેશ જોતા સહી, એ હંસા કરે પોકાર; ફકીર વેશે બંને જણા બાળે બહુ સંસાર ફરતો ફરતો આવીયો, આપણા નગર મોઝાર. તારે મે તો બોલાવ્યો માળીએ. પુછીયે સઊ સમાચાર તેણે અથ ઇ તિ સરવે કહ્યું, પુરવેનુ વરતાંત. નીસ્ચે થયો મારા મન વિશે હવે ભાગી મનની ભરાંત. માટે અમને પરણાવો માવડી, ઝાજુ કહેશું થાય; તે ઊતરયો માળી મંદીરે, જઈ ચેતાવો રાય વાત સાંભળી કુવરી તણી, હઈડે હરખ નવ માંય. હવે પરણવુ દીકરી, એમ કહીને મેહેલમાં જાય. જ્યારે રાજા ઊઠયો સભા થકી, આવ્યો મેહેલ મોઝાર. ત્યાંરે રાણી ઉઠી ચરણે નમી, વીનંતી કીધી ત્યાંહાં. આજ મનમાન્યુ કુવરી તણુ, ભાગી મનની ભરાંત. મને મેહેલમાં તેડાવી કરી, કહ્યુ સરવે વરતાંત. મારી પણ નીશા થઈ, તે જુઠી નહી વાત. પેલા ફકીર એ શેહેરમાં ફરે, કહે હંસા પસારી હાથ એ કોસંબા નગરી તણો, ચીત્રશેન રાજન. તે શોધવા નિસરયો હંસા નારને, તેછે તેનો ભરથાર.

ચોપાઇ—રાજાનું પણ હરખ્યું મન, સાંભળી નારી તણું વચન કાલે પંડીતને તેડા દઊ માન, શુભ દિવસ જોઇને દેઊ કન્યાદાન. પ્રધાન મોકલીશુ માળી આવાસ, તેડાવીશું સભા મોઝાર; પછે શુભ મહુરત જોઇ કરી, પરણાવી આપીશુ દિકરી એમ કહીને સુતા તે રાત દિવસ ઉગ્યો ને થયો પ્રભાત; સભામાં આવી બેઠા રાજન,

એટલે ત્યાં આવ્યા પ્રધાન માન દઈ બેસાડયા કને, પાસે બેસાડી વાણી ભણે. આજ પુત્રીનુ માન્યુ છે મન, પેલા ભવનો મળયો સ્વામીન. માટે તમો સેના તઇયાર થાઓ, માળી તણે મંદિરે જાઓ પેલા ફકીર ગામમાં ફરતા જેહ, એ બે જણ ત્યાં ઉતરયાછે તેહ મેઘાડમરપર બેસારો જઇ, વાજા વાજતે તેડીલાવો અહીં. કેહે પ્રધાન એ સારી વાત, હું મનમાં થયો રળીયાત. લેઈ સેનાને તતખર થયો, તે માળી તણે અવાશે ગયો, ત્યાં જઈને કરયો પ્રણામ, ચાલો તમને તેડે રાજન. આ ફકીર વેશ મુકી દીજીએ, રાજ વાધો આપણે લીજીએ. સુંદર અંગે ધરો શણગાર, પધારીએજી રાજ દુવાર. ત્યારે રાજા હરખ્યા મન મોઝાર બે જણ મળી કરયો વિચાર. અશનાન કરી સુંદર થયાં શરીરે. બે જણ જાણે બાવન વીર વસ્તર મોકલ્યાછે તેહ; આપ અંગે ધરયાં છે જેહ; મેઘાડમર પર બેઠા રાય, જેમ તારા મધ્યે ચંદ્રમાય. વજીર અરવે થયો અસ્વાર, વાજીંત્ર વાગે અપરમપાર; તેનું સારધર એવું નામ, રાજા તણો જેછે પ્રધાન. નોબનો નગારાં ગડગડે, ઢોલ તાંસા તડતડે. નાંહાનું મોટુ નગરમાં છે જેહ, જોવા મળયું છે સરવે તેહ. તે બેઠા ત્યાં ચમર કરે, નીશાન જે નેજા ફરફરે; ફસ્તુરાવતીનું ભાંગ્ય ભળયું, પેલાભવનું હવે ધન્યજ મળયું આ પેલા ભવ તણો ભરથાર, ધન્ય ધન્ય એ બેનો અવતાર; જેવું કસ્તુરાવતીનુ રૂપ, તેવો ઈંદ્ર સ્વામી ભુપ. તેમ નગરની નારી કરે વખાણ, બન્યોછે તે ચતુર સુજાણ; તેમ કરતાં આવ્યા રાજદવાર, રાજા ઉઠયો તેણી વારર. હાથ પકડયો ધરી ઉલાસ, બેસાડછો પોતીકી પાસ; વજીર પાસે બેઠો જઇ, અન્ય વાત પોતીકી કહી તમો આવ્યાથી હરખ્યા અમો, જીવતદાન દીધુછે તમો, એમ પુત્રીનુ માન્યુંછે મન, અમો જાણુંછું તનમન ધન. તમો મોટા રાજાના કુમાર, અમારા ભાગ્ય તણો નહી પાર, હવે શુભ લગ્ન જોઈ કરી, પરણાવી આપુ દિક

રી. ઘણુ સંતોકી દીધા માન, આપ્યાં બીડાં ફોફલપાન, પછે જોસી તેડાવ્યો રાજન, કર જોડીને પુછે વચન. તમો રૂડો દિવસ શોધી કાહાડીએ, અમો વીવાહ જગન માંડીયે; આ બરાસરાય ચીત્રસેન નો તન, કસ્તુરાવતી રૂપે રતન. તે બંને પરણાવશું અમો, રૂડો દિવસ ખોળી આપો તમો; ત્યારે જોસીએ નિરધારયું, પછે રાજા આગળ વચન કહ્યું. આજ થકી રૂડા માસજ ત્રણ, ત્યાર પછે રૂડો છે દન: વઇશાક સુદ ત્રતીયાને સોમવાર, રૂડો દિવસ છે નિરધાર તે દિવશે લાવો લીજીએ, કન્યાદાન રાએ દીજીએ. સાંભળતામાં હરખ્યુ મન, જોશીને આપું બહુ ધન્ય.

દોહરો—લગન નીસ્ચે કરયું રાયજી, વળાવો દેઈને માન; ગોળ ઘણા વેહેચાવીયા, વેહેચ્યાં ફોફળ પાન. નગર મધે જણાવીયું. વીવાહ કેરી કરી વાત; કસ્તુરાવતીને પરણાવશે, બરાસરાયની સાથ. હરખ્યા લોક તે મન વીખે, રૂડુ કીધુ કમ; કસ્તુરાવતી મહા ચતુર છે, તેવો છે એ રાજન. પછે માન દઇને વળાવીયા, માલણ તણે આવાસ; વાજતે ગાજતે આવીયા, ફળી મનની આશ. ત્યારે રાજા હરખ્યો મન વીખે, કહયાં પ્રધાનને વચન; હવે લગન સામાન તતબર કરો, ખરચો અદકુ ધન્ય. રંગ મંડપ તતબર કરો ચીત્રવો ચોપાસ. મંડપ રચના અદકી કરી; જેમ પોહોચે મનની આશ, એમ દિવસ વહિ ગયા. આવ્યો લગનનો દિવસ સાર, મંડપ રચાવ્યો મોકળો; થઈ રહયો જેજેકાર, પીઠી ચોળાવી પ્રિતશુ માનુંની મંગળ ગાય ઢોલ ઢમકારા વાજતે; રાજા પરણવા જાય, સાએલા ભલી ભાતના, વરરાય અરવે અસ્વાર, નાહાનું મોટુ નગરીનું; જોવા ચાલ્યા નરનાર, કોઇ મેહેલ કોઇ જાળીયે. કોઇ નીરખે સોય, કોઈ ઓટલે કોઇ ઘરમાં કોઈ બાહાર, મુખ જોઈને હરખે સહી બંનો સરખી જોડ, ગુણ લગન પુરણ સહી; કસી વાતમાં નહી ખોડ, મંડપે વર આવીઓ. સાસુજી પોખે શોએ, કુમ કુમ તીલક ભાલે કરયું; પોંખી તા

ગ્યુ નાક, માહેરામાં પધારાવીયા. વીપ્ર ભણે સાવધાન, કપુરસેન રાજા સહી; આપે કસ્તુરાવતીનું દાન, હરખ ઘણો આપે ઘેર. નરનારી ર ળીયાત, પરણી ઉઠયા બન્યો પ્રિતસુ; વધાવા સરવે સાથ, ગોત્રજ ની પુજા કરી. વીપ્રને લાગ્યા પાય. દાન દીધા બહુ અતી ઘણા; માનુની મંગળ ગાય, ખાન પાન અદકાં કરયાં.ભોજન કરાવ્યું ગામ વાજતે ગાજતે લાવીયા; વહુ વરને તે ઠામ, એક મેહેલ આપ્યો રાયજી, પુત્રીને રહેવા કાજ; શેવક દાસ આપ્યા ઘણા, તેમાં રહ્યા પોતે રાય. ત્યાં ખાનપાન કરે ખાંતથી, કરે મન ગમતો ભોગ; બન્યો તે સુખ ભોગવે. રૂડો કરે સંજોગ, રાજસભામાં આવે સહી; ત્યારે રાજા દે બહુ માન, આદરમાન સરવે લોકો કરે; રાજા રઇયત પ્રધાન

ચોપાઇ—એમ રોજ સભામાં આવીને જાય, રાજાને મન હર ખ નમાંય; એમ કરતાં વરસ ગયાંછે ત્રણ, ત્યારે રાજાએ વીચારયું મન. એક સમે બેઠા નરને નાર, હાશ વીનોદ કરેછે અપાર; ત્યારે રાજાને સાંભર્યાં માબાપ, ઘણું દુઃખ પામ્યો તે આપ નેતરે; વહી આંસુની ધાર, નીસાસા મુકે અપરમપાર; ત્યારે નારી વળી બોલી વિચાર, શું દુઃખ પડયુ તમને ભરથાર. શો મનમાં થયો ઉચાટ, ત્યારે રાજા કહે સાંભળરે નાર; મારા દુખનો નહી આવે પાર, મા બાપ અમારાં રહ્યાં કાંઇ સુંદરી અરથે આવ્યોછું અહી, તે મારા વિયોગે તજશે પ્રાણ; વાત કરતાં થાશે હાણ, માહારી જે પ્રભાવતી માત. તે અમ વગર જીવે નહી જાત, તે આજ મુને સાંભર્યાં મા બાપ; તેથી દુઃખ ધરૂછું આપ.

દોહરા—નારી કહે દુઃખ કાં ધરો, કહુ મારા બાપને વાત; ચે- તાવુ મારી માતને, હું આવુ તમારી સાથ. કસ્તુરાવતીત્યાંથી પર વરી જ્યાં પોતાનો તાત; વાત કહી જવાતણી, જ્યાં પોતીકી માત ત્યારે માત તાત હરખ્યાં ઘણું, પુત્રી સુખે તતબર થાઓ; સાતસે જોજનનું વિમાન છે, તેમાં બેસીને જાઓ. પ્રાણધર આપણા ઘર વિ

એ, રાખ્યો કરી જતન; તેની પાસે વિમાનછે, તે જાય સાતસે જો જન પુત્રી પધારો સાસરે, એમ કહીને માતા રોય; આળે બેસારી ચુંબન કરે, ફરી ફરી સામુ જોય. નમણા જમણી તું થજે, રાખ જે કુળ વેહેવાર; ગરમ થતી નહી દીકરી, નરમ થઇ રાખજે ભાર દીકરી તે ધન્ય પારકું, વસાવે પારકુ ધામ; અમો પાળી પોસી મો ટી કરી, તે બરાસરાયને કાજ. પછે જવાની સજાઈ કરી, રાજા બો લ્યો તે વાર; પ્રાણધરને બોલાવીયો, કહ્યું તમે જાઓ તઈયાર. વી માન તમારૂ સજ કરો, પુત્રી જમાઇને કાજ, તેનાં માબાપને સોંપો જઇ, જ્યાં ચિતરસેન માહારાજ. ત્યાં પ્રણામ કહેજો માહારા જઇ, જ્યાં રાનસેન ભુપાળ, અમે ભાગ્યશું વખાણિયે, કુંવરીપરણીતમ બાળ.

ચોપાઈ—કસ્તુરાવતી બોલી વચન, સાંભળિયે મારા સ્વામીન. એ ક પ્રાણધર નામે સુતાર, હમારા બાપે કરયો વિચાર. તેની પાસેછે વીમાન, શું કરૂં તેનુ વખાણ. તે ઉડી જાય સાતસે જોજન, તે ગુણ જોઇ હરખ્યા રાજન, ત્યારે રાજા સમજ્યો મન, પોતીકા વજીરને કહ્યાં વચન. આ પ્રાણધરની કહેછે વાત, રખે હોય દેવધ રનો ભરાંત. એક વીમાન છે આપણી પાસ. ચારશે જોજનમાં અ વાસ. પછે પ્રાણધરને બોલાવ્યો પાસ, વાત પોતાની કરી પ્રકાશ. સાતશે જોજનનું વીમાન છે જેહ, તમો કયાંથી લાવ્યા તેહ. ત્યારે તેણે કહ્યું સઊ વરતાંત, ભાગી ખેઉજણની ભરાંત. પ્રાણધર કહેસાં ભળ વાત, એ વીમાન ઘડયું મેં હાથ. એક દેવધર નામેબીજો ભાઇ તેની કહુ તે શી વડાઇ. ચારસે જોજનનુ છે જેહ, દેવધર પાશેછે વળી તેહ, સાતસે જોજનનું માહારી પાસ, અમો આવી રહ્યા રા જાને અવાસ, ભાઈ અમારો દેવધર છે જેહ, તેવીના દુખીયાંછીયે દેહ, વીજોગ પડયો તેની સાથ, તેવી પ્રાણધરે કીધીછે વાત.

દોહરા—રાજા કહે પ્રાણધર સુણો, શીદ વેઠોછો આવડું દુખ. અમો મેળવું તમારા ભાઈને, શીવજી કરશે સુખ. અમને ભાઈ મ

ળયાં હતાં તમ તણા, તે વાત સહુ પ્રકાસ. ચારશે જોજનનું વી-
માન છે, તેછે અમારે પાસ. સાંભળતામાં હરખ્યો ઘણું, ધન ધ-
ન્યરે રાજન. આજ બાંધવનો મેળો થયો, પછે સાચુ કે સપન. ત
તબર થયાં વળી તે સમે, રાજા કરે વીદાય. રાજાએ ધન બહુ આ
પીયું, પુત્રી વળાવી ત્યાંય. સાતસે વાળાપર બેઠાં સહી, નરનારી
બે સાથ, વીમાન બે તઇયાર કર્યાં તે કહુ વસ્તારી વાત; પ્રાણધર
ને વજીર સહી, તે ચારસેપર અસ્વાર. આજ્ઞા માગી રાયની, જબ
થયાં તઇયાર. મા કહે દીકરી સાંભળો, કહાવજો કુશળ ખેમ; જેમ
જળવીનાની માંછલી, હું તુજ વીનાની તેમ. એમ કલપાંત કીધુ ઘણું
મુખે નવ બોલાય, સીતા પણ એમ પ્રીછવે ગળગળિત થઇ જાય.
વળાવી પાછા વળયા પ્રધાનને સહુ લોક, રાજસભામાં સહુ આવી
યા, પરહરો પાછો શોક.

ચોપાઇ—હવે એ વાત એટલેથી રહી પેલા વીમાનપર બેઠા જઈ
સાતશેં વાળુ વીમાન, તેપર બેઠો રાજન. સાથે બેઠી કસ્તુરાવતી,
તે બેની શોભાનો પારજ નથી. ચારશેંવાળુ છે જેહ, તે ઉપર પ્રા
ણધર બેઠો તેહ. સાથે બેઠો વજીરનો તન, તે રીતે ચાલ્યા ચારેજ
ણ. ભરદરીએ ચાલ્યુ જેટલે, શું કઉતક થયું તેટલે, શો જોજન જયા
રે તે ગયા, ભરસમુદરમાં તે તો આવીયા, ત્યારે રાજાયે વિચારયું ખ
રું, મહારૂ વીમાન તે આગળ કરૂ. તેમ વિચારી ખેંચી દોર. કી
ધું રાએ અદકુ જોર; વીમાન સડસડાટ ચાલ્યુ જેટલે, પ્રાણધરે જો
યુ તેટલે. તે મહારાથી આગળ જાય. મહારા કીસબથી આગળ થા
ય. માટે તેને આગળ જવા કેમ દેઉ, પલક એકમાં પકડી લેઊ.
તે પણ કળાસી મરડી સહી. ચાલ્યું તેની ખબર ના રહી રસ્તેચા
લ્યા જેટલે. માંહો માંહે અથડયાં તેટલે. રાજાનુ વીમાન ભાગી ગ
યું. એટલામાં શું કઊતક થયું. હાંહાં એમ કરયો પોકાર. વીમાનું
પડયું દરીયા મોજાર. હાંહાં એમ કહ્યાં વચન. વીમન ગયુછે દસ જોજ

જન એ રાજા રાણી બે જળમાં ગયા. પેલા જણુ મારગ વાંહય નારી જળમાં પડી જેટલે એક મછે ગળી તેટલેતે મછ ભર જળ મંહે ગયો હવે રાજાનો ઉપાય શો થયો; અથાગ જળમાં પડયો છે સહી, વીમાન તો પડયું છે તહીં, ભાગ્યું પણ લાકડું કેહેવાય, તેને વળગી પડયો તે રાય; જીવ્યાની આશા મનમાં નથી, પણ ધીરજ રાખી સરવથી. રૂદેમાં સમરયા શ્રી ભગવાન, તુંહી તુંહી એમ ધરે છે ધ્યાન; તું મને ઊગારે સ્વામ, સમુદ્રમાં પથરા તારયા રામ. તું જળને સ્થળ કરે, ને સ્થળને સ્થાનક જળ, કરે એમ સાત દીવસ ને સાતે રાત, દુ;ખ વેઠયું રાજાની જાત. આઠમો દીવસ થયો જે ટ,લે બેટ એક આવ્યો તેટલે; લાકડું તણાઇને આવ્યું. તહાં, જહાં બેટ એકછે જ્યાંહાં. બેટ ઊપર નહી કોઈ જન, એકલો જઈ ઊભો રાજન; ચારેપાસ જળ દેખાય ઉપર તો વાદળ જણાય, કહાં કસ્તુરાવતી માહારી ગઇ. ને માહારી આ શીગત થઈ, કયાં ગયો માહારો પ્રધાન; જે ગુણસ્વભાવ છે ગુણવાન, હવે હું કયાં જઉ ને કયાં રહું આ બેટ ઉપર તે શું ખાઉ, જુવાળનું પાણી આવશે જેટલે; બેટ ઊપર ફરી વળશે તેટલે, કોણ હવે મુને રાખણહાર. એમ ચિંતા કરે રાજકુમાર, એમ બાપડો થઇને સઘળે ફરે, કસ્તુરાવતીનું ધ્યાનજ ધરે, મહારી નારી તે કયાં ગઈ. એ રતન રાંક હાથે છાજયુ નહી, હાય મેં જુઠો કરયો વિચાર; પ્રપંચે પરણ્યો હું નાર, મેં જાણ્યું મારી થઈ નાર. હવે એ નારી કયાં જનાર, મેં પેલા ભવની વાતજ કહી; ત્યારે મુને પરણી સહી, પેલા તપસીએ મેણું દીધું જેમ. કસ્તુરાવતીને પરણ્યો તેમ, તે હું પરણ્યો પ્રપંચે કરી; ગઈ જોતામાં હરખ સુંદરી, મેં જાણ્યું તપસીને લાગુ પાય. દેખાડુ કસ્તુરાવતી કન્યા, મારૂ ધારયું તે કયાં ગયું; ઇશ્વરનુ ધારયું તે આગળ થયું, એમ કરીને કરે રૂદન, કોણ સાંભળેતેનું વચન.

છપ્પા—કરમ વશ સંસાર, કરમેથી કીરતારજ ચાલે; કરમ

ડાહાપણુ ચાતુરી, કરમથી મહીમા માહાલે, કરમથી મળે શુભનાર, રાજ પણુ કરમથી પામે; કરમથી ગુણ લક્ષણ, દુઃખ સઉ કરમથી પામે. કરમથી માન પામે ઘણું, કરમથી સહુ કરજોડી રહે; સુખ દુખ એ કરમ, સામળભટ સાચુ કહે કરમથી પૃથવીપર રાજ કરમથી ભીખજ માગે, કરમથી વાહન બેસનાર, કરમથી દોડે ઘોડાના આગે; કરમે ડાહ્યાજન ભોગવે સઉ, ઘેલો કહેછે કરમે સઉનો પાલણ હાર. કરમે સઉ આધીન રહેછે. કરમ કરે તે કોઈ નવ કરે; સુખ દુખ હાણુ વરધ સહી કરમે કસ્તુરાવતી મળીસહી કરમે કરી આવ્યા અહી.

દોહરા—એમ કલ્પાંત કુંવરજ કરે, પછે વિચારૂ મનશું જ્ઞાન; નાગે મુજને કહયું હતું તેનું ધરીયું ધ્યાન, ઈષ્ટદેવ તું મહારો, હું તારોજું બાળ; કસ્ટ પડયું મને અતીઘણું આવી કરો સંભાળ; તમે મુજને કહયું હતું સંભારો એ વાત, કષ્ટ પડે મુજને સંભારજે તે આવી કરો સાહાય. એમ અસ્તુતી કીધી ઘણી. પ્રસન થયો તે નાગ; એક દોરો ભણી હેઠે નાંખ્યો સહી, ફલ્યુ કુંવરનું ભાગ્ય. દોરો લીધો તે કુંવરે, મનમાં વિચારી વાત; આ દોરો કયાંથી આવીયો ઈહાં કોઈ નથી માનવની જાત. તે દોરો લીધો હાથમાં, બહાં બેડાં કીધી રમત, પગ અંગુઠે બાંધ્યો સહી, એટલે થઇ ગયો પોપટ. તેવો ઉડયો ગગનમાં, ચીત ધરી ઉલાસ, હવે મોત થકીતો ઉગરો એમ કહી ચાલ્યો આકાશ, એ વાત એટલેથી રહી, કહું નારીની નેટ; તે સમુદર માંહે પડી તે ગઈછે મછને પેટ તે મછ ત્યાંથી ચાલીયો એક જોરાવતી નગરી મોઝાર. ત્યાં ઢીમરે જાળ નાંખી સહી આવીયુ તે ફાંદા માંહય, તે નગર પોતીકે લાવીયો, તેનું વધ કરયું છે ત્યાંય માંહેથી સ્ત્રી નીચળી તે અધસસતી છે જાણુ, સ્વાસોસ્વાસ કાંઈ છે નહી ઘડી બેઘડીએ જાશે પ્રાણુ એવી અવસ્થા જોઈ નારીની, ઢીમર લાવીયો રાજભોવન શેવક મોકલ્યો પોતાતણો મોકલી

ત્યાં શુખપાલ. તેડાવી પોતાકને જોયા તેના હવાલ; રૂમાંભારી શેક કરાવીયો. તણ દીવસ એમ સાર. જીવ શાંતી પામ્યો સહી, ત્યારે કાંઇ ચેતના થઈ નાર, ત્યારે ઉઠવા બેસવા માંડયું, ત્યારે રાજા હરખ્યો મન, એમ કરતાં પ્રભુ કીરપા કરે; તો સારી થાય સ્ત્રીજન; ઓસડવેસડ કરે અતીઘણાં એમ કરતાં માસ થયા છે ચાર, ત્યારે બોલે ચાલે સહી. સાજી થઇ તે નાર. માત તાત તમ કોણ છે કોણ તમારો છે ભરથાર, કોણ દેશમાં રહો તમો તે સાચી કહોને વાત જો જુઠી વાત બોલો તમો તો ઈસવરની આણ. ત્યારે નારી કહેન રપત શુણો, મારા કરમની કાણ કપુરસોભાવતી દેશ માહારડો ત્યાંનો કપુરસેન રાજન કપુરાવતી રાણી સહી તેહતણી હું તંન કસ્તુરાવતી નામછે માહરૂ લાડકવાઇ અપાર માત તાતને વાહાલી ઘણી મુને બહુ લડાવે લાડ. સવાસેર કસ્તુરી ચોળી કરી નીત્યે હુંતેનાહું. મારા બાપ પરણાવવા કહે પણ મનમાં હું ના ચાહું, પુર્વનું ગ્નાન મુજને હતું, તે મળ્યા ભરથાર; તે ચીત્રસેન રાજાતણો, બરાસ નામે કુમાર. તે પરન્યો મને પ્રીતથી, સાસરે જતી હતી સાર, વીમાન હતું લ ભાગી પડયું, ભર દરીયામોજાર. તે કંથને હું કામની પડીયા અરણુવ નીર; સ્વામી મારો દુખીયો થયો જે હતો બાવનવીર મને ભાન મારૂં નથી, જે કયાંથી આવી આ ઠામ. કોણ દેશ કોણ રાજા તમો શું છે તમારૂ નામ

ચોપાઈ—ત્યારે રાજા તે વીસ્મે થયો વળતો બોલ કુંવરીને કહયે. અરે બેન તું લાડકવાઇ કપુરસેન હતો મારો ભાઈ. તેતો મારા કાકાનો છોકરો સાર. પીત્રાઈ છે પણ મીત્રાચાર. તેની પુત્રી કસ્તુરાવતી અરે બેન તારી આશી ગતી. અમ ઉપર બહુ રાખે હેત, સોંપે તનમન ધન સમેત, તારૂ મુખ જોવા પામે નહી લોક. તેની ગતી આમ કેમ હોય, રાણી બાઇ આવી તે ઠામ. સુલોચના છે તેનું નામ. તેણે સાંભળયુ એ વરતાંત અતીશે માંડયુછે કલ્પાંત

રાજા પણુ કરે રૂદન તે મન ધરે જુગજીવન ત્યાં નહી રાણીનેબાળ તેના શા હવાલ. કસ્તુરાવતી કરે રૂદન, હાય કયાં ગયા મારા સ્વામીન. અમારા હઈડાનો હાર, પ્રીત અતીશે અપરંપર. મહારે એની સાથે છે કામ કયાં ગયો એ મારો સ્વામ. તોડે કેશને હઈડુ હણે બરાસ બરાસ મુખેથી ભણે સહુએ મળીને પ્રીછવે નાર. કાલે મળશે તાહરો ભરથાર, પરમેસ્વરે બચાવી તુને આવી મળી કુટંબ સહુને, તે પરમેસ્વરે કરી હશે સાહાય કાલે આવી મળશે ત્યાંહય એમ વિનવે નમરના લોક, પણુ સોચે નવ ટળે શોક. પછે વિચાર્યુ કસ્તુરાવતી, ધીરજ માહારી રેહેતી નથી. હવે સંભારૂં શીતાપતી રામ. તે મેળવશે માહારા સ્વામ પછી નારીએ એવું કીધું તહી. રૂદન તજીને છાની રહી. રાજા તે કહું પ્રાયે ઠામ. માહારૂં એક કરોની કામ.

છપા—પુત્રી કહે શુણુ તાત, વાત એક માનો મારી; સ્વામીને વીજોગે જોગ ભોગ શા કામનો ભારી, સણગાર સજુ નહી અંગ સંગ નહી સાહેલી. આ મેડા મેહેલ અવાસ સહુ જાએ મેલી. ખાન પાન ધન ધાન, તે ઉપર નવ ધાવું, સવાશેર જવનો લોટ, તીજે દાહાડે ખાવું. કાથો રંગને રાગ, અંજન મંજન કરવું નહી. મહારો સ્વામી મળશે જાહરે તાંહાં લગી કરવા નહી એક સફેદ વસ્ત્ર ધરવું અંગ સંગ રાખુ જપ માળા ધરૂ શમુદરનું ધ્યાન શુખકોણ આપે ટાળા હું તજુ મુખ તંબોળ બોલ માનો આ સાચો, મને સ્વામીનો પડયો વીજોગ કરમનો અક્ષર કાચો શ્રી રામજી કરૂણા કરે હું કહું તેમ કરવું શહી. જ્યાં શુધી સ્વામી મળે ત્યાં શુધી પાળુ અહી, એક નવુ કરી આપો વાહાણુ, સત સાહેલી દો સાથે રહુ દરિઆની માંહે, અવધ સ્વામીને હાથે તુહી તુહી કરે સ્વાસોચ્છ્વાસ મુખ વાણુી એવી ભાખુ; એવું કહીને નાર રહી ગઈછે છાની, સાંભળી રાજાએ તે વાણુ. વાત કુંવરીની માની, એક વાંહાણુ નવું

કરાવી આપ્યું, સત સાહેલી સાથે સમુદ્ર વચે સુદરી, કસ્તુરાવતીને માટ.

ચોપાઈ—હવે એ વાત એટલેથી રહી, પ્રાણધર ગુણ સ્વભાવ ની સી ગત થઈ, તેનુ વીમાન આગળ કાહાડયુ જેટલે, વીચાર મન માં કરયો તેટલે. હવે રાયજી પછવાડે રહ્યા, આપણ બેઉ આગળ થયા; વીમાન ભાગી પડયું દરીયામાંય, તે બેજણ વાત નવ જાણે કાંય. એમ ચારશે જોજન ગયા જેટલે. વીમાન અટકયું તેટલે તે મનમાં પામ્યા હુલાસ, આવ્યા આશાવરી નગરીને વાસ. બેજણ આવ્યા નગર મોઝાર, જ્યાં દેવધર રાજ કરેછે સુતાર, રાજમેહેલ માં ગયા જેટલે, દેવધર ભાઈ દીઠો તેટલે, પ્રાણધરે ઓળખ્યો ભાઈ તતક્ષણ આંસુ આવ્યાં ભરાઈ, ધસીને બે ભાઇ ભેટવા સહી, પરેમ આલીઘન છુટયા નહી. મળી બેટી ને દીધી આશ, બંને ભાઇ બે બેઠા પાસ, ગુણ સ્વભાવ પણ બેઠો સહી, એક એકની વીગત સહુ કહી. દેવધર પુછે કરી પ્રણામ, કોહોજી કાંહાં ગયાછે રાજન, તેણે નેતરે ભરીયા નીર, વજીર સુતને નવ રહી ધીર. ત્યારે પ્રાણધર બો લો વચન, પછવાડે રહ્યા છે રાજન, સાતગે જોજનનું વીમાન છે જેહ, તે ઉપર બેઠાછે તેહ, રાજા પરણ્યા છે કસ્તુરાવતી, એની જોડ પ્રથ્વીમાં નથી, તો પછવાડે આવે રાજન, અમો આગળથયા બેઉજણ

દોહરા—એમ વાત કહી સહી, થયો બહુ રળીયાત, રાય સમુદર માંહે પડયે, તે જાણતુ નથી કોઇ વાત, દેવધરે તઈયારી કરી. શા કપાક સાવધાન, ભોજન કરીએ આપણે, જો આવી ચડે રાજન, વાટ જુવે બહુ રાયની. થયો ઘણો ઉચાટ, આ આવ્યા એ આ- વશે, એમ જુવે ચોદશે વાટ, પછે વજીર શુતને ધીરજ નવ રહી થયો અરબે અસ્વાર, દેવધર તે સાથે થયા આવ્યા નગરની બા- હાર તે સમુદર કાંઠે આવીયા જુએ ઊંચી કરીને દ્રષ્ટ. નીહાળી જુવે ઘણું; મનમાં પામે બહુ કસ્ટ. એમ સાંજ પડી ગઈ જાહરે ત્યારે થયા નીરાસ દેવધર વજીર સહી. પાછા આવ્યા અવાસ ભોજન કી

ધું મન ભંગથી કેમ આવ્યા નહી રાય, એમ ત્રણ જણા વાતો કરે આકુળ વ્યાકુળ થાય. દુખે રાત એમ વહી ગઈ ને થઓ ઉદે પ્રભાત; ચિંતાતુર બેઠા સહુ, નવ આવ્યા રાજકુમાર, ચિંતાતુર છે અતી ઘણા. સુજે નહી કાંઈ પેર, રાજકુંવરને મુકી; કરી, હવે જવું શું ઘેર, એમ વિચારયું બજીર સુતે. તજ્યો સકળ સંભોગ, ફકીર થઇને નીકળો; હવે લીધો જોગ, દેવધર પ્રાણધર વારે સહી. પણ માને નહી તેનું મન, રાજકુંવરને કારણે, ફકીર થઈ નીકળ્યો વન, દેશે દેશ તેને શોધતો ફરતો ફરતો વન, ખાવુ પીવું નીંદરા તજી જો જડે રાજાનો તન.

ચોપાઇ—એ વાત એટલેથી રહી, રાજકુંવરની શીગત થઈ. તે પોપટ ઉડયો આકાશ; મનમાં પામ્યો છે ઉલ્લાસ ઘણા દીવસ ગયા છે વહી, ઉડતો ઊડતો આવ્યો તહી. મધ દરીયા વચે વાહાંણુ, ત્યાં પોપટ આવ્યો નીરવાણુ તે મુખે જપે સી રામ, વળી લે કસ્તુરાવતીનું નામ, ધજા બાંધી કુંવરીએ સહી, તે ઊપર બેઠોછે જઇ મધુરે સ્વરે બોલે બાણુ. દીઠી તે નારી નિરવાણુ, મુકી સમુદરનું ધરયું ધ્યાન. શામાએ તો માંડયાં કાન. વળી ક્ષણમાં છાનો રહે. વળી ક્ષણમ શ્રી રામજ કહે, વળી કહે કસ્તુરાવતી, મને તે વીના રેહેવાતુ નથી. કસ્તુરાવતી બોલી વચન, આશું બોલેછે પંખી જન. સખી પ્રતે કહે વચન, એ પંખીછે ચતુર રાજન. તમો ધીરે ધીરે ઊપર ચડે, પાસે જઈને છાના રહો, રખે પંખી એ ઉડી જાય, જો આવશે એના જાણવા માંય. લઘુ લાઘવી કરવી સહી, જેમ તેમ પંખી ને લાવો અહી, દાસી કહેરે સાંભળ બાઇ, એ વાતની ચીંતા કરવી નહી. એમ કહીને ઊપર ચઢી જઈ પોપટને પાશે અડી, ચતુરાઈ ચાલાવી ચડી. ઝટ પોપટને લીધો પકડી. લઘુ લાઘવી કીધી ત્યાંય, પાસે જઈને ઝાલ્યો પાય. પંખી કહે શામાટે લે, દુખિયાને કાં દુખજ દે. હેઠી ઉતરી તતક્ષણ તહી, આવી રાણી પાશે ઊભી

રહી, પોપટ તેણે મુકયો પાસ, કસ્તુરાવતીની પોતી આશ, કસ્તુરા તી કહે પોપટજી સુણો, સાચી વાત અમ આગળ ભણો પોપટે ઓળખી તે નાર, તારે નેત્રથી ઢળી આંસુની ધાર. ટગમગ જોયા કરે છે તહી ત્યારે નારીએ વાણી કહી પોપટ ભણોછો કોનું નામ, ક્ષેણ માં લ્યો શ્રી રામનુ નામ. નીશાશા મુકો શા માટ, તમારે શીર આવો શો ઊચાટ.

દોહરા—પોપટ કહે પંખી અમો, પણ અમારી એવી રીત, કસ્તુરાવતી કુંવરી જે રાયની, અમારે તે સાથે પ્રીત. એમ કહી ચરણ આગળ ધરયો, અરે પ્રેમદા દોરડો છોડ, વાત કહું મનડાતણી, તો પોહોચે મનના કોડ. ત્યારે દોરડો છોડયો નારીએ, તતક્ષણ પોહોચી આશ. એ શુરવીર થઇ તે રહયો, જુએ તો રાય બરાસ. જખવાઈ ગઈ તે તારૂણી તેને પાએ; આ સાચુ કે સ્વપ્નુ સહી, એમ ધડી થાય. તમ વીના હું ટળવળુ, છેક થઇ નીરાસ; ભલે આવ્યા મારા કંથજી, આજ પોહોચી મનની આશ. જળ વીના જેમ માંછલી, તલપ તલપ જીવ જાય; તેમ હું તમ વીજોગથી, મારી કાયા અકળાય. આજ સમુદ્ર દેવે સાહતા કરી, મળયો આવીને કંથ; તમ વિજોગથી વાંહાણમાં આવીને રહી જોયાં કરૂ રાજ પંથ; કંથ કે હેછે કામની, મારા એહ હવાલ; પંખી રૂપે વનમાં ભમુ, આણત મારો કાળ. જોતુ મળત નહી માનુની, તો નીસ્ચે તજત દેહ; પણ પરમેશ્વરે મેળવ્યા, ભાગ્યો મને સંદેહ. નારી કહે કોહો કેમ થયુ, કેમ પામ્યા સમુદર પાર; પંખી રૂપ તમે કેમ થયા, આવી પોતા આ ઠાર. ત્યારે બરાસરાય એમ બોલીયો, સાંભળ નારી વાત; વીમાન ભાગ્યું જળમાં પડયા, ત્યારે બેજણ હતા સાથ. તું તો બુડી જળ વીખે, હું જઈયો હોતો તે ઠાર; વીમાનનુ લાકડુ હાથમાં રહ્યુ, તેથી ઉતરયો જાઇ બેટ મેં સ્તુતી કીધી નાગની, તે મુજ દષ્ટ કહેવાય; હવે અંત્રીક્ષથી આવી દોરડો, પડયો જળ માંહ. મે જઈ

લીધો હાથમાં. કીધી સેજ રમત, મેં પગ અંગુરે બાંધીયો; તે હું થયો પોપટ, ત્યાંથી ઉડયો આકાશમાં ફરયો ઘણાં એક ગામ, ત્યાંથી ફરતો ફરતો આવીગો; આ વાહાણુજ ઠેરે ઠામ, ગન માન્યુ આજે માનુની મળી નાર તુ તરત, નહી મળત જો તુ મુજને; તો હુ પામતો મરત, એક હકીકત માહરી હવે તારી કહે મુજને વાત સમુદ્દર મધે તુ પડી; ત્યાં કેમ બચી તું ઘાત, ત્યારે નારી કહે સુણુ નાવલા. મારા મનની વાત. જળ મધ્યે હું પડી સહી; એટલે ગળો ગયો એક મંછ, મછજ ત્યાંથી આવીયો. આ જોરાવતી તે ગામ, માંરો પિત્રાઇ કાકો રાજ કરે, જેનુ ચીત્રવરમાં છે નામ, મછ આવ્યો આ ગામમાં. ઢીમરે નાખી, જાળ; મછમાંથી નીકળી જીવતી; લાવ્યો સભામાં તતકાળ, શેક દીધો મને અતી ઘણો ત્યારે સુધી આવી શરીર; ત્યારે વરતાંત મુજને પુછીયુ પછે નયણે ભરીયાં નીર, પુત્રી કરી રાખી મુને, ઢીમરને કીધો ન્યાલ તુમ વીજોગે હું અહી રહી, એ કહ્યો માહારો હેવાલ, તેમ કહી ચરણે નમી દીધુ આલીંઘન, મનમાન્યુ આજ માનુંની આજ !દીવસછે ધનધન, આજ વીજોગ ભાગ્યો સહી. મળયા મુજ ભરથાર, આશા પુરણુ મારી થઈ; ધન્ય ધન્ય તું કીરતાર, હવે ચાલો સ્વામી પધારીએ આપણા ગામ મોજાર, હવે મેહેલમાં પધારીયે; હવે કાંઇ લગાડો વાર, વાત સાંભળી હરખીયો. ભેટયો ભામનીની સાથ, હરખે આલીંઘન છુટે નહી; ભીંડી બે હાથે બાથ.

ચોપાઇ—ત્યારે કસ્તુરાવતી કહે કંથજી, સાંભળો માહારી વાત, આજ બાર વેહેવાર કરવો સહી, છેડા ઝાલ્યો હાથ. આજ સભામાં જશો નહી, આપણુ કરીયે રંગવીલાસ, ખાનપાન કરીએ અતી ઘણાં, પુરણુ કરો મુજ આશ. ત્યારે કંથ કહેરે કામની, દીવસે નવ કરીએ ભોગ, અમો સભામાંથી આવ્યા પછી, મેળવશુ સંજોગ. નારી કહે નહી માનીએ, આજ જવા નહી દેઊ, વળી વીધન કાંઇ

ઉપજે, માટે લાવો સેજ. એમ કહી વળગી પડી, ત્યારે વીચારયું રાજન; હું કહ્યું કરૂ કામની તણું, હેં શે પુરૂ મન. લુંગડા ઉતારયા રાયજી, કીધો સુખ સંભોગ; મન મનાવ્યું માનુની તણું, ભાવતો કીધો ભોગ. રંગ રાગ કીધા ઘણા, હેવે પડીછે રાત; ત્યારે નારી કહે રાય સાંભળો સેહેજ સમાગમ વાત. તમો રીસ ન કરશો રાયજી તો કહું વાત એક વીચાર; હું તો સેહેજ ભાવે કહું, પણ કરોષ ન કરશો લગાર ત્યારે બરાસરાય એમ બોલીયો, એ શું બોલી વાત; તુજ આધીન હું થઇ રહયો તુને સોપ્યુ તનમન જાત. માટે કેહેવુ હોય તો કહો મુને શાને ચીંતા કરોછો મન; કોટી ગુનાહ બખશું તુને, મનાવુ તારૂ મન, ત્યારે કસ્તુરાવતી કહે સાંભળો, માહારા મનનો વીચાર; નારીમાંહે મોહ ઘણો, ચતુરા ચતુર સુજાણ. અંતે બુધ તેની પાનીયે શું ઉપનું ત્યાં અજ્ઞાન.

ચોપાઈ—માટે નારીનું મુરખ નામ, જો હવે વસમુ કીધુ કામ. એશું બોલી સ્વામીની સાથ, ને તમને સંભળાવું વાત, નારી કહે સાંભળ ભરથાર, સેહેજ વાત કહું આ ઠાર; નારી તે મોટી સરવથી, પુરૂષમાં કાંઇ પ્રાક્રમ નથી. નારી મન ચાહે તે કરે, પુરૂષથી એક અરથ ન સરે; મેં આજ કીધુ મન નીરધાર, જવા નવ દીધા સભા મોઝાર. જો નારી જવા મન કરે, તો સો તાળામાંથી પરવરે; માટે નારીછે ચતુરસુજાણ, પુરૂષ જાણુંછુ અજ્ઞાન. તમોછો રાજાની તન. તમો જેવું નથી કો અન્ય; તમો ફકીર થયા માહારાજ, તે પણ નારી કેરે કાજ. માબાપને મુકયાં પરહરી, હંસા હંસા મુખે કરી; બહુ દુખ વેઠયું જાહરે, અમો તમને મળયા તાહરે. નારી આગળ નર કોણ માત્ર, તમો સાચી માનજો વાત; હંસ આગળ કાગડો જેમ, ઘોડા આગળ ગરધવ તેમ ગંગા આગળ જેમ ખાડીયો, શોક આગળ જેમ વાડીયો; કંચન આગળ કથીર જેમ, નારી આગળ પુરૂષ તેમ. એ સાચી કે જુંઠી વાત, સાચુ કોહોને

માહારા નાથ; સાંભળતામાં કસ્તુરાવતીના વચન, દીગમુઢ થયો પો તે રાજન. તું તો એ શું બોલી નાર, તું શું મનમાં નથી કરતી વીચાર; નર વીના તે નારી કસી, કેમ બુધી આજ એવી વશી કાંઈ એમાં થાશે વીઘન, ફરી ન બોલીસ એવું વચન; નર થકી નારી મુકે માન, નારી હળવી પીપળપાન. ત્યારે નારી બોલી ફરી, એ વા તતો તમે ખોટી કરી; નારીના વડે નર હોય, બાકી નરને માને નહી કોય. નારી આગળ નરનું શું જોર, જાણે કેદમાં નાંખ્યો ચોર નારીથી નર નીસ્ચે હોય, પણ નરથી નારી નહી હોય.

છપ્પા—કરણ બળી રાજન, કઊરવ પાંડવ જે સુર; માનધાતા જે મહીપતી તે પ્રતાપે પુર. ઈંદ્ર ચંદર હરી ચંદર, જેજે સતબા દી રાજા, ધ્રુવ અમરીખ પ્રલાદ; જેહ જગતમાં જાજા, સુરવીર કહયા ઘણા. પણ નારી આગળ તે શી મણા; શુરા થઈ ધરે સ મશેર; રણમાં જુધજ કરતા, ચુકવે ન્યાય અન્યાય. પ્રથવીનો ભાર સીર લેતા, વળી ચઉદગુણ જાણું; બહુ ડાહાપણ ચતુરાઈ, કામણ ટુમણને વશી કરણ, વીખવાતે રહે વડાઈ, બીસ્વ વખાણ તેના કરે, સાત સમુદર તરે સહી, તે પીશાબ વાટે નીસરથાં, માટે નારી મો ટી સરવે કહી.

ચોપાઈ—એવી વાત કહી જાહરે, રાજાને દુખ લાગ્યુ તાહરે, હ મણાં હાંશીમાં થશે હાણ. એમ રાએ જાણ્યુ નીરવાણ. નર નારી ની ઉત્પત જેહ, નર થકી થાયછે તેહ, નર વીના નારી શું કરે, નારી તે નરને આશરે, એ ઇશ્વરની સરવે સતી એમાં તુને હું જા ણુતા નથી; એમાં ખાલી શું તાણે ભાર, એ કરતા હરતા સહુ કીરતાર. નર કરે તે નારીથી નહી થાય, નર આગળ નારી કાણ કેહેવાય; ત્યારે બોલી કસ્તુરાવતી, નારી આગળ નરનું ચાલતુ નથી, તે ઊપર કહુ એક દ્રષ્ટાંત, ભાગુ તમારા મનની ભરાંત, નારીના પણ પ્રાક્રમ છે જેહ, તમ આગળ સંભળાવુ તેહ.

દોહરા—કારકોન એક નગર છે, તેનો દીલપીત રાજન; સતવા દી રૂડો ઘણું, વરો અઢારે વર્ણવ. ત્યાં વીસો શ્રીમાળી વાણીઓ, તે જ નગરનો શેઠ; લખમી અલખ છે તેહને, પાંચ પુત્રછે પેટ. દાને માને ડાહપણે, સહુ વાતે સમરથ, આગના માને સરવકો, એ આ ગળ સહુ વ્યરથ, વીરચંદ નમજ તે તણું, માનબા તેની નાર:સો મદત વીરદત રીખવને, સોપ્યો સઘળો ભાર. કનકાવતી નામે કામની, તે શોમદતની નાર, રૂડી શોભા તેહની, ઘરનો રાખે ભાર, તે સુ પ્રીત રાખે ઘણી. સોમદતને વાહાલી પ્રાણુ, નરને નારી તે મા ને નહી; ખોટી બતાવે વાણુ, જુઠીવાત બહુ દાખવે, કરે હાવને ભાવ, તમથી વાહાલુ કોઈ નહી; એવો એનો બનાવ, મનમાં ગણું વહી કંથને. મોહાડે કરે વખાણુ, તમ પાખે ચાલે નહી, તુ મારો જીવન પ્રાણુ, શોમદત સાચુ લહે. જાણે સતી મુજ નાર, હેત બહુ મુજ ઉપર ધરે પ્રિતછે અપરમપાર, પાણી કેમ પીવાએ તમ વીના આરોગો એક મન નીંદરા કેમ આવે નાવલા, તુજપર એવુ મન. નારી મોહોડો જે કરે. કાલાવાલા કરોડ, તેને લેજો ઓળખી, નારી કરી જોડ, કંથને સ્નેહ દેખડાવે ઘણું, કરે જારનુ કામ. જાર સાથે જારી કરે, જાણુતો નથી તે સ્યામ, એમ દીવસ વહી ગીયા, નારી બિચારે આશ. જારને મળતુ નથી, ઘરમાં કંથનું પાય; ઉપાય કરૂ અકલથી, કંથને કાહાડુ બાહાર. પછે કાંઈ ચીંતા નથી, સુખે લેહુ મુજ જાર; એક કલ્પના પોતે કરી, રાતે આવ્યો સ્યામ. ખાનપા ન ખુગાં કરી, નરીં બોલી કરી પ્રણુામ, સ્ત્રિ ચરિત્ર કીધું ઘણું, નેતરે ધરીયાં નીર ધરશકા ભરી કહે કંથને, સાંભળો હઠના ધીર, કાલે માંહોમાંહ વાતો કરી આ પડોશણુની સાથ. મોહોટા કુંવર મુરખ છે, કાંઈ સમજતો નથી વાત. એના બાપે ધન્ય રળયું ઘણું તે બેઠો બેઠો ખાય. બીજો કુંવર છે નાનડો તેને કેમ કેહેવાય, એના બાપ એવડા હતા, જતા સફર ભરી વાંહાણુ, તેથી ધન્ય મેળ-

વ્યું ઘણું. આતો પેટે પડીઓ પાહાણુ, એથી તો વાંઝીયા ભલા, એવા ન જોઈએ તન, મુરખ પડયો મુજ પેટમાં ખાય રળયું બાપનુ ધન્ય મેં છાનમાના સાંભળયું, રેહેવાયુ નહી ભરથાર, તે તમને કહ્યુ સહી. આ તમ માત તાતના વીચાર, ત્યારે શોમદત કહે નારી સુણો, સાચી કહીએ વાત. હવે હું પરદેશ પરવરૂ, દરવ્ય લાવું અસંખ્યાત. મેહેણું ટાળયું માબાપનુ, સફરે જાવુ સવાર. સફરે જઈ આવ્યા પછે સુખ ભોધવશું નાર, તારે નારી કહે સુણ નાવલા. મેં ખોટુ કીધુકામ. મારા પ્રપંચ મુજને નડયા; તમો જવા કરોછો ગામ. મેં એ ાત શાને કરી, તમ આગળ ભરથાર; ન કહ્યું હોત તો જાતજ નહી, શાને નીકળત ઘરથી બાહાર. હવે તમ વીના કેમ ચાલશે. ઘડી એક વરસ સો થાય; તમ વીજોગે ફાટી પડુ, એકલા કેમ રેહેવાય. એમ કહીને કલકલે, રૂદન કરે બહુ નાર; થનાર હશે તે થાશે સહી, જવા નહી દેઊં ભરથાર કોય કેહેરે કામની, શાને દુ:ખ પામે મન; હું થોડા દીવસમાં આવીશ, રળીને ઝાજુ ધન્ય એકવાર જાવાદો મુને, ફરી નહી કહું બીજીવાર, માહારા સમજે કામની, નેત્ર ભરી જળધાર. નારી કહે સુણો કંથજી, તમવીના એ શી થઉ, તમ વીજોગે સઉ તજુ પાન ફળ નહી ખાઊં. હાજર રેહેવું સાસરે, પલંગ તજુ ભરથાર ખટરસ ભોજન નહી કરૂ, શણગાર ધરૂ નહી લગાર. વેહેલા વળજો નાવલા, જોઉછું તમારી વાટ જ્યારે તમને દેખશું, ત્યારે ટળશે ઉચાટ.

ચોપાઇ—મનમાં નારી ચીતવે આપ, ક્યારે ઘરમાંથી જાયે પાપ પણ મોહોડે કાલાવાલા કરે, તેતો સ્વામી સાચુ ધરે. એમ કહી સુતાં નરનાર, એટલે થયું ત્યાં સવાર. શોમદત ત્યાંથી ઉઠયો સહી, અસનાન દાતણ કીધુ તહી, ભોજન કરવા બેઠાં માતને તાત, સાથે બેઠા પાંચે ભરાંત. ત્યારે સોમદત કહે પીતાજી સુણો, એક વચન કહું તેની હા ભણો, વાંહાણુમાં માલ ભરૂ અપાર, પરદેશ જઈ કરૂ વે

પાર. તે માટે અમને આજ્ઞા દીજીએ, સુભ મહુરત જોઈ પંથ લી જીએ, ત્યારે બોલ્યાં માતને તાત, અરે પુત્ર તું સાંભ વાત, શામાટે પરદેશ જાઓ, એવડુ દુંખ તે શાને ચાહાવ, આપણે દરવ્યછે અ-પરંપાર આંખ્ય આગળથી જાઓ બાહાર. માહારી વરધ અવસ્થા થઇ, બાહાર, જાવુ ઘટે નહી. બીજા તે છે નાના કુંમાર, તમારે માંથેછે સઊ ભાર, એને શમજણ થાય જયાંરે, તમો વીદેશે જા-જ્યો તાહરે. ત્યારે પુત્ર કહે જઈશું અમો, શાને ના કહોછો તમો થોડા દિવસમાં આવશું, જસ અતી લાખેણો લાવશુ, માથે માબા પ બેઠાંછે સાર, ત્યાં સુધી જવાશે બહાર, પછે ચીંતા અદકી થાય ત્યારે અમથી કયાં જવાય. માટે અમને આજ્ઞા દીજીએ, હવે અમે પંથ લીજીએ. ત્યારે માબાપે વિચારયું મન, હવે કહ્યું માનવાનો નહી તન. માતપીતા કહે વેહેલા આવજો, કુશળવાત પેહેલી કાહવ જો પછે પંડીતે મહુરત જોયુ સાર. આજથી ચોથે દાહાડે નીર ધાર, વાંહાણુની સજાઇ કરી, જણસ માલ તેમાં બહુ ભરી. ઘર ગુ માસ્તા થયા તઈઆર, ચાકર નફર અપરમપાર, હવે સવારે નીસ રવુ સહી, પીતા પ્રત્યે વાણી કહી. ત્યારે સોમદતે વાણી કહી,રાતે કુટંબ મળયું તહી, ભાઇ ભોજાઈ પણ બેઠાં પાસ. સોંમદત કહે આણી હુલાસ જેવે જે જોઈતુ હોય સાર, તમો તે લખાવો નીર ધાર. શું જોઈએ તે કોહોની તમો, નીસ્ચે કરીને લાવુ અમો ત્યા રે બોલી તેની માત, સાંભળ પુત્ર માહારીવાત. એક નઊતમ સા ર લાવજો ભાઇ, જે કાંઇ હોય નવાઈ ભાઇ કેહે તમને ગમતુ જેહ નવલ વસ્તુ કાંઈ લાવજો તેહ, જેને જેવુ ગમતુ મન, તેણે તેવુ કહયું વચન. સરવનાં લખી રાખ્યા નામ, જેને જેવુ હતું કામ. તે કાગળ રાખ્યા પોતા કને, પછે ગુમારતા પ્રત્યે વાણી બણે જાહા હરે આપણે આવ્યાનું થાય, તે વખતે સંભારજો ત્યાંય, એટલે રા ત પડી જાહરે, પોતે મેહેલે આવ્યો તહરે પછે બોલ્યો નારીની

સાંથ સંભળ સ્ત્રિ મારી વાત; તાહારે જોઇતુ હોય જેહ, માહારી પાસે મંગાવો તેહ. તારે નરી બોલી વાણ. એ જુઠી વાત શાને કરો જાણ, સાંભળો સ્વામી ચતુરસુજાણ, અમને તો લખ્યામાં નહી આણ, સરવને આણી આપશો સહી, મગવું તે તમો લાવો નહી, ત્યારે શોમદત કહે સાંભળો વાણ, તુંજને તો સોપ્યોછે પ્રણ સરવનુ પછી લાવશુ સહી. તમારૂં પ્રથમ લાવશુ અહી; ત્યારે નારી કેહે સાંભળો ભરથાર. એ માહારા મનનો વીચાર. માહરા મનમાં છે બહુ ભાવ. માહારે એક જણસનો છે અટકાવ; ગુમાસ્તા પાસે મંગાવશો નહીં, તમો જાતે લેઇ આવજો સહી. કોઇ નજાણે તેહેનું નામ, માહારે છાનુ છે તેનું કામ; ત્યારે કંથ કહે શુ કહો તમો, છાનું માંનું લાવી આપીશું અમો. તારે સ્ત્રિ કહે સાંભળો ભરથાર, મારે સ્ત્રિ ચરિત્ર જોઇએ આ ઠાર; જો લાવો તેહ લાવજો એહ, તારે હું જાણીશ પુરો સ્નેહ. પણ હું એટલુ જાણુછું સ્યામ. જે મારૂ થવાનુ નથી કામ; બીજાનુ લેઇ આવશો સંહી, મારી વસ્તુ લાવંવાના નહી. ઘેલી નારી તેં ઘેલું કહ્યું. તારી વસ્તુ લાવ્યા વીના કેમ રહુ; કાગળમાં લખી લીધું તેહ, નારી એ મંગાવ્યું જેહ;

દોહરો—વાત કરતાં રાત એમ વહી ગઇ, થયું તે સવાર; સોમદતે ઊઠી કરી, અશનાન કીધું તે ઠાર. ભોજન કીધાં ભાવતાં જવા થયા તઇયાર; માબાપની આગ્ના લેઇ કરી, સહુને કરયો જુહાર શુભ સકન વદી કરી, ચડયા પોતે તાંહાં વાહાણ; સહુ વળાવી પાછા વળયા, ઘર ભણી નીરવાણ. સ્ત્રિ કહે બલા ગઇ, પરદેશ ગયો ભરથાર; કલોલ કરીશું કરારમાં, હુને મારો જાર, હવે વાહાણ ચાલ્યાં છે જોરથી. ભરદરીયા મોજાર, સાત માસ એમ વહી ગયાં, એક નગ્ર આવ્યું તે ઠાર, વાંહાંણ જઇ ત્યાં નાગરમાં. હરખ પામ્યા મનમાંય; માલ ઊતારયો તે શેહેરમાં વેચવાનો છે

સરવં, સોદો કરાવે દલાલ. મળી લો મનમાંના દ્રવ્ય તે ગામમાં એક વાણીયો, ભુલાશા પારેખ નામ, તે ખારે માણુમ અતી ઘણો સહુ આગના પાજે તે હાર, તે ગામમાં ડાહ્યો ઘણો; સહુ પુછી કરેછે વાત, શોમદતે મીત્રાઇ કરી તે સાથ ત્યાં ખાવું પીવું સુવું ને ઘેર. પછે વાત રાતે કરે; કેવી થઇ તાં પેર, વાંહાં માસ ચાર એમ વહી ગયાં તારે વેચાયો માલ. નવો ભરયો તે વાંહાંણમાં; પછી વિચારયું તતકાળ, દાણ મેહેસુલ ચુકાવી આપીયું કાધા સ ઉના હિસાબ, જવાને તતબર થાયા તારે વિચારયું મન આપ. પે લો કાગળ પેટી માંહથી. તે વેળા કાહાડયો બાહાર, તે ગુમાસ્તા ને આપીયો; તમો જાઓ બજાર. વાંચી વસ્તુ સઘળી લીઓ. આપો મુલ મોહો માંગ્યા દામ, સઘળી વસ્તુ લાવો અહીં; એટ લું કરી આવો કામ. કહીતી પેલી સ્ત્રિએ તે કોઇ નવ કહી વાત તે કાગળ આપો નહી વસ્તુ લાવશુ આપણે હાથ ગુમાસ્તો ગયો બજારમાં લાવ્યો સઘળી વસ્ત સહુ તે આવ્યા વાહાણમાં સોપી સોમદતને હસ્ત, પછે હરખ પામો તે મનવીખે. પોતે ચાલો બ જાર. સ્ત્રિ ચરિત્ર પુછ્યું જઇ; પણ કાંઇ નવ મળું લગાર જે સાં ભળે તે વીસ્મે પડે સહુ મનમાં જાણે એમ આ મુરખ કોઇ દી શે ખરો; મોટાને કહીએ કેમ. ગામ મધે તે ફરી વળયો કોઇએ કહી નહી હાય. અરે દઇવ મળશે કયાંય એમ ચાર દિવસ ફરયો સહી, મુકી મનની આશ. પછે મન વિચારી આવીયો ભુલાપા રેખ પાસ. શેઠે માન દીધુ ઘણું જાણી મોટાનો તન હાવંભાવ કીધો ઘ ા સંતોખ્યાં બેઉના મન.

ચોપાઇ-શેઠ કહે ભલે આવીયા આજ હમારે મન ભાવીયાં; કાંઈ એક કાજ અમસરખુ કહો સખે ઘર તમારૂ રહો. શોમદત બોલે વાણ. કાલે ઉપડવાનાં વાંહાણ માટે બોલ્યું કરજો માફ તમ ઘર સુખ પામા બહુ આપ. શેઠ કહે માયા તુમારી ઘણી

કેમ આગના અપ જાવા તણી થોડા દહાડાતો રેહો સહી, જ વાની ઉતાવળ કેમ થઇ તારે કુંવર બોલ્યોગે વાણુ માલ ભરયો સઉ વાંહણુ બીજા બંદરે ફરવું કથી જોઇતી વસ્તુ મળતી નથી ત્યારે શેઠ કહે શુ તેનું નામ. જે જોઇએ ત મળશે આ ગામ બીજા મુલકમાં જે નવ નિકળે તે વસ્તુ અહીયથી મળે. તમારે જે જોઇએ ત કહો તે અમારા પાસે માગી લ્યો; તે પેદા કરી આપુ સહી, એવી વાણી શેઠે કહી તારે બાલ્યો વીરચંદનો તન સાંભળો શેઠ મારૂ વચન સ્ત્રિ ચરિત્ર જોઇએ છે સાર તે ગામમાં નથી મળતુ લગાર. અમો ફરીને થાકા સહી કોઇથી હા કહેવાઇ નહી; ત શેઠ સાંભળી વીસ્મે થયો પછે બોલ કુવરને કહો પ્રથમ મન કયો વિચાર રખે મશકેરી હોય લગાર, વળતો શેઠ એ અમ બોલ્યા વાણ સાભળો સોમદત ચતુરસુજાણુ તે વસ્તુંને શો અડકાવ. અસ્ત્રિ ચરિત્ર ઉપર કોને ભાવ, ત્યારે શોમદત બોલ્યો વાણ અસ્ત્રિ મારી ચતુંરસુજાણુ સહી સાધતી પુરણ પ્રીત તે રામાની એવી રીત; મે કહ્યું તારે જોઇએ તે મંગાવ જે ઉપર તારો હોય ભાવ હમે વીદેશ નીકળા જાહરે કામનીએ કહ્યું તાહરે કહ્યું સ્વામી વેહેલા આવજો મારે કાજે સ્ત્રી ચરીતર લાવજો આ ગામમાં ફરી ફરી થાક્યા સહી આ ગામમાં તે મળતું નહી, હવે અમે જાશું બીજે ગામ શોધી કાહાડુ અસ્ત્રિ ચરીતરનુ નામ. જો જડશે તો જવાશે ઘેર નહીતો ખાઇને મરશું ઝેર. ત્યારેશેઠ સમજ્યો મન મોઝાર. પુરૂસ મુરખછે ગુમાર હુ મોટો જાણતોતો સરવથી પણ મુરખ એથી બીજો કોઇ નથી. પછે શેઠ બોલ્યો વાણ સાંભળો શોમદતની ચતુર સુજાણ, એ વસ્તું હમારા પાસ અમો તમારી પુરૂ આશ. એ પ્રથવીમાં શોધી નહી જડે, તે નાર ઘોથી નીકળયા હમો બીજાને કહીયે નાય પણ તમને ના કેમ કહેવાય પણ એ વસ્તુતે ભારે સહી. ઊતાવળે હાથ આવે નહી.

મારે યહું તેમ કરોની પેર. વાંહાણ ગુમાસ્તા મોકલ્યા ઘેર તમો હ મારે રેહો ધામ થોડા દાહાડામાં કરીશુ કામ ત્યારે વિચારી તેણે વાંણ આવ્યા પાછા જ્યાંછે ગુમાસ્તા પ્રતે બોલ એમ. કોહો હવે કરીશું કેમ તમો વહાણ હંકારી જાઓ હવે તમો શીદ ખોટી થાઓ હમો ગુપત જાતરા માટેછે સહી. હમો અહિયાંથી જઈશું તહી સઉ હીસાબ સોપજો બાપને હાથ. માંડીને કેહેજો સઉ વાત આજ કાલમાં પોતે આવશે તેથી તેને ચિંતા નહી થશે એમ કહીને વાહાણ વળાવા સાર. પોતે આવ્યા શેઠને દુવાર. સેઠ કહે સુખો રહો આ ઠામ. અસ્ત્રી ચરીતર લઈને જાજો ગામ. એમ કહીને ઠેકાણે થયા. સોમદત શેઠને ઘેર ળયા. વાંહાણ ત્યાંથી પોતાં ઘેર તેને માંડી કહી સરવે પેર,

દેહરા—આઠ માસ એમ વહી ગયાં ભુલાપઠરેખને ધામ, ત્યારેસોમદત વાણી વદે. સેઠને કરયો પ્રણામ સેઠ તમે આપ્યું નહી પેદા કરી સ્ત્રિ ચારતર. ઘેર નારી વાટ જોસે ઘણી ત્યાં થઇ જાસે વીપ્રિત. ત્યારે સેઠ કહે સાંસ્તારહો. કરૂ તમારૂ કાજ. એક ગુણકા ગુણ આગળી જેનુ ગુણવાહ છે નામ બોલાવી તેને તે સમે જેમાં બહુ ચતુરાઇ કામ પ્રપંચ ભેદ જાણે. તેણે આવી કરયો પ્રણામ સો હુકમ છે સેઠજી તમ વચનનો બાંધી રહુ અજરે કરૂ તમ વાતથી. કેહેતો મુસ્તક દેઉ ત્યારે સેઠ કહે ગુણકા સુણો તમે છો ચતુરસુજાણ. કામ તમારૂ છે સહી. તે કહું તમને વાણ સેઠ આવ્યા છે આમતણા. જાણે અમારો સરદાર અસ્ત્રી ચારિતર એને આપવું માટે તેડીજાઓ એને દવાર ત્યારે સલામ કરી ગુણકા કહે એ અમારૂ કામ સમજી મન ગુણકા સહી એનું તે મુરખ નામ. પછે સાથે લાધો સેહને આવી પોતીકે ધામ. કોન દેશમાં રહો તમો શુછે તમારૂ નામ. ત્યારે સોમદત કહે સાંભળો ગુનકા ગુનવાન અમો વહાનવટીના પુતર છયે. શોમદત્ત છે મારૂ

નામ સ્ત્રિ અમારી ઘેરછે. તેણે મંગાવ્યું એહ સ્ત્રિ ચરિત્ર લેઇને આવજો; તમને કહુંછુ તેહ. સગજી તેનું શણપણ ડાહાપણે ભરી વાટ, એરે ચિંતા શેઠ કરશો નહી, ટાળું તારો ઉચાટ સ્ત્રિ ચરિત્ર મુજ કનેછે સહી, તે આપીશ તમને સાર; ધીરજ થકી મળસે સહી, ઉતાવળ નહી થાય લગાર. તે શેઠ ગુણકાને ઘેર રહયા, વપુ એ વીચારી વાત, શેઠ ચરચા જુવે ઘરતણી, એમ વહી ગયા માસ સાત. ત્યારે ગોમદત્ત કહે ગુણકા સુણો, અમને આપો સ્ત્રિચિત્ર માસ સાતતો વહી ગયા, એતે કયાંની રીત, તમને સ્ત્રિચરિત્ર દાખવું, ધાજ્યો ભારેખમ ભુપ. સોલશણગાર અંગે ધરો પેરો નવરંગ ચાર તેને પુરૂસ કોઈ ઓળખે નહી, જાણે શુધ નારીનું શરીર. વરસ સોળમાં સુંદરી, ભરજોબન સુંદરવેશ દરસટે દેખતાં ધીરજ રહે નહી, ત્યાં થાય કામવેશ, તે ગુણકાયેં કરઝાલીયો, લઈ ગઈ પોતીકે સાથ, તેને ગુણકાએ પ્રીછવી, સમજાવી સહુ વાત. જે કહેતે હા કેહેવી સહી, ચરચા જોવી રાતદીન, તમને સ્ત્રિ ચરિત્ર મળશે સહી, માનજો સત્ય વચન.

ચોપાઈ—એમ સમજાવી ગુણકાએ વાત. તેડી ગઇ પોતીકી સાથ, સીવદત શેઠછે વેહેપારીયો, નગરબધામાં જાણીયો ઘણી લક્ષમી ઘણાં ઘરસુત્ર, પ્રતાપચંદ તેનો એક પુત્ર તે લાડકવાયો એકનો એક વપુ એ સુંદર વડા વીવેક તે વહાણ ભરી વીદેશ ગયો, તેને બાર શવત્સર જાતામાં થયો તે તણી ઘરમાં છે નાર સુંદર રૂપને ગુણ ભંડાર. વક્ષણવંતે લાડવાઈ. માનુનીતીસરવેમાંડહી. સાસરે પુછી કરે સહુ વાત કારભાર સહુ વહુને હાથ. રતનગાલ છે તેનું નામ ગુણ જાણેછે બાધુ ગામ. તે શ્રીમંત છે મોટો શાય. ગામ બધાનો ચુકાવે ન્યાય. ગુણકાએ મન વિચારી પેર. તેડી ગઇ તે શાને ઘેર ગુણકાએ ઝાલ્યો તેનો હાથ. તેડાલાવી જ્યાંછે સઉ સાથ ગુણકાએ જઇ કરયો પ્રણામ જયાં બેઠો સીવદત તે ઠામ મહારાજ એકછે મહા

રૂ કામ. આવી જાણી સહુકારનુ નામ આ શાહુકારની કેહેછે નાર સસરો તેડી લાવ્યો આ ઠાર. સુને કહ્યું આને રાખો તમો, એના વરને તેડી લાવું અમો અમારો પુત્ર ગયો પરગામ તેને તેડી લાવુ આ ઠામ તે પુત્રની વહુ આ થાય. અમો જતાતા આણું કરવાય સાથે એને તેડીને જાઊ માટે તમ ઘેર મુકી જાઊ અમો પુત્રને તેડી લાવુ જાહરે. એ વહુને તેડી જાશુ તાહરે તેનો સાસરો મુકી ગયો. મ્હારા મનમાં અંદેશો થયો. એતો રાખ્યું અન કેહેરાય મારાથી તે કેમ રખાય. અમો સ્ત્રીયો ગુણકાની જાત, આળ સેજમાં આવે નાથ. નહીતર એતો અમને કહે. ગુણકાના ઘરમાં કેમ રહે તમો સહુકારછે સરવથી તમારી આબરૂમાં બાકી નથી માટે સ્ત્રિ રાખો તમારે ધામ એટલુ અમ રૂ કરવું કામ. એનો ધણી સસરો આવશે જાહરે તમ પાસેથી લેશું તાહરે એ વાતના લખ્યા કીધ પંચ મળી પ્રમાણુજ કીધ શાહુકારથી ના કેમ કેહેવાય. સુખેથી મુકી જાવ આંય. અમારા પુત્રની વહુછે જોહ. તેની પાશે રેહેશે એહ એમ કહિને રાખી પાસ. ગુણકા આવિ પોતીકે અવાસ. તે સસરાએ બોલાવી વહુ વાત માંડી કહીછે સહુ ત્યારે વહુને ઝાલ્યો હાથ, તેડી લાવી પોતાની સાથ આંહા બેસો સુખે રહો. કામ હોય તે અમ સરખુ કહો હવે રતન માલછે જે નાર ચતુર છે તે અપરમપાર નખશીખ તેને જોઇ સહી. પછે મન વિચારયું તહી લક્ષણ જોતાં અપરંમપાર, એ પુરૂષછે નથી એ નાર; પરીક્ષા પુરી કીધી સહી, નીસ્ચે પુરૂષ એ નારી નહી.

દોહરો—રતનમાલ વળતુ વદે, સાંભળ નારી વાણ; સાચુ બોલશો તો જીવશો, જુઠે ખોશો પ્રાણ. નારી નથી તુ નરછે, મેં નીસ્ચે જોયા એંધાણ; કપટ કરી કેમ આવવું પડયું, સાચી કહોને વાણ. કટા કાઢયો એક ચળકતો, કરોધ કરીને રીસ: સાચુ બોલ તું કોણછે; નહીતર છેદુ શીશ તે બન્યો બાપડો વાણીયો થરથર

ધુજે દેહ; આંખ્ય ઊચી ચઢી ગઈ, પછી બીતોબીતો કહે જો ગ મેતો મારય તું, દયા આવે તો ઉગાર, હું કપટથી આવ્યો નથી તે સાચું કહું વિસ્તાર. હું વાંહાણવટીનો પુત્રછું, આવ્યો ભરીને વ હાણ; તું સરખી નારછે માહરે, તેણે કહીતી મુજને વાણ. માહારે કાજે શું લાવશો, પરદેશે જાઓ ભરથાર; મેં કહ્યું જે ગમે તે કહો, ન લગાડું વાર કહ્યું અસ્ત્રી ચરિત્ર લેઈ આવજો વચન આ પું હાથ, ત્યાંથી આવ્યા પરદેશમાં તે સાચી માન તું વાત; મેં માલ બધો વેચ્યો સહી, પછી નવો ભરયો મેં માલ; અસ્ત્રી ચરિ ત્ર ખોળું આ ગામમાં તેનો રૂડો વેહેવાર, તેણે કહ્યું તમો રહો સહી, સ્ત્રી ચરિત્ર આપું નીરધાર; એમ સાંભળી હું હરખીયો, વ ળાવી દીધાં મેં વહાણ, આઠ મહિના એમ વહી ગયા, ત્યારે ભુ લાપારેખને કહી વાણ. શેઠજી દહાડા ઘણા થયા ક્યારે કરશો એ મારૂ કામ, ત્યારે ગુણકા બોલાવી તે સમે જેનું ગુણવરાહ છે નામ તેને શેઠે વાત સરવે કહી, ત્યારે ગુણકાએ વીચારી પેર; કહ્યું અસ્ત્રિ ચરિત્ર આપુ અમો તમો આવો માંહરે ઘેર. ગુણકા સાથે અમો ગયા, ત્યાં પણ રહ્યા માસ સાત કહ્યું સ્ત્રિચરિતર આપો હવે, ત્યારે ગુણકાએ કહી વાત. મને કહે નારી થાવ તમો, આવો મારી સાથ; સમજાવ્યો સઉ સાથને, સોંપી તુજ સસરાને હાથ. એ હકીકત માહરી, જુઠી વાતે ઈશ્વરની આણ; હવે તુજ સરણ આ વ્યો સહી, ઉગારો કે લ્યો પ્રાણ.

ચોપાઇ—વાત સાંભળીને હરખી નાર, રતન માલે કીધો વીચા ર, મુરખ બીચારો એછે રાંક, નથી એ વાણીયાનો વાંક. શામાટે હવે એને હણું, મનમાં તે વિચારયુ ઘણું; એની પુરી પાડુ હું આશ, પીત કરી રાખુ મુજ પાસ. હવે તનમન ધન એને અરપીએ, જોબનનો લાવો લાજીએ; વળી અસ્ત્રી ચરિતર દેખાડુ સહી તે ખબરદાર કરૂ એને અહી, નારી પછી બોલી ત્યાં વાણ, સોમચંદ

જી તમો ચતુર સુજાણ; અસ્ત્રી ચરિતર આપુ હોલ્લાસ તેતો છે અ
મારી પાસ. શાને ખોળોછો બંધુ ગામ, થાશે અમારાથી એ કામ
હવે ખાઓ પીઓને રંગે રમો, ભોજન મનગમતાં જમો એમ ક
હીને હરખ્યુ મન, ધશીને લીધુ આલીધન; રાતે ભોગ ભોગવે અ
પરમપાર, દિવસે થઇને રહેછે નાર. એમ ઘણા દિવસ ગયાછે વહી
તે વાતનો કોઇ જાણે નહી, વરસ એક થયુ જાહેરે, શું કઊતક
થયું તાહરે વીદેસે ગયો હતો તેનો ભરથાર, તે સફર કરી આવ્યો
તે ઠાર; લાવ્યો અલખત અદકુ ધન, પ્રતાપચંદ શીવતણો તન વ
ધામણી આવી જેટલે, શીવદત શેઠ હરખ્યો તેટલે: હરખીને આવી
તેની માત, મોતીથાળ ભરી લીધી હાથ. તેર વરશે ગયો આવ્યો
તન, માબાપનું ઘણુ હરખ્યુ મન; વધાવી લીધો કુમાર, તેડીને આ
વ્યા ઘર મોઝાર, સજન કુટબ સરવે સહી, મળવા તે આવ્યાછે
તહી; માહજન નગરને લોક મળયા, ભેટયા સહુ ટાળી શોક. કાર
ણ કે કુંડળ જળકે જોત, કટી સશીના જેવી ઉદોત વાંહાણ સાત
ગયોતો લઇ ચાળીસ વાંહાણ કમાઓ તહી, તે વાંહાણ કાંઠે આ
વ્યાસાર, શેઠને ઘેર આવ્યો કુમાર, પીતા પુતર બેઠાછે પાસ, ક
રવા માંડી વાત પ્રકાશ. કેહે પુતર તાહારૂ વરતાંત, આજ તેર વ
રસની ભાગો બરાંત તે સભળાવાય અમો, શો ગરથ કમાયા તમો
કોણ કોણ સાથે આડત કરી, ચાળીસ વાહણ કેમ લાવ્યા ભરી
સો સો માલ તેમાં ભરયો, આજ તેર વરસની વાતો કરો પુતર
કહે સાંભળો એ તાત. આજ હમો નહી કરીએ વાત. આજ તેતો
અમને આગ્રા દીજીએ. વળી વાત કાલે કીજીએ, આડતીઆનો જે
હિસાબ, તેતો સઊ વાહાણે કીતાબ, તે માલ સરવે નોંધ્યોછે સહી
કાલે તમને દેખાડશું આંહી. આજ આપોતો મેહેલમાં જાઊ, ઘડી
ચાર સુતો સુખીયો થઊ, એવે પડીછે, ત્યાં રાત, આગ્રા આપી પુ
તરને તાત સઊ સઊને ઠેકાણે થયા, તરત ઊઠી તે મોહોલમાં ગયા.

**દોહરા**—ત્યારે નારીએ વીચારીયું જે, આવ્યો સુજ ભરથાર; પેલો પુરૂશ ઘરમાં હતો, તે સાથે કરયો વીચાર. તમો ગુપત ઓરડામાં બેસી રહો, જેમ ન આવે જાણ; મારે સ્ત્રીચરીત્ર દાખવુ, તે ાં જોયાં કરો પ્રમાણ. એટલે કંથ ત્યાં આવીયો, નારી લાગી પાય; આજ તેરવ-સે સ્વામી મળ્યા, મારે હઇડે હરખ ન માય. તમો મારે કાજ લાવીયા, તે આપો કર મોંઝાર; ત્યારે કંથ કહે કમની તું વાહાલી મુંજને પ્રાણ. એક તારે વસ્તે લાવ્યો શહી, બાકી તે છે વાહાણ; નવી નવી વસ્તુ લાવ્યો બહું, જે ના આવ્યું હોય પીઠામાંય તે સઉ પડીછે વહાણમાં, કામ લાવશુ ઘરમાંહે; ચીર લાવ્યો એક ચમકતો, હીરા રતને જડાવ. બહુ મુલ મોંઘુ ઘણુ ઝાઝુ મોતીડે જડાવ શાવ લાખ રૂપીયા આપીયા, તે તમારે કાજ તે લેઇ મુખ આગળ ધરયુ. નાચો પ્રમદા તમે આજ; તે જોઇ હરખી મમદા, લીધું પોતીકે હાથ. ખાન પાન કીધાં ઘણાં, વછી કથી પીતકની વાત; ભોગકીધા ત્યાં ભાવતા, શુંત શુએ રાજ જાણે સુરજ પ્રગટ થયોં એવુ તપેકુવરેનુ રાજ નીદ્રાવશ થયો જાહરે રોડમાં શુંતો તે નાર હાથ ગળેથી કાહાડીયો ઉઠી નારી તે વાર ભરનીદ્રા વસ કંથ છે વીચારૂ નારીએ ત કામ મુરખ જાત એ માનુની, પછે ત્યા શું કીધું કામ.

છપ્પો—મુરખમા મુરખ તે નાર, અહંકાર આતશે આણે; મુરખના મુરખ તે નાર; મમત પોતાકો ત તાણે; મુરખમાં મૂરખ તે નાર; દયા ન આવે તને કશી; મુરખમાં મુરખ તે નાર; વાત તેને મન વસી; સૂરો પુરો રાજવી રંગ રૂપ તેન યસો; તે વિનતા ને મન; વાહાલા અને મન વશા.

ચોપાઇ—ત નારીએ તો અતીમુરખપણું: પછી શું કામ કરયું નારીએ ઘણું; બાર નીંદ્રા દીઠો ભરથાર; કાઢયો કામનીએ કટાર. ઢીંચણ મુકયાં છાતી ઉપર; કટાર લેઇ મુકયો છે ગળે; મોડે પરપોઠા

આવ્યા સહી, જીવ ગયો તેનો તતક્ષણ તહી. પેલો સોમદત જુવે છે દ્રસ્ટ, ઘણું એક તે પામ્યો કસ્ટ, થરથર ધરૂજવા લાગ્યો દેહ, ફટફટ નારી શું કીધું એહ, ચાદરમાં બાંધી ગાંસડી. મથે મુકી બાહાર નીસરી; જઇ નાંખ્યો તેને દરિયા માંહ, પાછી આવી ઘરેમાંહ. પછી બોલી સોમદત પ્રત્યે વાણ, આ સ્ત્રચરિત્ર જેયુ નીરવાણ; તારે સોમદત કહે સભળ નાર, મીથયા મારયો તે તારો ભરથાર એમાં તે સ્ત્રિચરિત્ર શું કેહેવાય, તને મારતાં કેમ ન આવી દયાય; હજી બાપને મળયો સહી. સુખ દુખની વાતો કરી નહી. ત્યારે કહે સાંભળજે જાર, તારા ઘરમાં એવીછે નાર; સ્ત્રિ ચારત્ર મગાવ્યું સહી, એવુ પ્રાક્રમ કરે તહી, ત્યારે સોમદત કહે શું કહું કથી, મરા ઘરમાં એવી નારી નથી, સતી સાધવી છેરે નાર, એવુ કામ નકર લગાર. રતનમાલ કહે આવીશું તમ ઘેર, સઘળી બતાવશું તમને પેર; તેને આસ્ત્ર ચરિત્ર આપવાંને સાર. મે મારે છે ભરથાર, હવે તમો કરો એક કામ, પાછા જનઓ ગુણકાને ધામ; વાત સરવ માંડીને કહો. થોડા દાહાડા ગુણકા ઘેર રહો. તે ગુણકાને લઈને સારે પાછા પુરૂષ થઇ આવજો આ હાર એવો બોલ નારીએ કહયો. સોમદત ગુણકાને ઘેર ગયો. વાત સરવ માંડીને કહી. એ વાંત એટલેથી રહી. એવસે તાંહાં ઉગ્યો સવાર ઉઠયા સઉ સુતાં નરને નાર. શીવદત શેઠ ઉઠયા તાહાં સહી બેઠા વિચાર કરેછે તહી; રતનમાલ પણ ઉઠી નાર, ઘરમાં કામ કાજ કરે સાર. દિવસ પોહોર ચઢયોછે સહી, શીવદત શેઠ બોલ્યો તહી; આજ ભાઇ કેમ ઉઠયો નથી, દિવસ ચઢી ગયો સરવથી એક ચાકર બોલાવ્યો તે હાર, જાઓ કુંવરને ઉઠાડો સારે; કહીને દિવસ ચડયો છે ખરો, બહાર આવીને દાતણ કરો. આ રતનમાલ બહુ સુંદર નાર. તેણે રસોઇ કરીછે તઇયાર આપણ બે ભોજન કીજીએ, આજ તેર વરસે લાવો લીજીએ. ચાકરે આવી

કીધો સાદ, પણ કોઈએ ન દીધો જવાબ. સાદ ઘણા એક પાડયા સહી, પછે ઓ ડો ઉઘાડયો તહી.

દોહરા — ઓરડો ઉઘડયો ત્યાં સહી, ન મળે શાહાનો તન; પાછો આવ્યે શેવકને, કર જોડી કહે વચન ઓરડામાં તો કોઇ ન થા, અમો જોયા ખુણા ચાર; સેજ સુની પડી તહી, પણ તમ પુત્ર ન મળે લગાર, ત્યારે શેઠ વિચારયુ મનવીખે, ઊઠયો હસે સવાર પ્રાતસકાળ ઊઠીને ગયે, હસે કંઈ બાહાર. વહુ પાસે સસરો આવીયો, બોલ્યો એમ વચન; કંથ તમારો કયાં ગયો, પ્રાતસકાળે ઉઠી પાવન ત્યારે વહુ કહે સસરા સુણો, શું વંહયું આપણું કાજ; શું કરૂ માહારા તાતજી, મને કહેતા આવે છે લાજ, લક્ષ સુતતા લક્ષણ સહું, ખોઇ લાખ ટકાની લાજ; તે વાત તમ આગળ શું કહું. તમ પુતરથી આવી વાજ, એમ કહી જળ તઠ ભરયાં. સાભળો સસરાજી વચન. હવે લાજ તમારી રેહેશે નહી એવું કીધું તમારે તન હવે ઇજત નાશે સહુ લોકમાં લુટાવે ધન માલ. આબરૂના થશે કાકરા. એવું કરયું તમારે બાળ. કાલ રાતરે આવ્યો મેહેલમાં ત્યારે દીઠી પેલી નાર. તમો મુને શોપી તી શેઠની; જેનો પરદેશ ગયો ભરથાર. ભરજોબન દીઠી ભામની. તેણે લલચયુ મન મુને કહ્યું આ કોણ છે. એને લીધું માલીધન મેં કહ્યું નારછે પારકી.. એનો પરદેશ ગયો ભરથાર. તે શાહુકાર જાણી સોંપી ગયો; એ નહી આપણો વેહેવાર. તારે રીસ મુજપર કીધી ઘણી. દીધી અદકી ગાળ. ભોગવુ હું એ ભામની અને એ ઉપર બહુ વ્હાલ. મારૂં કહયું માન્યું નહી. ને કીધો તે શું જોર મારૂ અબળાનુ શું ગજુ પછી હું નીદ્રાવશ થઈ. પછી સવારે ઉઠી જોયું સહી. તો નથી એ સેજમાં ભરથાર. બારણા ઉઘાડયા ઓરડા તણાં સાર. નહી પેલી ત્યાં નાર. શું થયુ કયાં ગયાં રાંડને સાંઢ, સસરાજી સાચુ કહું પ્રમાણ. જો ગમે તો મુ

જને ભાંડ. સસરે સાંભળી વિસ્મે થયો. સાચી વહુની વાત.સા સુએ પણ સાચુ માનીયું પછી ઘસવા માંડયા હાંથ તે નારી લેઇ જતો રહયો. હવે શી થાસે પેર દીકરે એ દુખ કીધું ઘણું એ મોટો કીધો કેર. હાય હાય હવે શું કરૂં એમ શીવદત કરે રૂદન એ વ હુનુ કહયું માંન્યુ નહી કેવો મુરખ તન. ડાંટ વળયોરે દીકરા અણ ઘટતુ કીધું કામ સર્વે લોકને જવાબ તે શું દઉ વેહુપરી. આ-ણ્યા હાર હવે કયા જઇને કયાં રહું એમ કહી કુટે છાતીને શીશ રોવા લાગ્યો ટોમલો પાડીને બહુ ચીસ હવે ઝેર ખાઇને હું મરૂં કે જળમાં ઝંપલાંઉ કે ઠે ફાંસો ખાઇને મરૂ કે હાથે વિખ ખાઉ

ચોપાઇ—હવે લાજ મારી જશે. અરે વહુ હવે વલે થશે તારે વહુ કહે સસરાને સાંર. તમો દુખ ન ધરો લગાર તે આવે તારે કહે જયા તમો તેને જવાબ દેશું અમે તમો શાને વિખ ખાઇ ને મરો ઉઠો હમણાંનો ભોજન કરો જે થનાર હોશે તે થશે પ રમેસરવરને ગમશે તે હશે. તમારૂ નવ દેવા દઉ નામ. અમો કરૂ તેવું કામ. ત્યારે સરીરો કહે વહુ શાબાશ મારે તારી મેટીછે આસ; તું કુળમાં પ્રગટી રતન મુરખ પેટ આવ્યો છે તન અરે વહુ તુને લાગુ પાય એવુ કરજે જે શોભા નવ જાય એમ કહી છાના રહયા; પછે ઉપાય તેના શા થયા. દિવસ થોડા થયા જાહરે ગુણકાએ શું કામ કરયુ તાહરે પેલા ગોમદતને કહી એમ વાત ચાલો હવે અમારી સાથ પછે પુરૂપ થયો તે ઠામ. જેનુ સોમદત છે નામ. તે ગુણકાએ સાથે લીધો સહી. આવી શીવતાણુ ઘરછે તહી. આવ્યો પેલી નારીનો કંથ જે ગયો હતો વેગળે પંથ માટે તેની કન્યા દીજીએ તમને ઉશાંગણ શું કીજીએ. સાંભળી શેઠે તે ની વાણ દેહમાંથી ગયોછે પ્રાણ દીગ મુઢ થઇ ગયો તે વાર મુ ખે બોલાતુ નથી લગાર તારે ગુણકા બોલી વચન તે માટે તમારો રાખીયે બાર. જુઠા પડશો ને આબરૂ જશે હાણુ અસારથ જો ણુંમાં થશે.

દોહરો—ત્યારે શીવદત્ત બોલીયા, શીદ ચઢાવો આળ; ક્યાં અ-ખળા બોલો તમો, મારા જીવને જંજાળ. સાચુ કહું સહુ દેખતાં; જુઠે ઈસ્વરની આણ; તે નારી તો લેઈ ગયો અમારો પુત્ર સેતાન. તરત વિદેશથી આવીયો, ઘરમાં રહયો એક રાત; તે નારી દેખી મન ચળું, તે લેઇ ગયો પ્રભાત, તેર વરશે આવીયો, મારો લાડ કવાયો તન; જશ કીરતી લાવ્યો ગણી, વળી લાવ્યો ઘણું ધન. ઘરમાં વહુ છે સાધવી, વળી રૂપનું ધામ; તેણે શીખામણ દીધી ઘણી, પણ માન્યું નહીં તે સંતાન. કબુધી થઇ કુંવરને, ઊપની ખોટી મત, સુખ દુઃખની વાતો કરી નથી, તેને લેઈ ગયો મુરખ જટ, હવે ગુનેગાર થયો તાહરો, જે કહો તે સાંભળી રહું, જેમ મન માને તમ તણું; જે કહો તે તમને દઊં, હવે શોરબકોર કર શો નહી. ન જણાવશો કોઈ લોક કરજોડીને કરગરૂ શાત પમાડુ શોક.

ચોપાઈ એવાં શેઠે કહયાં વચન, સાંભળી ગુણકાને ચઢી છે અ-ગન; શેઠ જુઠું બોલો છો તમો, રાવલે રાવ કરૂં છું અમો. મારે ધન માલ કાંઇ જોઈતું નથી, નારી તેની આપો સરવથી; શેઠ કહે સાંભળજો વાણ, જુઠું બોલુ તો ઈસ્વરની આણ. બીજી વાતે મના વું મન, સ્ત્રી લેઈ ગયો છે તન; તું કહે તો આપુ સહુ વાહાણ, તે વાતે સાક્ષી શ્રી ભગવાન. ત્યારે શોમદતે માંડયું રૂદન, મારી સ્ત્રી અતિ પાવન; ધન માલને હું શું કરૂં, તે સ્ત્રી વિના તો નિશ્ચય મરૂં. એમ શોર બકોર થયો જાહારે, ઘરમાંથી વહુ આવી તાહરે; અરે સસરાજી આ શી રાઢ, કેમ માંડી બેઠા છો વઢવાઢ. સસરાએ ત્યારે જોડયા હાથ, ને વહુને માંડી કહી સહુ વાત; ત્યારે વહુ કહે ઘરમાં આવો તમો, તેનું મન મનાવું અમો. ઘરમાં તેડી કહ્યું વરતાત, બાગી તે દાશીની બરાંત તે ફજેતી કરશે આવીર, લોક મેળવશે અપરંપાર. તેની સાથે જોઈશું અમો, માટે હું કહું તેમ કરો તમો; જો કામ આપણું થાવું હોય જેમ નવ જાણે બીજુ કોય. સસરે સાંભળી

વહુનાં વચન, શાબાશ છે વહુ તમને ધન; શાબાશ છે તારી જાતને શાબાશ છે તારાં માત તાતને. મારૂ દુઃખ તમથી ન ખમાય, આબરૂ રાખવા તું તો જાય, એવું કહીને આવ્યા ત્યાંય, શોમદત્ત ગુણકાએ ઠી છે જ્યાંય. કહો ભાઈ હવે કરવુ કેમ, તમો બતાવો કરીએ તેમ; કહો તો ઘરનું સોપુ સહુ, કહો તો દીકરાની સોપુ વહુ. વહુ છે લક્ષણુ ગુણુ ભંડાર, અમારે પણ વહુનો આધાર; રતનમાલ છે તેનું નામ, કહોતો આપુ કરી પ્રણામ. ત્યારે શોમદત કહે કેમ થાય, પારકી વસ્તુ કેમ લેવાય. વળી પરણતાં બહુ ધન, ક્યાંથી ગમે મુજન. ત્યારે ગુણકા બોલી શોમદતની સાથ, માનો શેઠ કહે છે વાત; હોનાર વસ્તુ એમજ થઇ, બાકી શેઠનો વાંકજ નહી. શેઠ કહે જો માનો તમો, તો વહુ ઊપર પાંચ વાંહાણ આપુ અમો, સોમદત કહે હવે કરીએ કેમ, તમે કહો તો કરીએ તેમ. બાકી હમારૂ મન તો માને નહી, પણ તમારી વાત રાખવી સહી, તમે શેઠ શાહુકાર છો સાર, ઝાઝુ કહીએ તેમાં નહી વેહેવાર. પછે પાંચ વાહાણને વહુ દીધ, તે વાત તો લખાવી લીધ; શીવંત કહે અમારૂ બહુ પાપ, અમને ઘણો લાગ્યો સંતાપ દીકરો ગયો ને વહુ પણુ ગઈ, મારી પાસે રહ્યું નહી કંઈ; એ વહુ વડે મારૂ ઘર શોભતું, સુંદર શોભાવી આપતું, તેમાં સહુ ઉઠી વાટ, દીકરાએ વાળો બહુ દાટ, વહુ ગઇ અમારી સરવથી, માહારી આબરૂ જવા દીધી નથી. એ વહુ મારી આખી લાજ, નીકર મારૂ કરત કોણુ કાજ; શાબાશરે વહુ સુખી થજો. કામ કાજ મુજને કહાવજો.

દોહરા—તાહારે વહુ કહે સસરા સુણો, શાને દુગીયા થાઓ; લખ અમ સબંધ એટલો, હવે સુખે મેહેલમાં જાઓ; એમ કહીને પડી, સાસુને લાગી પાય, બોલ્યુ ચાલ્યું મા. ગણુશો નહી. એમ કહીને થયા વીદાય. પછે ચતુરા વાહાણુમાં સાથે ચડયો સોમદત, હવે કસ્તુરાવતી કહે રાયજી, એવી નારીની છે મત; હવે આવ્યાં ત્યાં

બે જણાં, ભર દરીયા મોઝાર, હવે ત્યાર પછી શું નીપજ્યું તેનો કહુ વિસ્તાર. ચાલ્યાં વાંહાણુ તે જોરમાં, માંહે બેઠાં નરનાર; તારે સોમદત કહે સ્ત્રી સાંભળો, મારા મનનો વિચાર, મારે ઘેર જવાય નહી, મારી સ્ત્રીની લાગે છે બીક, કહે સ્ત્રી ચરીત્ર લાવ્યા નહી, શું કામ કરવું એ ઠીક વાહાલાંને આગળથી મોકલ્યુ, માલ ન લાવ્યા લગાર, તારે શો ઊતર અમે આપીએ, માટે ઘેર કેમ જવાય, તારી સ્ત્રીં પણ ભોગવે, પર પુરૂશશું જાર, તમને ખબર તેની નથી, દેખડાવીશું ભરથાર, નગર તમારૂ કેટલે, તે સાચી કોહોની વાણુ, નગર સમાપે આવે સહી, ત્યાં નાગરીએ વાહાંણું. તે હવે સમાંપે આવ્યું સહી, ત્યાંથી જોજન ચાલીસ, આગળ સસરાનું ગામ છે; તે પણ ત્યાંથી જોજન વીસ, ત્યારે સામા કેહે કંથજી જ્યારે આવે સસરાનું ગામ, ત્યારે અમને ચેતાવજો, તાંહાં નગર શુને ઠામ, તે નગરમાં ખબર કાહાડજો. કદી પીએરમાં હોય નાર, જો સ્ત્રીચરીત્ર દાખવું, જેમ મન માને ભરથાર, એમ કહીને વાંહાણુ હંકારીયાં, આવ્યાં જોજન વીસ, શોમદત કહે નારી સુણે, આ સસરાનું ગામ છે ધીસ, વાંહાંણુ નગળાં તે બંદરે. પછે કરયો મન વિચાર, પુરૂષ વેશ પોતે ધરયો, રતનમાલ જે નાર, મછવો મુકયો ત્યાં થકી, બેઠાં નરને નાર, ગુમાસ્તાઓ સાથે લેઇ, પછે આવ્યા સસરાને દવાર, શામની સાથે એક વાણીઓ, ત્યાં બેઠાં બેઊ જણ હાર, પુછ્યુ તેને વણીકને, આ છે કોનો અવાસ. કોણ વેપારી એ વાણીઓ, તે જસ કેરો વિખ્યાત, એક દીપચંદ નામે વાણીઓ, શાહુકારામાં રૂડી જાત, વેહેપાર કરે છે વાહાણુનો, જુગમાં છે બહુ વિખ્યાત, એને પુત્રી એક પરીવારમાં, કનકાવતી જેનું નામ, તેનો પીયુ ગયો પરદેશડે, માટે રેહે છે આણે ઠામ, વાત એવી સાંભળી, ચેતી ચતુર સુજાણ, ત્યાં થકી સહુ આવ્યાં, જાંહાં છે વાંહાણ ર તમ, કેહે કંથને રાતે જઈએ નગર મોઝાર, ચરચા જોઇએ તુજ

નારીની, અસ્ત્રી ચરીત્ર પમાડુ પાર, પછે ખાન પાન કીધાં તહી, એવે પડી ત્યાં રાત, મછવો મુકયો તે સમે, ઉતારયાં બે જણ સાથ, ચરચા જોવા કારણે, ચાલ્યાં નારીને કંથ, જોતાં જોતાં સંચરયાં, જ્યાં છે મેહેલનો પથ, મેહેલ જોયો તે નારનો, પછે ગયો તે પાહાર, ત્યાં દોરડુ બારીએ બાંધીયું તે દીઠું નાર.

ચોપાઈ—નારી કહે ઉપર ચડો સ્પષ્ટ, જઇ કરો તમે સઘળે દ્રષ્ટ, ત્યારે સોમદત કેહે જવાય, મારી નાંખે મુજને ઘરમાંય. ત્યારે નારી કહે તારૂ તહી કામ, હું જઇને જોઉ છુ તે ઠામ; એમ કહી હી તે ઊપર ચઢી, જઇ બાર પછવાડે અડી. સરવે કાઢું ત્યાં આં ખડી તળે, જુવે તો જાર વળગ્યો છે ગળે; ભર નીદ્રામાં સુતાં છે તેહ, વસ્ત્ર નથી નગ્ન છે દેહ; તે જોઈને હેઠભ ઉતરી, સ્વામીને કહ્યું તે ફરી. ત્યાં ભર નીંદ્રામાં સુતીનાર, પાસે સુતો છે તેનો જાર; જાઓ ઉપર તમે ભરથાર, ત્યાં નથી કોઈ મારનાર. જઈ જારનું કાપો શીશ, અંતર કરોધમાં આણી રીસ. શોમદત ચઢયો તે વાર, સુતા છે નારીને જાર. ભરનીદ્રામાં બે જણ સહી, કંઠે વળગી સુતાં છે તહી, સોમદતે જોયું તે ઠાર, ધીક ધીકરે તુજને નાર રતનમાલે કહ્યું તે સાચુ સહી, મેં મુરખે માન્યુ નહીં, હવે મસ્તક કાપવા જાઊ જાવરે, કદી જાગી ઊઠે તાહરે, તો મુને મારી નાંખે સહી, એમ કહીને પાછો ઉતરયો તહી, ત્યારે નારી કેહે છે કેમ આવીયા, મુસ્તક કાપી કેમ ન લાવીયા, ત્યારે સોમદત કેહે ધ્રૂજે મુજ હાડ, મારાથી નવ થાએ ઘાત, ત્યારે કેહે તુ પુરો ગુમાર, એમ કહીને લીધી તરવાર, પછી પોતે ત્યાં ઉપર ચઢી આવી જ્યાં સુતાં જારને સુંદરી, ધીમે ધીમે ગઇ તે દીશ, જઇને જારનુ કાપ્યું શીશ, ચોટલી તેની હાથમાં લેઇ, મુસ્તક લાવી હેઠળ સહી તે શીશ બેઠને ચાલ્યાં બે દરીયા કાંઠે આવ્યાં તેહ, મછવા વાળાને બોલાવ્યો જાણ, પાછાં જઈને બેઠાં વાંહાણ, નારી કેહે સાંભળો ભરથાર,

આ અસ્ત્રિચરિત્ર નીરધાર, ઈશકોતરામાં ધાલ્યું ઉલાસ; તાળુંદેઇ કુંચી રાખી પાસ, તમો ઘેર જશો જ્યારે. નારી પીયરથી આવશે ત્યારે, અસ્ત્રિચરિત્ર લાવ્યા ભરથાર; આ મુસ્તક મુકજો કર મોજાર હવે એ વાત એટલેથી રહી. પેલી નારીની શીગત થઈ, રાત પાછલી રહી જાહરે; તે જાગી ઉઠી ત્યારે, તે નારીએ કીધો મન વિચાર ઘેર મોકલી દેઉ મારો જાર, એમ વિચારી જગાડવા ગઇ; તો મુસ્તક વીનાની કાયા સઈ, રૂધીર દીઠુ અપરમપાર. નારી દુઃખ ધરયું અપાર, પછે મન વીચારયું સહી; મારા જારને કોઈએ મારયો અહી, પછે મનમાં એક ધરયો વીચાર; ચોકીવાળાએ મારયો જાર, પછે ચાદરમાં બાંધી ગાંસડી. માથે લેઇ હેઠે ઉતરી, નાંખી આવી તે દરીયામાં જઈ; પાછી આવીને ધરમાં રહી, તે વાત કોઇ નહી જાણ્ણુ નાર. એટલે ત્યાં થયું સવાર, શોક ધરેછે નારી સહી; એ વાત તો એટલેથી રહી, નાગસ્થા વાંહાણુ ખાડીએ. વધામણી મોકલી બાપને, પેહેલાં વાયુ જોરથી ચાલ્યાં વાંહાણુ; આવ્યા કોરકુરે સમીપે જાગ, ધાઇ આવ્યા તે માતને તાત. સાંભળી પુત્રને મળયાં વાત, ત્યાં રતન મારૂ નારીછે જેહે; સાસુ સસરાને પગે લાગે તેહ, વહુ જોઈને હરખ્યા તાત; ઘેર આવ્યાં તે સરવે સાથ, સજ્જન વહુ દેખીને હરખે સહુ રતનમાલ જેવી લાવ્યો વહુ, હવે કનકાવતી જે પેલી નાર. તે તો છે પંયર મોજાર, પુત્ર ઘેર આવ્યો જાહેરે, તેને તે હું મોકલ્યું તહારે, તે પીયરથી આવી સહી. સાસુ સસરાને મળીછે તહી, મળી શોકય રતનમાલ જાહરે; અન્યો અન્ય સહુ મળયા ત્યારે, વાત વીગતની સરવે કહી ઠામ ઠરીને બેઠા તહી.

દોહરા—રાત પડીછે જાહરે, સુતાં નરને નાર; હાસ્ય વીનોદ કરે વારતા, ભામનીને ભરથાર. કનકાવતી કહે કંથજી, લાવ્યા અસ્ત્રિચરિત્ર; તો પ્રીત આપણી રેહે નહી તો થાશે વીપ્રિત, ભાઈ ભોજાઈને આપીયાં; આણી આપ્યું માતને તાત, તમો મારી વસ્તુ લાવ્યા

નહી મેં વીચારયું ફંદીયા સાથ, તમો નારી બીજી પરણીયા; મા હારો અટકાવ, માગી વસ્તુ નહી મળે, ઊતારગો મુજપરથી ભાવ ત્યારે કંથ કેહે કામની, તું વાહાલી મુજને પ્રાણ તાહારી વસ્તુ લા વુ નહી, તો થાય મુજને હાણ તુંને માહારો જીવડો, તુંછે માહા રો આધાર; તાહારી વસ્તુ લાવ્યો સહી, એ પેલી પેટી મોઝાર આ કુંચી આ કુચી લો કામની. તમો હાથે ઊઘાડી લો; અસ્ત્રિચરિત્ર ખોટું કે ખરૂ, જવાબ મુજને દો તે કુંચી લીધી કામની, ઊઘડયું તે વાર; મુસ્તક રૂમાલમાં વીંટીયું, ત્યાં દીઠો પોતીકો જાર. ત્યારે નિહાળું નારીયે એ સાચી નિશાની સહી હવે ખોટુ કેમ કહું; તેમાં સંદેહ નહી.

ચોપાઈ—તે નારી તો ઝાંખી થઈ, તારે કંથે વાણી કહી; કેમ નારી જુવોછો અરૂપરૂ, અસ્ત્રિચરિત્ર ખોટુ કે ખરૂ. તારે નારીએ જોડયા હાથ, સ્તુતિ કીધી સ્વામીની સાથ; ક્ષમા વાંક કરો માહરો મેં ઘણો વાંક કરયો તાહરો. પગે લાગે તે નરને નાર, રીસ ન ક રશો માહારા ભરથાર, નારી નીચ થઇ છે કથી બુદ્ધી નારીમાં કાંઈ એ નથી. તમે મારા સ્વામી ચતુરશુજાણ, અવગુણ સાંખે ગુણવાન એમ કહી નયણે નીર ભરયાં, તારે તાં બોલ્યો ભરથાર શાને નારી આવડુ દુખ ધરો, તમે અપરાધ સાને કરો એવુ ઠામો ઠામ જોયુ નથી, તેમાં વાંક તમારો નથી. સુખે નારી રેહેજો તમો, તેની રીસ નથી કરતા અમો; તારે નારી પણ પામી હુલાસ, સુખે રહી સ્વા મીની પાસ. પછે મનમાં વિચારયું તે ઠામ એને પેલી નારીનુ કામ મારો સ્વામી મુરખ ઘણું શું સમજે ચરિત્ર ચતુર તણુ, પેલી નારી લાવ્યો ભરથાર, તે નારે કરયો હુસીઆર. દેખાડી દીધુ માહેરૂ ચરી ત્ર, તેથી વાત થઈ વીપ્રીત પછે શોકયો બે એકઠી મળી, વાત ગો ઠી માંહે હળી ભળી, પછે ખાય પાયે ને દીન નીરગમે, કરે વિનોદ બંને જણુ રમે એ વાત અહીથી પુરી થઇ કસ્તુરાવતીએ બરાસ

ને કહી એવાં છે નારીનાં ચરિત્ર તે શું જાણે પુરૂષ રીત.

દેહરા—કસ્તુરાવતી કહે રાયજી, માટે નારી ચતુરસુજાણ; પુરૂષ બ ચારો શું કરે, અકલવનાનો અજાણુ તે શોમદત સમજયો નહી, નવ સમજયો ભુલો શેઠ; પેલા ગુણકા મળી જાહરે ઠીક પોંચાડયા ઠેઠ ગુણકાએ મેળવી નારને જેનું રતનમાલ છે નામ, તે નારીયે ચરિ ત્ર કરયું; પાર પડયું સહુ કામ.

ચોપાઈ—એવી વાત કરી જાહરે, રાજાને ગુસો ચઢયો તાહરે; રકત થઇ ગયાં લોચન, ઉતરી ગયુ રાજાનું મન જુઠી વાત મુજ આગળ ભણો, પુરૂષ તે લખમાં નહી ગણો; હવે તારે મારે શાનો સબંધ, તુટયો તારો મારો બંધ. હવે તું નારીને હું નર નહી, એ વી બરાસરાજાયે વાણી કહી; તારે નારીયે વિચારયું મનમોઝાર, તે રીસાઇ જશે મ.રો ભરથાર. ધણે દોહલે હું પામી કંથ, તે વળી જ તાં રહેશે પંથ; પછે કાલાવાલા માંડયા ઘણા. ને કસ્તુરાવતી એ બ રાસ તણી સ્વામી એતો સહેજમાં વાત થઇ, એનો કરોધ તમારે ક રવો નહી; અસ્ત્રિ અલપ બુધી અગ્નાન, વાત કહી ને થઈ અજા ણુ મુરખ છે નારાની જાત, ન જાણે વીવેક વીચારની વાત; હવે મારા સમજે ધરો દુખ, શા માટે ઉતરી ગયુ મુખ. હવે આવો આ લીબન લીજીએ, એ વાતનો શોક મુકી દીજીએ; નીસાસા મુકે વા રંવાર, પણ બરાસ નવ બોલે લગાર. પછી કસ્તુરાવતી પસતાઇ ધ ણી, સ્તુતી કરે સ્વામી તણી; ન ખાધુ ન પીધું તહી, રાત પડી ને સુતો જઇ. મુખ નથી બોલતો લગાર, સાંભરયો વજીર તણો કુ માર; નારી કાલાવાલા કરે, બરાસ રાજા મનમાં ન ધરે. નારી વ ળગવા જાય જાહરે, છંછેડી કાહાડે તાહરે; એમ કરતાં મધરાતજ ગઈ, નારીતો નીદ્રાવશ થઈ. તાહરે બરાશે વીચારયું મન, હવે તે ઊંધી અસ્ત્રિ જન; દોરડુ બારીએ બાંધું સાર, ત્યાંથી નીકળી ના ઠો બાહાર. દરવાજા પાસે આવ્યો સહી, તારે દરવાજો ભીડયો તહી

છાનોમાનો નાઠો તે ઠાર, ઉઘડતે દરવાજે નીકળગ્યો બાહાર. વળીલી ધો છે ફકીરનો બેશ, રટણુ કરેછે દેશો દેશ; મનમાં એમ કરયો વીચાર, મળી જાય વજીરનો કુમાર.' એમ વીચારી ફરતો ફરે, વ જીરનો કુમાર. એમ વીચારી ફરતો ફરે, વજીર સુતને ચીત્તમાં ધરે. જો મળે મુજને મીત્ર સાક્ષાત, તો સુખ દુખની કરીએ વાત; એમ વીચારીને ચાલ્યો જાય, જુવે વન ડુંગર ને ગફાય, હવે એ વાત તો એટલેથી રહી, કસ્તુરાવતીની સીગત થઈ.

દોહરે.—જ્યારે નારી નીંદ્રાવશ થઇ, રહી જ્યારે પાછલી રાત; સ્વપન લાધું તે નારને; તે હુ કહુ વીસ્તારી વાત. જાણે સ્વામી રીસાઈ ગયા, બાંધી અંગ અથિયાર; ત્યારે કાલાવાલા કરેછે ઘણુ,તોય માને નહી ભરથાર. સ્વામી કહે હું કંથ નહી, તું નહી મારી નાર; એમ કહી તરછોડી નારને, નાઠો ત્યાંથી ભરથાર. ત્યારે નારી છેડે વળગી પડી, ન જાશો મારા ભરથાર, રોઈને ઘણું કળકળી એટલે ઝબકી ઉઠી નાર, ત્યાં સ્વામી દીઠો નહી સેજમાં. તારે પડી પેડમાં ફાળ, મુરછાંગત થઈ નારી પડી; હવે આણું મારો કાળ, શીશે કુટે હઇડુ હણે, તોડે માથાના કેસ. હાય એ હવે હું શું કરૂ, કંથ મેં મેલી ચાલ્યો પરદેશ.

ઢાળ ઊદાસી—કસ્તુરાવતી ઘણું ટળવળે, વલવલે મેહેલ મોઝાર નીપટ નીરાસ મુજને કરી, મનમાં નવ ધરે તુજ ભરથાર આવી વાત મે શાને કરી જેથી સ્વામીને માઠુ લાગ્યું ફરી, એ રીસ ચડાવી નાશી ગયા, એ દુખ ઘરવુ પડુરે, એકવાર સમુદ્રમાં પડી ત્યાંથી પ્રભુએ લીધી ઉગારીરે, વળી ભોગ અધુરા હતા. જેમે વાત એવી કાઢીરે, ઓ કુમળા કંથજી. જુઓ રાંકડી સામુરે, અલ્પ અપરાધ માટે તજી ગયાછો મહા કષ્ટ તેથી પામુરે, નવ ઘટે પ્રાણજીવન મા હરા, આમ તજીને જાવુરે. જો મુજને કહી ગયા હોતતો, હુ પણ પાછળ આવુરે, મેં જાણું જે હાસ કરશુ,હાંશીમાં થઇ હાનીરે ઓ

પાપી મારા પ્રાણીયા, કેમ બેશી રહયો ઘટમાં પ્રાણરે એ કસ્તુરા વતી મારી માવડી, એ કરપુર સેન તાતરે, એ કંસના રાયજી. ભરાસ મારો નાથરે. પેલેભવ તરછોડેથી, હંસ તણો અવતારરે આ. ભવ તરછોડી ગયાછો; મારા પ્રાણજીવન આધારરે. હો પ્રભુ હુ કોની ને કોણ તણી, માહારૂ હઇડુ કોણરે તમ વીના નીસ્ચે મરૂ, કાહાડુ કોહાતો પ્રાણરે, જો સંતાયા હોય તો છતા પડો, હવે નથી રેહેતી ધીરરે પ્રાણજીવન પ્રાણ જશે, એમ કહીને ભરતી નીરરે; પેલેભવે કરમ શાં કરયાં, કાંઈ ધાવતાં છોડાવ્યા બાળરે. કે કાંઇ વીસવાસ ઘાત કરી કે ફોડી સરોવર પાળરે, કે બ્રાહમણની નીંદા કરી કે કરયો કન્યાવીક્રયરે. કે કુડા ચડાવ્યાં આળરે, કે ગાયોને દીધી ગાળરે એમ કરે વીલાપ કામની ચોદેશ ભાખેરે, પેલી વેહેલી જુવે પેહેલી બળતાને કાં બળેરે, પછે ભયતુર થઈ, મન વીચારે વાતરે, હવે મળવુ નહી થાય નાથજી, માટે કરૂં દેહની ઘાતરે. પછે કેસ તણો ફાંસો ઘાલ્યો, વળી વીચારયુ મનરે. એમ જીવ કાઢે સીધી નથી માટે ખોળુ મુજ ભરથારરે.

ચોપાઇ—પછે વિચારયું મનમાં નાર, રડે જડે નહી ભરથાર, માટે ધીરજ રાખું મન, ખોળવાનો કરૂ ઉધમ. પછી રાત્રી જારે થઈ, લીધો પુરૂષનો વેશજ સહી, સુંદર શોભે તેની કાય, જાણે કોઈ પ્રથ્વીનો રાય. જેના તેજથી સુરજ જંખવાય, પુરૂષ દેખે તે લજવાય; અશ્વ પાણીપંથો સજ કરયો, તે ઉપર પોતે અસ્વારજ થયો નીકળો ત્યાંથી રાતો રાત, કોઈએ ન ઓળખે એ સ્ત્રીની જાત; અ-અશ્વ મારી મેલ્યો તહીં ને અઘોર વનમાં ચાલ્યો વહી, કાંઈ ન ગણે લેખા માંહે, ખેડ ખેડ કરતો જાય; એમ દેશાટન કરવા બહુ રહ્યા, પછે તેના ઉપાય શા થયા. એક શુબાહુ નામે રાજન, તેનો વીરભટ નામે તન, તે મ્રગીયા રમવા જાય, તે આવ્યો વનની માંહે. તે મારગમાં જાય જેટલે, પેલો પણ મારગમાં મળો તેટલે. તે વી

ચાર કરે છે મન, નખશીખ નીહાળું તેનું તન; તેને વીચાર કરયો સરવથી, એ નારી છે પણ નર નથી. પાસે જઈને ચરચા જોઉં, મારા મનનો સંદેહ ખોઉં; એમ કહીને પાસે ગયો, જઈને એક ઓલજ કહયો: ઘોડો લગભગ લીધો પાસ, મુખ થકી બોલ્યો હુલાસ: કોણ રાજાના છો કુવાર, પ્રાક્રમ દીસે છે અપરમપાર. એકાએક એકલા છો જાત, સાથી સાગા નથી કોઈ સાથ તેણે પણ જુહાર કીધો સહી; પછે મુખતી વાણી કહી, તમો પણ ક્ષત્રીના તન, કેમ એકલા આવ્યા વન, કપુરાવતી નગરી છે સાર, ત્યાંહાં તણાં અમો રેહનાર, કામસેન છે મારૂ નામ, આવ્યા અ્રગીયા રમવા કામ, ભુલા પડયા ને વનમાં ભમ્યા, દુખ બહુ દેહમાં સમ્યા, ત્યારે બોલ્યા વીરભદ્ર રાજાન, ભલો કપુરસેનનો તન, આ સમીપે નગરી છે સાર, ત્યાં પધારો રાજકુમાર. થાક ખાઓ ને સુખીયા થાવ, દીવશુ એક રહીને જાવ; ત્યારે કામસેને વીચારી પેર, ગયો તેના સંગાથે ઘેર.

દોહરા—ઘેર લાવ્યો તેં ગુણનીધી, વપુએ વીચારી તે વાત, જોઊં ચરચા એહની, જે થાય દીવસને રાત. જો સ્ત્રી કરશે નિષ્ચય સહી, રાખીશ ઘરમાં નાર; ભોગવીશ તે ભામનીને, આપથી મન વિચાર્યું ઠા, રાતે દીવશ ચરચા જુએ, અકરી કરે અનુંદીન, પણ પલક એક પકડાય નહી, ન આવે સમજણ મન, ત્યારે વીરભદ્ર એમ બોલીયો સાંભળ કામસેન મુજ મીત્ર, એક ગુજ વાત તમને કહું તું, પરમપવીત્ર; એક નાર છે સુંદર અતી ઘણી, મુજ માનીતી છે સાર, તેને તન ધન જુદુ નથી, અમારે પ્રીત છે અપરમ પાર. તેણે મુજને દેહ સોપી સહી, તનમન માહરી પાસ, તે ભામનીને હું ભોગવું, કરૂં છું રવીલાશ, હવે તમે મહારા મીત્ર થયા, વળી આપણ છીએ એક જાત. માટે તમારી આગળ ભાગી મનની ભરાંત, માટે મીજબાની આજ કરીએ સહી, માહરી વાડી માંય; તે નારી પણ આજે આવશે. તમો જરૂર આવજો ત્યાંય,

ત્યાં ખાનપાન કરીએ બેહુ જણા; આપણે ભોગવીએ નાર, મીત્ર માટે તમને કહૂ, બીજાને નવ કહુ લગાર, સરખે સરખા બે જણા; માટે કહ્યા મેં વાત એ અસ્ત્રી રંભા છે સહી, આપણે રહીશું આખી રાત. વળી કોઈ જાણે નહી, એવું કરીશું કામ, માટે એ ઘડી રાત જતે, તહાં જરૂર આવજો તે ઠામ. ત્યારે કસ્તુરાવતીએ વીચારીયું શુ એ ગએ મુજ કાજ, કાંઈ બુદ્ધિ લગાડુ આ સમે. રાખુ મારી લાજ, પછી બુદ્ધિ વીચારી બોલીયો; સાંભળ વીરભદ્ર રાજન, તમારી વાત સાંભળી કરી. ઘણું હરખ્યો હું મન, કારણુ મારા મનતણું, તે સંભળાવું વરતાંત; તમે મીત્ર છો માટે ભાગુ તમારા મનની ભરાંત.

ચોપાઈ—એક વારને સમે શું થયુ, ને તમ આગળ માંડીને કહુ; એક હુંને મારો મીત્રજ સાર, નીકળા ગરગીયા રમવા બાહાર, તે દાહાડે હરણ દેતાં ફાળ, અમે બેઉએ આણ્યો પશુનો કાળ; એટલામાં શું કઊતક થયું, અરે મીત્ર તમને શુ કહું, એક મરગલો મરગલી બેઊ જણાં, રેહેવાશી તે વનજ તણાં; તે નર નારીને સ્નેહજ ઘણો, દીવસ વીહાર કરે તે તણો અમને તેનું નોતુ ભાન, મેં અજાણુ મુકયુ બાણુ; તે મરગને વાગ્યુ જઈ, રંગમાં ભંગ પડયો છે તહાં, અડધો વીહાર રહયો તે ઠાર, એવામાં તે મારયો ભરથાર. પુરૂષ સંગ કરવા નહી દીધો અંજાણુ, અધવચ લીધો મરગનો પ્રાણુ, તે માટે શ્રાપ દેઊં છું અમો, ચેતવું હોય તો ચેતજો તમો. તુને તાહરી સ્ત્રી સંગ કરશો જાહરે, અધવચ તું મરશે તાહરે. પુરો સંગ થવાનો નથી, અધવચ પ્રાણુ જાશે સરવથી જાહારે એવી કહી મરગલીએ વાત, થરથર કપ્યા મારાં ગાત્ર, ન રહી મહારા મન ધાર, નેતરેથી રણાં બહુ નીર. કાલાવાલા માંડયા ઘણા, વીનય કરવા બહુ મરગલી તણા; માહારી નારી છે ચતુર સુજાણ, મુજને જાણે તનમન પ્રાણુ; હજી તો છળ મન રહી; ભોગ

અતિ એક ભોગવ્યો નહી. ત્યાં નારીને મત આરત ઘણી; ભોગ, વિલાસ ભોગવવા તણી. તેની પુરી પટી નહી એ આશ, હવે ભોગવું તો થાએ નાશ મેં તો અજાણ કરી ઘાત, જાણ્યા વીના કીધી વાત. માટે ખેમા કરો સરવથી, એવા દીનના બોલજ કહ્યા, કહ્યું જે અસ્ત્રી ભોગવજો આપ, તે તો શ્રાપ મેં કીધો માફ. પણ પર અસ્ત્રિ સંગ કરશો જાહરે, નિશ્ચય ત્યાં મરશો તાહારે એવુ કહીને મૃગલી ગઇ, માહરા જીવની શાતા થઇ, એવો શ્રાપ મુજ સહી, માટે પરઅસ્ત્રિ સંગ થાય નહી. તમે તો કોહોછો સુખને કાજ, પણ મારૂં મોત લખ્યુ તે ઠામ, માટે સુખે રમજો તમો, તે નારી સાથે નહી રમીયે અમો. અમથી તાંહાં નહી અવાય, એવુ કહિ સમજાવ્યો તે રાય. તે પણ સાચુ માન્યુ સહી, એ વાત કાંઈ જુઠી નહી. હવે હું પરપંચ કરૂં સાર, હવે એનો નીસ્ચે કરવો નીરધાર, તેમ વિચારી વીરભદ્ર ગયો, પછે કામસેનને અંદેશો થયો. રખે એ કાંઇ આહાતો હોય, ચરચા માહારી નીરચે જોય; માટે અહિયાં રેહેવુ નહી એવું વીચારયું કામસેને સહી. તેતો રાતોરાત ત્યાંથી પરવરયો, વળી અઘોરવનમા નીસરયો, દર મજલ ચાલ્યો જાય, કોઇને ગણે નહી લેખમાંય એમ દીવસ ઘણા ગયા વહી, એક નગર આવ્યુ તહી.

દોહરા—એક નગર રળિયામણુ, જાણે ઉગ્યો ભાણ; તે નગરમાં કુંવર ગયો, જે કપુરસેનનો તન. ઉતરયો જઇને વાડીએ, અસ્વ બાંધ્યો તે વરક્ષ. શોભા નગતમ તે જાણી, જોયાં કરે સહુ ચક્ષ સુતો સોડ તાણી સહી, થયો નિંદરાવશ દેહ, એટલે માલણ વડી તણી, વાડીમાં આવીછે તેહ, સુતો દીઠો તે જનને. માલણ વીસમે થાય, તે પાસે આવી જેટલે, ઝબકી ઊઠયો રાય ત્યારે માલણ કરજોડી રહી વીનય કરી બોલી વાણ, તમે કોણ દેશના અધીપતી કોણ તણા સંતાન, ક્યાંથી આવ્યા ને કયાં જશો આ નગરમાં શું છે કામ, બાળપણે બાહા નીસરયા, શું છે તમારૂ નામ, ત્યારે રાજકુંવર કહે અધિ,

પતી કપુરસેન મુજ તત. કામસેન નામ અમતણું, ને મ્રગીયા તે નીકળયા બાહાર; અમો માહા વનમાં ભુલા પડયા, આવી પોતા આ ઠાર. હું તુને પુછુરે માલણી આ નગરનુ શું છે નામ; રાજા એનો કોણછે, સુખ દુખ કેતાંક ઠામ રજા ને પરીવારછે કેટલો, સુખ દુખ વરેધ કે ઘણું; તે સહુ અમને કહો સહી, સંભળાવો સાચી વાણ. ત્યારે માલણ કહે રાજન સુણો, તે કહુ સઘળુ વરતાંત; તમો મંદીર આવો માંયરે, તો ભાગુ મનની ભરાંત રાજકુંવર એમ સાંભળી, મનમાં થયો મગન; ત્યાંથી તે ચાલીયો, આવ્યો માલણને ભોવન. માલણ હેત ધરે ઘણું, જાણે પેટનો તન; ત્યારે રાજકુંવર કહે માલણી, મારા મનની વાત, આ નગર દીસે રળીઆમણું, એનો કોણછે રાજામ; સુખ દુખ કેવુ શેહેરમાં, તે સાચી કહો વારતાય, ત્યારે માલણ કહે સુણ અધિપતી, આ નગરનું વરણન, તે તમને પ્રીતે સરવે કહું, તે તું સાંભળ રાજન હવે માલણ કહે સુણો રાયજી તે નગરની સોભાય. સુખ દુખને હાણ, વરધ કહું સરવે વારતાય.

ચોપાઇ—તારે માંલણ કહે સાંભળરે રાય, આ ચંદનવતી નગરી કહેવાય; ચદનસેન રાજાનુ નામ, ચંદનાવતી રાણી અભિમાન એક ચંદ્રમુખી કન્યાય, બીજી સતી તસુરે ઠાય; રાજ રામાના સરખુ સહી; સુખ દુખ કોઇ જાણે નહી. ઘેર ઘેર સદાવરત અપાય, ઘેર ઘેર કથા રોજ થાય, પુત્રની પેરે પાળે પ્રજાય, બાહારણ તે રાજા આહાય, પ્રધાન પણ સુબુધી રહી, એમ વાત રાજાની કહી, રાજકુંવર કહે માલણ માય, મુજ એક કહોની વારતાય; ચંદ્રમુખી જે કુંવરી સહી, તે પરણી કે કુંવારી તહી, ત્યારે માલણ કહે સાંભળ રાય, તે કન્યાકે રૂપની રંભાય; ભણી ગણી બની છે ઘણી, શી સોભા કહું કુંવરી તણી. રાજા તેને પરણાવા કરે, ત્યારે કુંવરી ના ઓચરે; મારા મનમાં પ્રાણુજ મન ધણુ;

માનેતે સાથે વર; શમશા માહારી પુરશે જેહ, અમો વરકુંવરી યા તેહ, તે શું જાણીએ શી સમજ્યાય; એવી હઠ ધરે મન માંય, કોઇથી અરથ થતો નથી, માટે કન્યા કુંવારી સરવથી અરથ કર નાર મળસે જાયરે, તે કન્યા તેને પરણશે તાંયરે એવી સાંભળી માળણની વાત; સાચુ બોલુછુ તારી સાથ, તે કુંવરીએ શમશા કરી હશે જેહ, નીસ્ચે અરથ કરીશું તેહ. પણ એક મુજને બાધા જાણ, પણ એ કન્યા પરણું નહી નીરવાણ, શમશા એના મન ની કહુ પણ કન્યા હું નહી લેઊ, એ મન ધરતી હશે અહંકાર જે પ્રથ્વીમાં નથી કોઈ કેહેનાર. માટે એના મનનો મરડુ મોડ શમશા કહીને જીતુ હોડ. પરણ્યાની તો કહુછુ નાય એવું હોવનો કહું શમશાય ત્યારે માલણ બોલી તહી, હવે હું જાઊં કુંવરી ની પાસે સહી તમ વચનથી હું જાઊં, જઇ કુંવરી પાસે વધા ઇ ખાઊં; એવુ કહીને ચાલી નાર, તે કુંવરીના મેહેલ મોઝાર. જઈ ચંદ્રમુખીને કરયો પ્રણામ, બાઇ મુજને આપો ઇનામ એક કપુરસ્વભાવતી નગરી જે કેહેવાય, તેનો કપુરસેન રાજાય તેનો કા મસેન નામે છે તન. તે આવ્યો માહારે ભોવન. તેણે મને પુછું વ રતાંત ભાગી માહરા મનની ભરાંત; એ કુંવર કહે શમશા કહું સહી પણ કન્યા માહારે પરણવી નહી. તે બાળપણામાં જોબન વેશ નીકળી આવ્યો છે પરદેશ.

દોહરા—માળણ કહે સુણ કુંવરી સાચી કહીએ પેર, શમસા તારી પુરશે સહી તે ઉતરયો મારે ઘેર. ચંદ્રમુખી એ સાંભળી મા લણુના મુખની વાણ. કુંવરી તે વ્યાકુળ થઇ. તલપવા માંડયો પ્રાણ. સાંભળ માલણ માહરે. થઇ હાંશીને હાણ; હઇએ ધીરજ રેહેતી નથી. જઇ વળગ્યો ત્યાં પ્રાણ. વળી ચીંતા એક ઉપની આતમાં ધીરજ ન રહે તાંય; શમશા એ કેહેસે પ્યરી પરણવાની ના કેમ કેહેવાય. મે એ પણ તે માટે કરયું. જે કાંઇ હશે ચ०

સુરસુજાણ; તે શામસા પુરશી તેના મહીશું પ્રાણ. તે મીલ્યા પછ્ચ અયું માહરૂં. હવે શું વરશે કીરતાર. નીમીત માત્ર શામસા કરી જોવા ચતુર ભરથાર વિચારયુ વાએ ગણું મળશે શી કરી પેર વ ળી રૂપ વરણું તેહનુ વળી પ્રાક્રમ ઘણું જોર. તેથી જીવ રેહેતો ન થી. હવે મનમાં બહુ પસ્તાય. હવે શુ કરૂં રે શું થશે. હવે તે કયા જઊં હુંય. આવો બીજો નર મુને કયાં મળે રૂપ ગુણનો ભંડાર રૂપ હશે ત્યાં ગુણ નહી; ગણું ત્યાં રૂપ નહી લગાર. પછી મંદી રમાં ગઇ ગનુની. કામી મન વિચાર પત્ર લખ્યો એક પ્રિતથી: ચ તુરાઇથી નીરધાર.

છપ્યા—લખે કુંવરી ચતુર સુજાણ પ્રણામ હમારો લેજો; હુંછું તમારી દાસ. આશ માહારીછે જો મે નથી દીઠું તુજ રૂપ ભુપ પ્ર થવીનો કહાવે. માલણ કેરાં વખાણ. તે બાહાણ રૂપે ખુચાવે; આ શમશા તેનિમંત માત્ર પણ ગાત્ર શોખ્યુછે તુને સહી. માટે તમ મન સોંપ્યું. આશા પુરો આવી અહી; તુ કુવરી લખે કામસેન. તમ વિના દેહ ધરવો નહી. પ્રણામ સચો કરવો સહી મેતો પ્રણ મના હડી. તુ મારો આધાર. તું જીવનો છે માહારો તુ મારો સરદાર મુને આશરો છે તારો. હવે તુજ વિના તલપે છે પ્રાણ હા ણ થાશે કાયાની. માલણ વચનની રીત. પ્રીત લાગી માવાની; માટે કરગરી કહુ કરજોડ પરણાની હા કેહજો કોટીકોટી કહું વાર, પ્રણામ હમારો લેજો પ્રતિ ઉત્તર લેખજો પત્રનો કોટીવર શુ કહું કથી શામળ કેહે કુવરી લજ મને, તુજ વીના બીજુ કોઈ નથી

ચોપાઇ—એમ પતર લખ્યો તે વાર ઘરમાંથી તે આવી બાહા ર માલણને કહે કેહેજો તમો. આ પતર આપુછુ અમો પ્રતિઉતર તેનો લાવજો, વધામણી વળી કહાવજો; મારી વતી કેહેજો પ્રણા મ. કહીએ કુંવરીછે તમારે નામ. એમ કહીને છાની રહી. માલણ પોતીકે મંદિર ગઇ જઇ કુંવરાંનો કેહયો સમાચાર કુવરીએ કહયા

છે જુહાર. કહી કુવરીએ સઘળી વાત પતર હતો તે આપ્યો હાથ તે વાંચ્યો એકાંતે જઇ. ચીંતા અદકી મનમાં થઇ એ વિનતા એ કર્યું છે પરણવા કાજ. હવે મ્હારી કેમ રેહેશે લાજ સમજાની હા કેહેવડાવી તહી તેથી પસ્તાયો હુ સહી. હવે શો કરૂ ઉપાય પ્રતિઉતર શો લખું તાંય, પછે મન વીચારી ચતુર સુજાણ પતર એક લખ્યો નીરવાણ.

છપ્પા—સાંભળ ચંદ્રમુકી નાર. સાર લખીછે તારી માહારેએ મોકુ પણ વાત માનજ તું માહારી મે પરણવાના ખાધ સમ કેમ હવે પરણું; પ્રથમ કહુ શમશા ને અસ્ય પછે વાત હુ માહારી વંરણુ એ પરણુવા કરે કાજ બાજ બાબાપની મે લોપી; પણુવાની કરી જ્યારે પેર. ઘેરથી આવ્યા કોપી. માટે સમશા વાત પ્રથમ કરો પરણુવાની વાત પછે સહી; શામળ કહે સરવે સાંભળો એ પ્રતિઉતર લખ્યો તહી.

ચોપાઇ—સાંભળ નારી તુ મારી વાત મે સાચો અક્ષર કહયોતુજ સાથ. જ્યારે પરણુવાની કીધી ઘેર વાત તે સારૂ મુકી આવ્યો માતને તાત. પ્રથમ અરથ હુ શમશાનો કરૂ. પછે હુ પંથે પરવરૂ; માટે તારા બાપને કરતુ જાણુ હું આવી કરૂ પરણામ. તારૂ ભાગ્ય મોટુછે નાર, વળી કોઇ આવી અબળ ભરથાર, હમારા ઉપરથી મન પરહરયો. શાને નેહ અલીશે ધરો જોઇ તમો શમશા શી ધરી. તે જાણુ ટરોની વેઅે કરી બીજી વાત પછે કરજો સહી પ્રથમ શમશા પુછો આહી એ રીતે લખ્યો છે પતર માલણ હાથ માં આપો તરત; માલન તાંહાંથી વેગે ગઇ જઇ કુવરીની પાસે ઉભી રહી. પતર આપો તેના કરમાંય, ચંદ્રમુખીએ વાંચો મન માંહે પછે ચાંદેશો કીધો મન સાથે સહી હવે એ નર આવ્યો જાયછેસહી

દોહરા—ચંદ્રમુખી ચતુર છે ઘણું વિચારયું મન સાથ. પ્રથમ સમસ્યા પૂછીએ પછે પરણુવાની વાત ધીમે ધીમે શાવતાં ધીમે શાક

કુચ હોય; માળી થાયે શોગણું, પણ રત વિના ફળ ન હોવ, પરથમ તેડાવું મોહોલમાં કર તાતને જાણ; જોઉં ચતુર છે કે મુરખ છે, પછે પરણું નીરવાણુ. એમ વીચાર પોતે કરયો, તેડી પાસે એક દાસ, તેને વાત વિગત સરવે કહી, મોકલી રાજાની પાસ. તમે કોહો તો તાતજી ખરૂ કરૂં મુજ મન; માળી મંદાર આવીયો, કોઇ રાજા કેરો તન, કોઇ કહે અરથ અમો કરૂ, માટે આજ્ઞા આપો તાત; એને મેહેલમાં તેડી કરી, હું પુછુ મારી વાત. રાજા સાંભળી ખુશી થયો, કહી દાશીએ પેર; કુંવરીને કહીએ વાત સુખે કરો, તેડી રાજાને ઘેર, મન માને જો દીકરી, તો પરણજો એના સાથ; એ વાતમાં રાજી ઘણા એવું કાહાવ્યું તાત. દાશીએ આવી કહ્યું, ચંદ્રમુખીને વાણ; તેડો રાજકુવરને તમો કાહાવ્યુ છે રાજન. ત્યારે પ્રસન થઇ તે પરેમદા, માલણ તેડાવી તરત; કહ્યું રાજકુંવરને મોકલો, જે આવ્યો છે મહીપત્ય. માલણ ત્યાંથી પરવરી, કહી રાજાને પેર; ચંદ્રમુખી કુવરી રાયની તે તેડે તમને ઘેર અરથ પુછે સમસા તણો, મનાવો તેનું મન; કન્યા પરખો કોડામણી, જેવું રૂપ રતન.

ચોપાઇ—સાંભળી તે માલણની વાત, હરખ્યો તેના મન સંઘાત, એવું વીચારયું રાજકુમાર, આવ્યો ચંદ્રમુખીને દવાર, અબળાએ ઉઠી કરયા પ્રણામ, ભલે પધારયા ચતુર સુજાણ. આજ ઘણો હરખ પામી છું અમો, કીરપા કરી પધારયા તમો, આપ્યું કનક તણું આસન, બોલી તે કર જોડી વચન, દેખીતા છો સુંદર વેશ, કેમ નીકળા એકલા પરદેશ, કોણ કન્યા પરણા છો તમો, તે વિનય કરી પુછુછુ અમો, ત્યારે બોલ્યો કામસેન રાજન, વારે વારે કેહેતાં આવે છે લાજ, કાગળમાં લખ્યું હતું અમો, તે સરવે જાણો તમો, વારે વારે શું કહીએ કથી, મેં જુઠી વાત કાંઇ લખી નથી, પુછ તારે પુછવું હોય સહી, તેનો ઉતર આપીશ આહી,

એમ કહીને છાનો રહયો, ત્યારે અબળાએ બોલેજ કહયો, હવે મારા મનનો ભાગુ ભેદ, સોપુ તન મન ધન સમેત, મારે પણ પુછવા છે તરણ, તેનું તોલ ભારે છે વરણુ, તે સંદેહ ભાગો ગહારાજ, તો તે મારી રેહેશે લાજ, હનુમાન જે કેહેવાયે વીર, જેનું પ્રાક્રમ પુરણ ધીર. જેને સહાય કરે શ્રી રામ, રામ પ્રતાપે કીધાં બહુ કામ; એ અંજનીનો છે કુમાર, ગણીશે પ્રાક્રમ અપરંમપાર. એ અંજની કેમ કુંવારી રહી, તેને માથે કોઈ સ્વામી નહી; એ કુંવારી ત્યારે ક્યાંથી સંતાન, જેનું નામ પડ્યું હનુમાન. વળી વાયુ પુત્ર કેહે છે લોક, તે સાચુ કેહે છે કે ફોક. વળી કોઈ કેહે છે મહાદેવ તાત, અને ગણપતીનો છે ભરાત, એ સંદેહ મારા મનમાં થાય, મોટુ અચરજ એ કેહેવાય; એ બે જણા એને માથે તાત, વળી અંજની કુંવારી જાત, એ સંદેહ મુજને મોહોટો સહી, તમો વીના કોણ ભાખે અહીં; એમ કહીને છાની રહી, ત્યારે કામસેન બોલ્યો છે તહી. ધન ધન તુજને છે નાર, એ સંદેહ ભાગુ આ વાર; પુરાણુ ભેદ કથા છે સહી. સાંભળતાં પરાશ્ચાંત જાય વહી. ત્યારે નારી પગે નમી એ વાત તો મનમાં ગમી. એ સદેહ ભાગો જારે, પછી વાત પુછુ ત્યારે. મારા મનમાં મોટો છે ધાક, ક્યારે ભાગશે સંદેહની વાત.

દોહરા—રાજકુંવર વળતો વદે, સાંભળ સુઘડ તું નાર; હવે એક મને તમે સાંભળો, કહુ તેનો વિસ્તાર. થયું થવાનું જે હશે, તે જાણું સરવે હું સાર; કીરીયા કરમ કુશળ સહી, જેને માને બધો સંસાર, અહલ્યા નારી છે તેહની, રૂપ તણો ભંડાર; દેવાંગના પણ તેવી નહી, એવી શોભે તે નાર. તે પતિવરતા ઘણી સાધવી, સતી તણો અવતાર, અહાલ્યા તારા નેં દરૂપદી, મંદોદરી શીતા નાર, એવી અહલ્યા નારી તેને અંજની નામે તંન; તે કુંવરી કુળ દીપક સહી, રૂપે જાણે રતન, હવે ઈંદર રાજા છે સરગનો, તે મ

નમાં મોહયો પરમ, અહલ્યા જોઇ ધીરજ રહી નહી, જાણે ભોગ વું એ નાર. તેને ખાવું પીવું ગમે નહી, ગમે નહી સુખને સેન, અપછરાઓ ઘેર છે અતી ઘણી, પણ અહલ્યા ઉપર ગન રોજ. આવી ફેરા ફરે, ગઉતમની ખી પછવાડે સાર, દાવ આવે તો ભો ગવું, એવો ઇંદરને મન વીચાર, ગઊતમનો ભય અતી ઘણો, જા ણે તો દેશે સરાપ. માટે દાવ જોઇ પેસુ સહી, એવું વીચારયું આપ.

ચોપાઈ—કામસેન કહે સાંભળરે નાર, એમ રોજ ઇંદર ફરે તે ઠાર, રાત મધ ગઈ છે જાહરે, ચંદર માથે આવ્યો તાહરે. તે સમે ઇંદર ઊભો તે ઠાર, ત્યારે ચંદરમા બોલ્યો તે વાર, કેમ ઇંદર ફેરા ફરો આજ, કહો તમારા મનનું કાજ. ત્યારે ઇંદર બોલ્યો ચંદરની સાથ, માહારા મનની સાંભળ વાત, આ ગઉતમની નારી અહલ્યા સહી, તે દેખી ધીરજ રહે નહી, તે અહલ્યા દેખી કામાતુર થયો, કામ મુજ વ્યાપી રહયો, એને ભોગવવાની ઈછા ધરૂ, તે માટે રો જ ફેરા ફરૂ, ગઉતમ આગળ નવ વધાય, જાણે તો ઈંદરાસન જા ય, કોઇ દાહાડાનું મોયું છે મન, માટે ફેરા ફરૂ આ દીન. ત્યારે ચંદર કહે કરૂ ઊપાય, જેમ તુજથી એના ઘરમાં જવાય, હું કુકડો થઈ બોલુ આ ઠાર, એટલે ગઉતમ નીસરશે બાહાર. તે બારમી મુરત જાણીને આજ, જાશે ગંગા નાહાવા કાજ, કુકડાનો શબ્દ સાંભળશે સહી, કેહેશે બરામણ મુરતની વેળા થઇ, એમ વીચારી જાય જાયરે. તમો ઘરમાં જજો તાહરે, ત્યારે ચંદર કુકડો થઈને રહયો, કુકડા જેવો શબદજ કહયો, તે સાંભળયું ગઊતમે કાન. ત તક્ષણ ઉઠયો તેણે ઠામ, ત્યારે ઇંદર કહે એમ કરો જયારે, કામ મારૂ થાય ત્યારે, જવતલ દરભ લીધા સાહી. કમંડળ પુસ્તક કરમાં ગ્રહી, ધોયુ વસ્ત્ર લીધુ તેને સાથ, નારી પ્રત્યે કહી છે વાત. આ જ બરામી મરત વહીને ગયું, તેનું ભાન મુજને નવ રહયું, મા ટે જાઉ ગંગા નાહાવા કાજ, તમો સાવધ થઇને રેહેજો આજ. ૫

છે અંજની આવી બેઠી બાહાર. ગૌતમ બાહાર ગયો જેટલે, ઈંદ્ર ગઊતમ રૂપ લીધું તેટલે ધશીને પેઠો ઘરમાંય, અંજનીએ જાણું આવ્યા પીતાસ. અહલ્યાએ જાણ્યું આવ્યા ભરથાર, ત્યારે તો બોલી તે નાર, કેમ પાછા આવ્યા છો સ્વામી, શું ભુલ્યા છો ને શું છે કામ. ત્યારે ઈંદ્ર બોલો સહી, અરે નારી રાત ઘણી છે અહો, માટે સંભોગની ઈછા થઇ, આવ્યો આલીધન દીજીએ અહીં; નારી મન વીમાસન થાય, સ્વામીને મોહોડે ના કેહેવાય. સ્વામી તમારી આગ્યા થઈ, તમારા હુકમની બાંધી રહી, એ વાત એટલેથી રહી, ગઊતમ ગયા ત્યાં શી ગત થઇ. ગંગા કાંઠે ગયા જાહરે, મન વીચાર કરયો તાહરે, હજી રાત ઘણી જણાય, કુકડો કોણ બોલો તે ત્યાંય. રખે કપટ થયું હોય તહીં, ગઊતમે વીચારયું સહી. પાછા આવ્યા આશ્રમ મોઝાર, એવો મનમાં કરયો વીચાર. ગયા તેમ પાછા આવા સહી. એવે ઈંદ્ર સંભોગ કરે છે સહી. તે સમે આવા માહારાજ. શું થયું હવે કહુ કાજ. ત્યારે અંજની મન વીચારે વાત. ગરમાં ગયા છે મારા તાત. વળી કોણ આવ્યું છે અહીં. તે પણ તાત જાણ્યો સહી. અતિશે મનમાં કરયો વીચાર, ગઊતમ આવા ઘર મોઝાર. ત્યારે ઈંદ્રે દીઠા ગઊતમ રૂશી, શરીરે શુધ ન રહી કશી. થરથર ઈંદ્રની કંપે કાય, નાસવાનાં મારયાં ફાંફાંય.

દોહરા—શુધબુધ ગઈ ઊડી તે, નવ રહી ધીરજને ઠામ; નાસવાનું કરે સહી, ગભરાયો ઈંદ્ર રાજાન. પછે મંઝાર રૂપ તતક્ષણ થયો, નાસવાનો કીધો ઘાટ; ત્યાંહાં તીરથલીધ ગઊતમે કહ્યું કહાં નાસે મંઝાર અટકી તહીં. થરથર ધરૂજે દેહ, અહલ્યા પણ ત્યાં થરથરે સુજે નહી કાંઈ પેર. કેહેએ અહલ્યા તું કોણ છે અને કોણ આવ્યો આ ઠામ, મંઝાર રૂપ ધરી નાસે સહી; કેહે તુજ સાચુ મન, ત્યારે ઈંદ્ર પ્રગટ થયો. બોલ્યો કરી પ્રણામ, ક્ષમા કરો રૂશી દેવજી, એતો હું સુર રાજન; અહલ્યા દેખી મોહ થયો, વાધ્યો શરી

રે કામ. માટે જાર કરમને કારણે, હું આવ્યો આ ઠામ; તમ બીક ધરી બારણે, એટલે ચંદર કરયો ઉપકાર. એ કુકડો થઇ બોલ્યો સ ઠી, એટલે તમો ગયા બાહાર; હું મંદીરમાં આવીયો, મને ઊપની માઠી મત. તમ શરણાંગત હું થયો, હવે ગમે તે કરજો ગત; ત્યારે ગઉતમ કોપાયમાન થયા, મનમાં અદાપ. કરોધ કરી સુરરાયને દી ધો શ્રાપ.

ચોપાઈ—અને ઈંદરરાજા તુજને ધીકાર છે, ગઉતમે શ્રાપ દીધો તે વાર; સકળ દેવને રાજા સહી, તુજને એવું ઘટે નહી. તુ ભગ જોઇને રાચો આ ઠાર, તુજ શરીરે ભગ હજો હજાર. સાંભળરે અ હલ્યા નારી સહી, તે પર પુરૂષને ઓળખ્યો નહી, તે ઓળખ્યો ન હી આપે ભરથાર, તું સલ્યા થાજે પ્રથ્વી મોજાર; પછે ચંદરને બો લાવ્યો કરોધજ કરી, આવી ઊભો પાસે સ્વરથરી. તું કુકડો થઇ બોલ્યો આણે ઠામ, કરવાને તે કરે; તું ખઈ રોગ થઇને રેહેજે સદા દીનદીન રેહેજે ખઈને થઈ; પછે અંજનીને બોલાવી પાસ, તે પણ આવતાં પામી ત્રા . કેહેરે દુષ્ટ તું સાચી વાત, તે ઓળખ્યો નહી તારો તાત માટે શ્રાપ દેઉછુ અહી, તું કુવારી રેહેજે સહી. એમ ચારને શરાપ દીધો તે ઠાર, ચારે રડે ને કરે પોકાર ક્ષમા ક રો રૂશી માહારાજ; મોહોટાને કરોધ ન જોઇએ લગાર, માટે કરૂણા દ્રસ્ટે જુવો સ્વામ. તો સહેજમાં થાશે અમારૂ કામ, રાખો હમા રી લાજ લગાર; કરોધ ગયો જોતાંને વાર, તવ ગઉતમને મન ક રૂણા થઇ ચાર પ્રત્યે વાણી કહી.

દોહરો—ત્યારે ઇંદ્ર પ્રતે ઉગતમ કહે, તુંને શહસ્ત્ર ક્યાં સાર; તેનાં શહસ્ત્ર લોચન થશે એમ કીરપા કરી તેવાર, અહલ્યાને કેહે સલ્યા થશો તમો, પડો પ્રથવી મોજાર, એવે તેતા જુગ આવશે સહી, ત્યારે શ્રી રામ ધરશે અવતાર, શ્રી રામચંદ્ર સ્પરશ કરશે, તતક્ષણ થાશે ઓધાર; પછે અહલ્યા નારી થશો તમો, આવજો

આપણે ઠાર. પછી ચંદ્ર પ્રત્યે વાણી કહી; ગઉતમ તેનીવાર, પંદર દીવસ થજો ને પંદર વરધ નીરચાર, પછી અંજની પ્રત્યે વાણી કહી; તેને શ્રાપ ગોરો છે આહીં, તું કુંવારી રેહેશે જે સહી. પણ લાંછન નહી આવે દેહી, એક પુત્ર થાશે પરાક્રમી, મહા બળીઓ અપાર, તેને સંસાર પ્રણામ કરશે સહી. તુને લાંછન નહી લગાર, એમ ચારેના શરા। અનુગ્રહ કરચા સહી, તે ગયા આપ ણે સ્થાન, હવે કુંવારી અંજનીએ ગરભ ધરયો, તેથી પ્રગટ થયા હનુમાન, તે શરાપે અંજની કુંવારી રહી, તેથી તે કહી કથાએ, હવે કુવારી ગરભ ધરયો, તેની કહુ વારતાએ.

ચોપાઈ—અંજનીને શરાપ થયો જેટલે, મન વીચાર કરયો તે ટલે; ઘર તજીને વનમાં ગઈ, પછી શી હકીકત તેની થઇ. વનમાં તપ માંડયો તેવાર, એક ચીતે ધ્યાન ધરે અપાર; ગાયનું કીધુ રૂધન, શરીરનું કીધુ શોધન, એ વાત એટલેથી રહી, એક હકીકત બીજી થઈ; એક ભસ્માસુર દઇત કેહેવાય, મહા ક્રોધી પ્રચંડ છે કાય. તેને ગન વીચારયું ખરૂં, આરાધન શંકરનું કરૂં, જો પ્રસન થાય ત્રીપુરાર, તો તો વશ કરૂ સકળ સસાર. એમ વીચારી આંરાધન કરે, શીવશંકરનું ધ્યાન ધરે; જે ગંગા કાંઠે બેઠો જઇ, દેહ સુધી તેની નવ રહી. બ્રહ્માંડે ચડાવ્યો પ્રાણ, શીવ શીવ મુખે જપે છે નામ; વરસ થયાં ઘણાં જાહરે, મહાદેવ પ્રસન થયા તાહરે. બ્ટશભે ચડી આવ્યાં કરપુર, ગઉર ત્રિલોચન સાર; આવીને જોયુ સરવથી, ભસ્માસુરને સુધી નથી, અંતહકરણમાં દરસન થયાં જાહરે, નેત્ર ઉઘેડી જોયુ તાહરે, વરશભે ચડયા દીઠા મહાદેવ, જઈ ચરણે લાગ્યો તતખેવ, ભોળા શંભુ બોલ્યા વાત. મુકયો ભસ્માસુરને શીર હાથ, માગ માગ કહયું વરદાન; ભોળા શંભુ એમ બોલ્યા વાણુ, ત્યારે ભસ્માસુર ચેતન થયો. પછે શીવ પ્રતે બોલજ કહયો; જો પસન થાવ ભોળા ભગવાંન; હું માગુ તે આપો

વરદાંન, માહારે જમણો કર મુસ્તકે ધરૂ. તેને બાળીને ભસ્મજ કરૂ, જે ને માથે મુકુ હાથ, તે થઇ જાયે ભસ્માત, હું વરદાંન તેવું પામુ સહી, તો સંસાર સકળ જીતાએ અહીં, માહાદેવ ભોળાશંભુ કેહેવાય ભક્ત ભાવ જાણે રૂદેમાં, તતક્ષણ આપ્યું વરદાંન. જેને માથે મુકશે જમણો પાણ, તે તરત બળીને ભસ્મજ થો; મારૂ વરદાંન સાચુ છે શી, તેમ કીરપા કરી આપ્યું વરદાંન, માહાદેવ થયા અંતરધ્યાન, વરદાંન પામ્યો ભસ્માસુર રાય; તેને હઇડે હરખ ન માય, ઘણું ખુશી તે મનમાં થયો, પછી પોતે મારગે વહયો, ઘણાં દુષ્ટ કીધાં કરમ; ધર મ ભાગી કીધાં અધરમ, ઘણા દેવ બ્રાહ્મણને દીધાં દુઃખ, દાનવ જન તો પામા સુખ, તેમ ઘણો સંતાપો સંસાર; પછે શો થયો પ્રકાર.

દોહરા—દુઃખ દીધું બહુ લોકને. પીડયો સકળ સંસાર; એક સ મય મારગે ગયો, બરમાજીનોકુમાર. જઇ પગે લાગ્યો નારદ તણે, બોલ્યો મુખે વાણ; મારો જશ કેવો સાંભળો કેવી છે જુગમાં ખ્યાત. ત્યારે નારદજી કહે, ધીક ધીક તુજમાં નહી પ્રાકરમ; તુ કરે કષ્ટ સંસારને, ભજાવે ધરમના અધરમ. તુ કેવો પ્રાકમી છે સહી, પણ નહી તુજ ઘેર નાર; તુ નાર વીના શોભે નહી, કરની ચીત વીચા ર. ભસ્માસુર એવું બોલીયો, સાંભ ો બ્રમાના તન; મને નારી એવી ક્યાં મળે, ક્યાં તેવી રૂપ રતન. ત્યારે નારદ કેહે એક છે સહી, તુજ લાયક એક નાર; પણ તુજને મળવી દોહલી, તુજ હામ ન આવે લગાર. ત્યારે ભસ્માસુર કહે મને કહો, તે નારી કોને ભોવન; હું પલકમાં લાવુ તેહને, મુને બતલાવો બરમાના તન. ત્યારે નારદ ક હે શીવજી તણી સુંદર પારવતી નાર; એવી બીજી કોઇ છે નહી, ત્રણ ભોવન મોઝાર, એવું કહી નારદ થયા અંતરધ્યાન; પછી જા ઉ મહાદેવ કને, મુકુ જઈ જમણો હાથ, ભસ્મ કરૂ મહાદેવને પ- છી લાવુ પારવતી નાર; એમ વીચારી ગયો, નવ રહ્યા શીવજીને ધીર. જાણ્યું જે ત્રાણુ લેશે ખરો, મુકી મસ્તક ઉપર પાણ, એ

શું વીચારી નાશી ગયા, મુકી તપને ધ્યાન; આગળ મહાદેવ ના સે સહી, પછવાડે દોડે દઈત્ય; આગળ પાછળ જોયે સહી, વાત થ ઈ વીપરીત, મહાદેવ દોડી આવીયા, જ્યાં વઈકુંઠ ધામ; રાખ રાખ શરણાંગત અમો, કહી મરયો પ્રણામ. સ્વાસ ન માય દેહમાં, થર થર ધરૂજે દેહ; ભગવાન કહે મહાદેવને કેમ ધરૂજો છો શીવ. સ કળ શ્રસ્ટીના સહાર છો, એ સઉ વિસ્વ તમારે હાથ; સરજો મા રો સરવને, ભય કેમ ધરો છો નાથ. મહાદેવ કહે મહારાજજી, અજાણું તમને ન કાંય. હાથનું કરયું હઈયે પડયું, માટે આવ્યો છુ યાંહ. ભસ્માશુર નામે દઈત છે, મહા પાપી કેહેવાય; મેં વરદાંન આપ્યું સહી, તેથી જીવ મુઝાય. જમણો કર મુસ્તકે ધરે, બળીને ભસ્મજ થાય; મારે મસ્તક ધરવા આવીયો સાંભળો વઈકુંઠ રામ. ત્યાંથી નાઠો છું સહી, આવ્યો તમારી પાસ; પણ પછવાડે આવે સહી, ભરલો આવે છે સ્વાસ. એમ કહી મહાદેવ છાના રહયા, પછી બોલ્યા વઈકુંઠ નાથ; ચીંતા ન કરો મહાદેવજી કરૂ તેને જઈ ઘાત. એમ કહી પોતે સજ થાય, નીકળા વઈકુંઠથી બાહાર; એવું કરયું તે સબળાવુ આઠાર, મોહની રૂપ પોતે ધરયું. ત્રીલોક માં નહી તે નાર, નારી રૂપ ધરી કરી; ચાલ્યા વિસ્વાધાર.

ચોપાઈ—નારી નવ લક્ષણી અપાર, જેહ થકી મોહે સંસાર; લ ક્ષમી પારવતી સાવીત્રા નાર, તે પણ પોહોચે નહી લગાર. ભર જો બનમાં બાળેવશ, સવાગજના શાર લાંબા કેશ; જેનું રૂપ જોઈ વી સ્વ છકે, તો શું ગજુ કળી શકે. એવું રૂપ લીધુ ભગવાન, ત્યાંથી ચાલ્યા સુંદર શ્રામ, મારગ મધે આવ્યા સહી, કારમી માયા કીધી તહી. ફૂલીફુલી વનસ્પતી ભાર અટાર, ત્યાં રમણીક શોભેછે ઝાડ, સુંદર શ્રામ, મારગ મધે આવ્યા સહી, કારમી માય કીધી તહી. ફૂલીફુલી વનસ્પતી ભાર અટાર, ત્યાં રમણીક શોભેછે ઝાડ સુંદર

કીધા ઊજેસ, જેમ સ્વેતે ભોવનના અવેશ. હીચોળાખાટ પડીછે ત હી, ઝીલે ઝવણું જુલે તહી, દાસીયો પાસે કરેછે ગ્યાન, દાશીયો કરે બહુ તાન. રંગ રાગ થાયે અતી ઘણા, શોભાની શી રહીછે મણા એવી કારમી લીલા કીધી સહી, બેઠી હીચકે હીચે તહી. એટલે ભરમા સુર દીઠો જેટલે, તે નારી ઉઠી તેટલે; ચોકમાં જઈ ઊભી તે નાર ભસ્માસુર બોલ્યો તે વાર. કોણ તણું આ છે ભોવન, તું નારી મોહ રૂપ રતન; ત્યારે નારી બોલી એમ, એ વાત તુજને અજાણી કેમ મહાદેવ જે ભોળાનાથ. આ તેની વડી સુંદર જાત, હું નારી તેની આ ઠામ; મહારૂ તો પારવતી નામ, તે સાંભળતાં વીસ્મે થયો. પ છી બોલ તે દઈતે કહયો, હું શોધશુ એને અહીં; મહાદેવ નાશી ગયાછે કહી તુજને લેવા આવ્યો નાર. મહાદેવનો કરૂ સંહાર, નારી કહે મહાદેવ મોટા કહેવાય; તાહારા માર્યા તે કેમ જાય, સુરતક હાથ મુકુ જેહને. તરત બાળી મુકુ તેહને, તે મહાદેવને હું ભસ્મ કરૂં; પછી હું પારવતીને વરૂ, એવા વીચાર કરી મનમાંહ. મહાદેવ નાશી ગયા છે ક્યાંય, હવે તુ મળીરે નાર; હવે તુને નહી મુકુ બ-આર, મારા મનમાં એવી પેર, પારવતીને લાવું મારે ઘેર.

દોહરા—ત્યારે પારવતી બોલીયાં, સાંભળરે તુ દઈવત મુજને લ ઈ જાયે સહી, તેતો થાય વીપરીત. મહાદેવ સમાન બીજો નહી, કોઈ ટાંડવનરૂતથી મહાદેવને મોહી, તે સમો નહીં કોય; તુજને આ વી શું કરે, તુતો દઇતજ હોય. ત્યારે ભસમાસુર એવુ બોલીયો, સાંભળ સુલુણી નાર; મુજ બરોબર કોઈ નહી, અવની તલ મોઝા ર. મહાદેવ ભીખારી જન્મનો, તે રાખ ચોળે અંગ મડામસાણે પડયો રેહે, એવા એના ઢંગ. આક પાક ધતુરડો, ચાવેછે બહુ ભાંગ તુ સાકોમળ સુદરી, ન જોઇએ એવાનો સંગ. પારવતી કેહ એતો ખરૂ, ટાંડવનરત્ય જોઇ મન માહુ; એવો કોઇ બીજો નવો, તે મારે પાસે રહું. ત્યારે ભસ્માસુર કહે નારને, તેતો હું જાણું છું ટાંડવનર

ત્ય મુજને; આવડે ગાટે મુજને માન્ય, તારે નારી કહે નાચો તમો જેમ નાચે મહાદેવ, તારે મનમાને માહરૂ; હું તમને માનું તતખેવ તે માયામાં ભુલ્યો મહીપતી, ભુલ્યો નારીને જોઈ શુદ્ધ જ્ઞાન કાંઈ રહી નહી; રહયો નારીને કહે જુઓ તમો; નાચુ મહાદેવ સમાન, હાથ, બેઊ ઊંચા કરયા. નાચવા માંડયું તે વાર, ત્યારે પારવતી એમ બોલીયાં, ના આવડયુ લગાર, લટકા તેનો આવે નહી. જેમ મહાદેવ કરતા નરત જો લટકો તેવો કરો સહી; તો હું માનુ ત મને તરત, ત્યારે દઈત કહે લટકા કેમ કરૂ, તે વળી નાચે કેમ મુ જને તે કોહો કામની; અમે પણ નાચીયે તેમ, ત્યારે પારવતી કેહે કહીયે ખરાં. પણ તે તમથી નવ થાય, એવું કયાંથી તમને આવ ડે તે તમથી નહી નચાય, ડાબો હાથ કેહેડે ધરે. જમણો મુસ્તક સાર વાંકી કેહેડ કરી ફરી, એમ નાચે થેઈ થેઈ કાર, એમ તમને કેમ કેમ આવડે તેનો લટકો લગાર, ત્યારે દઈત્ય કેહે એમ કરૂ એમાં કે ટલી વાર.

છપ્યો—નાંખી મોહની જાળ, ખળ સમજ્યો નહી મનમાં; જોઈ નારીનું રૂપ, મોહ લાગ્યો બહુ તનમાં, ન સમજ્યો કપટની વાત, ઘાત મનમાં નવ આણી, મોહનીરૂપ મન ભરાંત, તેની હુલાવી જે ની માયા; ન કળેશ રસ પણ ભરમે ભુલી, તો કોણુ માત્ર એ દઈ ત્ય, બ્રહ્મા સરખા પણ ભુલે, માયા નવ માને માહાદેવને. એવું સુ ક્ર ગાત્ર છે, સામળ કેહે સહુ સાંભળો, તો એ દઈત કોણ માત્રછે.

ચોપાઈ—માયામાં ભુલ્યો તે જટ, ના સમજ્યો તે વાત કપટ, જ મણો ર મુસ્તકે ધરયો જેટલે, ઝટ બળી ગયો તેટલે. રાખનો ઢગ લો થઈને પડયો, તેનો ઘાટ તે વેળા ઘડયો, હવે એ વાતતો એટ લેથી રહી, માહાદેવ પોતે આવ્યા તહી. તે નારી દીઠી નઉતમ વેશ માહાદેવ તે પણ પોતાને વેશ, માયમાં ભુલ્યા તતકાળ, જોઈ તે નારીના હેવાલ. તારે માહાદેવ કહે તું કોની નાર, કોણુ તારે માથે

ભરથાર, આ જંગલમાં વસો કેમ અહીં, એકલાં કેમ પુરૂષ કો ન
હી. નારી કેહું ધણી વનમાં ગયા, માટે અમો તો એકલાં રહયાં
આજ કાલમાં આવશે કંથ, હું જોયાં કરૂછું તેનો પંથ ત્યારે મહા
દેવ કહે તું ઘેલી નાર, તારો સ્વામી નહી આવે આ ઠાર, તે માટે
આવો અમારે ભોવન, અમો તુને રાખુ કરી જતન ત્યારે નારી બો
લી એમ, તમ ઘેર મારાથી અવાય કેમ, તમારે ઘેર પારવતી નાર
તો મુજને તમો શું કરનાર. ત્યારે મહાદેવ કહે હું રાખુ પાસ, પા
રવતીને કરૂ તારી દાસ, એમ કહીને લેછે આલીઘન. ધીરજ નવ ર
હી માહાદેવને મન પરસ કરવા જાય જેટલે, વઇકુંઠનાથ પ્રગટયા
તેટલે; મનમાં સરમાયા માહાદેવ, વીરજ દ્રવ્ય થયો તતખેવ. ધન્ય
ધન્યરે હો વીશ્વઅધાર, તારી માયાનો કોણ જાણનાર. પ્રભુ થયાં
ત્યાં અંતરધ્યાન, પોતે મહાદેવ તે ઠામ. વીરજ વીરજ બીંદું પ્રથવી
પર પડયું. તેને લઇ પાત્રમાં ધરયું તે પાત્રમાં લીધું ધસી એવે
આવ્યા નારદરૂષિ તે જોઈ સરમાયા માહાદેવ, ત્યારે નારદ બોલ્યા
તતખેવ, એ પાત્ર મુજને દીજીએ, એનો ઉપાય તો કીજીએ, નાર
દે વીચારયું રૂદીયા સાથ. તે પાત્ર લઇને ચાલ્યા હાથ, આવ્યા અં
જની બેઠી તાંહે, તપ કરેછે એકાંત જાહે, અંજનીને કહ્યું તે વાર
તું મીથ્યા તપ કરેછે નાર, તું ઉપદેશ વિના તપ કરેછે અહીં તે
નું તુને ફળજ નહી, ગુરૂ વીના તે ગ્નાનજ કયાંથી મળે, તપનું ફળ
તે કયાંથી ફળે, માટે ઉપદેશ લેરે નાર, પછે તપ કરો આ નરવસંજ
રે અંજની કહે ઉપદેશ કરો, તું પણ બ્રહ્માના મં આવ્યો તે ઠામ, તે
ભારયો સહી, તતક્ષણ આવી ઉભો તહી ... કહેવા
કરો, આ બીજ લઇને કરમાં ધરે મુકયું કમળ ભોવન, માટે કહેવાયો બાયુંનો
થી પ્રગટ થયો હનમા... વાયુયે મુકયું કમળ ભોવન, માટે
... કમાર ... કુંવારી રહી.
તંન. અંજની તો કુંવારી રહી, તે માટે કુંવારી રહી.

દોહરા—ત્યારે કામસેન કહે કન્યા સુણો, એ કહ્યું તુજને વરતાં જ, વળી પુછવું હોય તો પુછ તું, તો ભાગુ તારી ભરાંત ત્યારે કન્યા કરજોડી કહે; પુછવો મોટો ભેદ, તે ગાનો હવે મહિપતી, તો જાણુ પુરો ભેદ. ચંદ્રમુખી પુછો તમો, જે મનમાં હોય ભરાંત,તે ભેદ હવે ભાગીએ, આપણ છઈયે એકાંત. ત્યારે કામની કહે સુણો રાયજી, એક મોહોટો સંદેહ, તે તમ પરતાપે અમો કહુ. તમો ધરજો ચીતમાં તેહ શ્રી પરીબરહ્મ તો ૧ છે સરવેમાં જણાય, જે ચઈતન્ય છે તે એકછે સઘળા માંહેતુ સ્થાન, એ વીના કોઈછે નહી. એમ પરોપકારી કહે વેદપુરાણ..

છપ્પો—જઈ ચઈતનમાં વાસ, પવનને પાણીમાં, વરક્ષ સહુમાં વાસ, ઘાસ ધાતુ ધસણીમાં, સ્થાવર જંગમમાં વાસ. વાસ પાણીમાં વાસ સઘળે એહનો વાસ, ધરણી કરણીમાં એકવાસ સઘળે વ્યાપી રહ્યો ત્રણુ માત્ર ઠામ ઠાલો નથી, સાંમળ કહે કામની કહે સુણો કામસેન રાજા કથી.

ચોપાઇ-ચંદ્રમુખી બોલી વચન, સાંભળો કામસેન રાજન મુજમાં રામ તે તુજમાં રામ, રામ વીના ઠાલો નહીઠામ તરે મુજને એવી ઈચ્છા થઈ, તેપણ અદરોરજાચીયે કહી, મુજમાં અંતરજામી જેહ તુજમાં અંતરજામી તેહ. તારે મારે થયુ પરણવાનું મન તમે ના કેમ કહો રાજન. ને ના કેહેનારો કોણુજ હશે. તે સંદેહ ધર. એ સંદેહ [illegible] વસે ત્યારે રામ એક કે બે કહેવાય એ સંદેહ મનમાં [illegible] કોણે મને પરણાવવાનુ કહ્યું કોણ આ પવનજ રાજા કહે તે મુજને વરતે જાય. તો તો લાગુ તુજને પાય ત્યારે સાંભળશે જેહ. કોટી પાપથી મુકાશે તેહ. તુજને તરત. આ નર નારીન ચંદ્રમુખી તુ ધરજે મન. પ્રથમ શણી નોહોતા [illegible] કહેછે કામસેન રાજ [illegible] ગલ હતુ ત્યારે નહી પ્રથવીને નહી આકાશ નહી સરગ મરત પા

તાળા વાસ પરીબ્રમ જે તું કહે છે તે સહી, તે વિના બીજો કો-ઈ નહીં; તેને શ્રષ્ટી કરવાનું મન થયું, તે તુજને હવે કારણ કહું. ઇછાશકત પ્રગટી ખરી, તેથી શીવબ્રહ્મને શ્રીહરી; શીવજી તેને પરણી રહ્યા, એ વેદપુરાણ શાસ્ત્રમાં કહ્યા, પછે ત્રણ પ્રગટ્યા સહી એ રાજસ તામસ સાત્વીક કહી. બ્રમા વીશનું રૂદ્ર વીવેક; ત્રીગુણ જુદા પણ મુળજ એક, એ ત્રણે જણે ત્રણ ગુણજ કહ્યા, સરવે યુગ પણ જુદા થઇ રહ્યા, રાજસ ગુણ તે બ્રહ્મા કેહેવાય; તામસ ગુણ તે શીવ કેહેવાય, સાતવીક તે પોતે શ્રી હરી. એ લીલા પરી બ્રમ કરી, પછે માયા કીધી પરકાસ; તેમાં પચમા ભુતનો વાસ, પ્રથવી તેજ વાયુ આકાશ, શ્રષ્ટી કીધી પ્રકાશ.

દોહરો.-- સાંભળ નાર સલક્ષણી, હવે ભાખું તારી ભરાંત, મુજમાં તુજમાં કોણ છે, તે કહું સરવે વરતાંત હવે માયા છે એહમાં, ગરવ મછર કરોધને કામ. પશુ પંખી ને માનવી, તે વ્યાપી રહ્યા ઠામો ઠામ. દેવ દાનવ રાક્ષ કીનર, ગાંધ્રવ અપછરા કેવાય, ઉડગણને વિષ ધર એ વ્યાપી રહ્યા, સરવે માંહે વિષધાર તે સહુ જાણીએ તે સાચા આકાર, જગત વસ તેને થઈ રહ્યું, આગ્રાં હમા અંતર રાજસ ગુણ વસ જે રહ્યા. તેને ખાન પાન ધન વાન, અપ કારતા કરે ઘણા, તે રાજ સગુણનું વાન, તામસ ગુણનું નામ, તામસ ગુણનું હવે લક્ષણ કહું, રાજસ ગુણનું નામ, તામસ ગુણ હવે લક્ષણ કહું, રાજ દેશ અદેખાઈ, ટટે ફટો ત્રાહાલો ઘણો, ઘડીયે ઘડીયે દાજ આવે ભરાઇ એ તામસ લક્ષણ સહી, હવે શાત્વીક કહુંરે નાર, સુખ દુખ સરખું ગણે, વહલો વેહેરી નહી લગાર, મારૂં તારૂં જાણે નહી, સઘળે હરી સમાન, તેને મોહ માયા પીડે નહી. એ સાતવીક ગુણ ગાન, બકી રામ તો સઘળે વ્યાપી રહ્યા, તે તો નીરંતર એક, પણ મોહ માયા વશ જીવડા તેને તેવી ઇછ્યા, કરમ ધરમને, સાણુપણ તેને તેવું થાય.

**છપ્પા.**—એક દે જીવતદાન, હાણુ એક જીવની કરેછે, એક ઉલાવી લે ધામ, ઠામ કરી સ્થાર થીપે છે, સુખ દુખ વરધને હાંથુ. થકી કરમ ઉપગ સહી, કામસેન કહે હો ચદરમુખી, એમાં સંદેહ ગણુવો નહીં, એક વાંચે પુરાણુ અજાણ થઈ એકને પુછે, એક ઘરમાં કરવા કુવા, મુશકલ, તેમાં શું છે, એક ઉધમ કરે વેહેપાર, એક અપવાસી બેઠો, એકને હરખ અપાર, એક તે ચીંતામાં પેઠો, એક નર નારી સુખ ભોગવે, એક કુવારો મરે સહીં, કામસેન કહે ચંદરમુખી, અવગુથી કરમ ગયું વહી.

**ચોપાઈ**—માટે જેવા ગણ તેવાં કરમ થાય, તેમાં સંદેહ શો કેહેવાય, એ ગુણ સ્વભાવને ઈચ્છા થઈ, મારા ગુણને માને નહી. તેમાં સદેહ નહી લગાર, ચતુર છો તમે કરો વિચાર, તારે તે રહી બે કરજોડ, નહી તુજમાં ખાંપણ કે ખોડ. બે સંદેહ મુજ મનના ટલ્યા, હવે આ સદેહ રહયો છે એક, તેના કહયાછે વિવેક, તે સંદેહ અમારો જાય. તોતો લાગુ તમારે પાય, તારે બોલ્યો કામસેન રાજન, સાંભળરે તું અસ્ત્રી જન, જે પુછવું હોય તે પુછો તમો. આ વેળા સાંભળાયુ અમો, આપણુ બે છઇયે એકાંત, ભાગુ તારા મનની ભરાંત, પુછ પુછવુ હોય સહી. હવે ખોટી નહી થઉ અહીં, તારે નારી કહે સાંભળ રાજ. હવે એક વાત પુછવાનુ કાજ, તે સંદેહ જો મનનો જાય. તો તો તુજને લાગુ પાય, તારે નાર એ જોડાય હાથ. બોલી તે કુંવરની સાથ, અલ્યા તારા દરૂપતી જેહ, સતી સીતા મનોદરી એહ, તે પાંચે સતી કહવાય. તે સદેહ મુજને મોટો થાવ, અલ્યાને ઈંદરે ભોગવી, તારાને ચદરે ભોગવી, સીતાને રાવણુ લઇ ગયો, મનોદરીને મોહ પણુ થયો. દરૂપદી સતી જે નાર, તેને માંથે પાંચ ભરથાર, પતીવરતા કેહેવાય જેહ, પાંચ ભરથાર ભોગવે છે તેહ. એ પાંચે છે સતી નામ, એમ બોલે શાસ્ત્ર પુરાણુ: માટે ત્રીજા પ્રશ્નનું વરતાંત, એ આજ ભાગો મારી ભરાં

ત. પછે લાવો આપણુ લીજીયે, ઈહાં રહીને આનંદ કીજીએ.

**દોહરો**—પછે કામસેન બોલીયો, સાંભળ ચંદરમુખી નાર, બરાંત બાગ તારા મન તણી, તેતો જાણજો રાજકુમાર. તમો પાંચ નારી કહી સહી, તેને માથે મોટું આળ, પણ સતી પુરણ ને સાધવી, તેના સાક્ષી શ્રી ગોપલ, સલ્યા હતી તે ઈંદરે ભોગવી, આપ તે સલ્યાની અલ્યા થઇ, તે શ્રી રામચંદર પ્રતાપ, તેણે સ્વામાં પોતાકો જાણીયો. નવ જાણીયો સુરરાજન, પણ પરપુરૂષના પર થકી, નડયું એટલું કષ્ટ, પણ સતી નાર એ સધવી. જેના નામથી પાતીક જાય સલ્યાની અલ્યા થઈ. તે શ્રી રામચંદર પ્રતાપ, તેણે સ્વામી પોતાકો જાણીયો. નવ જાણીઓ સુર રાજન, પણ પરપુરૂષના પર થકી, નડયુ એટલું કષ્ટ, પણ સતી નાર એ સધવી જેના નામથી પાતીક જાય, સલ્યાની અલ્યા થઇ, માટે સતી કેહેવાય, તારાયે ચંદરમા ભોગવ્યો જે બ્રહસ્પતી કેરી નાર, કપટ કીધું ચંદરે સહી, નારી ના જાણે લગાર, હજી ખઇ રોગ તે ભોગવે. એ ચંદરને માથે શ્રાપ, તે તો સતી સાધવી, તે જાણે સહુ એ આપ, સીતાને રાવણ હરી ગયો. લઈ ગયો સમદરને પાર, તે રાજા રાવણને રોળીયો; સેજમાં થઈ ગયાં ખુવાર, પુરણપે રામજી લાવીયા; ત્યારે કીધુ અગ્નીમાં સ્નાંન, શામા સતી છે સીતા એટલી. તે માને વેદ પુરાણ, મંદોદરી સતી એ પણ સહી; જેમ દાનવી તન, તે પણ સતી એ સાધવી. જેનું હરનીશ સ્વામી પર મન, દરૂપદી દરૂપત તણી; તેને શીર સ્વામી પાંચ, એ અગ્નીમાંથી પ્રગટ થઈ. એ દરૂપતી નામે નાર, સ્વયવર તેનો કરયો; ત્યાં મરયા રાણાને રાય, રાજ હારી વનમાં ગયા, પાંચે પાંડવ વીર. તે કાપડી વે આવીયા, જે ધનુંર વાધ્યાના ધીર; રાજાયે પણ તેવું કરયું, જે મછ વિંધે આ ઠાર. તે નારીને પરણે સહી, આપ્યુ કન્યાદાન; કાપડી રૂપે આવીયા, તે બેઠા બ્રહ્મ સભાય. તે

અરજુન ત્યાંથી ઊઠીયો, તે કોઈ ન પ્રીછે ત્યાંય; ત્યાં ધાનભંગ રાજા થયા, મછ કોઈવા નવ વંધાય. થકી થાકી રાજા રહ્યા, ત્યારે અરજુન તતપર થાય; સમરણ કીધું શ્રીજગદીસનું. નીચી કીધી દરષ, જળમાં જોઇ બાણ મારીયું મછ વીંધ્યો સ્પષ્ટ, રાજા મન હરખ્યા ઘણું; કન્યા સોંપી હાથ, તે લાવ્યા ઘેર વીગે ત્યારે બોલ્યાં કુંતા માત, ત્યારે કુંવર કહે માત સુણો; અમો લાવ્યા ભીક્ષા સાર, તમો પાંચે જણ વેહેંચી જમો; મારે પાંચ કુશળ કુમાર તમો તે શું બોલ્યાં માવડી. અમો તો લઈ આવ્યા નાર, અન્ન નથી જે વેહેંચી જમું, એનો ગીથા ઊચાર.

**ચોપાઈ**—ત્યારે કુનતાજી એમ બોલીયાં, મીથ્યા તે કેમ જાય; શેશ ધરણી ધરે જવ પાય, વૃખ વૃષ્ટી નવ કરે લગાર ચંદર સુરજ તપે નહી આહી, દસે દીગપાળ ડોલે સહી, વચન જો મારૂ જાય, તો સંજમાં પ્રથવી પ્રલે થાય. માટે પાંચે જણ પરણો કન્યાય, એમાં કાંઇ નથી અન્યાય; રાજાને ખબરજ થઇ, દરૂપદી પાંચ વરને પરણે સહી. રાજા ક્રોધાતુર થયો, વચન બોલાવીને બોલજ કહ્યો; તમો કોણ છો કાંપડી જાત, કેમ કીધી અણઘટતી વાત. પાંચ વચે કન્યા એક, તે તો જાણ્યું કરી વિવેક; ત્યારે પાંચે બોલ્યા એમ કરવુ હોય તે કરજો તેમ. અમો પાંચ વચે કન્યા એક તે તો જાણો કરી વિવેક; જો વચન માતનુ જાય, તે તો ડુબાય વઈકુંઠ રાય. લાખાગ્રહમાં રાખ્યા ભગવાન, ત્યાંથી આવ્યા આણે ઠામ; અમો મછ વેધી લીધી કન્યાય, એમાં શો કીધો અન્યાય, ત્યારે રાજા કહે પાંડુનાં તન, ત્યારે તો હરખ્યું અમારૂ મન તમે સત્યવાદી પાંડવ છો સહી, એવું બોલવું ઘટારત નહી એમ રાજા થયો ઊદાસ, એવે આવ્યા વેદવ્યાસ; તેણે મન ભાગ્યો સંદેહ, એ પાંચેની છે એકજ દેહ. તેમ કહી મનાવ્યું મન, ત્યાંથી વીદાય કર્યા રાજન; ઇંદર પ્રસ્થમાં કર્યો વાસ, પાંડવ પામ્યા મ-

ન હોશીયાર. એવે આવ્યા નારદ રૂષી, તેણે વાત કરી શું કથી; બોહોતેર દહાડા વારા ફરતી નય. સુંદરી જ્યારે વ રા પુરા થાય. ત્યારે અગની માંહે નાહાય, સોળ વાગનો કાયરો કરી; તેમાં અંગારા ધગતા ભરી, તેમાં અસ્નાંન કરે જઈ નાર, પછે જાય બીજાને દ્વાર, શહસ્ત્ર જળના કુંભજ લઈ; તેમાં ઘરત ભરે તહી, તે કુંભને શીરપર ધરી. અગ્ની માંહે જાય સુંદરી, તે સતી સાધવી છે નાર, એમાં શો ધરવો વીચાર, માટે પાંચે સતી સહી. એમાં સંદેહ કાંઈ રાખવા નહી, પ્રાતરકાળે જે દેશે નામ; તેનાં પુરણ થાશે કામ, અહલ્યા તારાને દરૂપદી નાર સીતાને મંદોદરી સાર, એ પાંચે જણના પુરણ પ્રતાપ; નામ લીધેથી છુટે પાપ, સતી એવી એ પાંચે નાર, સતનો બાંધ્યો સંસાર, પ્રથવી ચાલે છે તેને આધાર. સતનો છે સહુને આધાર.

છપો—સતે વરસે મેહ, દેહ પણ સત આધારે; સતે સુરજને ચંદર, ઈંદર પણ સતને જોરે; સતે પ્રથવી પવન, હવન હોમ સત લીધો. સાંભળ ચંદરમુખી નાર, ભ્રાંત ભાગ્યુ તારા મન તણી; તો તો જાણજે રાજકુમાર, સત વરતને પુન્ય, સતથી વાધે મહીમાય, સતે સુખ સંપત. વીપત સહુ સતથી નાસે, સતથી સુખ દુઃખ રોગ વ્યાધી આવે નહી, પામે સુખ સાગર. અવીનાશે ભોગવે, શામળ કહે સહુ સાંભળો. સતે બાંધી મેદની રહી, તે સરવે સાંભળો સહી, સતે કરીને હરીચંદર, વશ્વામીત્ર તે જીત્યો, સતે મરદજ રાય, કરવત મુકાવે તે નહી બીહી તો. સતે અમરીષ એક, જેથી દુરવાસા હારયા, સતે સગારસા શેઠ. પેટનો પુત્ર ખાણમાં ખાંડયો, તેનું પરવ કરયુ ભોજન, સાધુને જમાડયો, મહારે સતનો પતી દ્રઢ રામ છે, સતીને સત વહાલુ છે સરવદા, કામસેન કહે ચંદરમુખી સુણો, સતીને વાહાલુ તે નવ મુકે કદા.

ચોપાઇ—તે માટે કહુ સાંભળ નાર, સતવંતા એવાં પાંચે નાર,

પાંચેનું ચીત રહ્યુ છે અતીઘણુ, શું વખાણુ કરૂ તે તણું દુષ્ટ દુસાસન કહાવે જેહ, દરૂપદીને સભામાં આણી તેહ, નવસે નવાણુ કાહાડયાં ચીર, ત્યાં સુધી રાખી રહી ધીર. દુષ્ટને માન ભંગ કરો, સતીને સહાય છે હરો, વળી વઈરાટને ઘેર દાસી થઈ રહી, કઈયાકચકે મુકી તહી, દુરટે નજર બગાડી ઠામ, કઇયાકચને માર્યો ઠામ, એ રીતે શત શતીનું રહ્યું, વળી આગળ વીસ્તારી કહુ દુરવાસા કોપ્યા યેકવાર, જ્યારે વનમાં નીકળા તે ઠાર, અખેપાત્ર છે સતીને હાથ, શહસ્ત્રઓઘ છે બ્રાહમણુ સાથ, પોતે અખે પાત્ર કર ધરી, સરવેને જમાડે સુંદરી, એકવાર શું થયુ જે કામ, સહું જમી રહયા તે ઠામ, અખેપાત્ર કર માંહે સહી, ત્યાં સુધી અન્ન ખુટે નહી, અખેપાત્ર ધુવે જ્યારે, પછે નીકળે નહીત્યારે, વળી બીજે દીન થાય જેટલે, જોઈએ એટલુ, નીકળે તેટલે, સહુ જમી રહયા છે તહીં; સતી પાછળથી જમ્યા સહી, પાત્ર ધોઈ નાખ્યું તેવાર, તેટલે કૌતક થયુ તે ઠાર,

**દોહરા**—દુરવાસા આવ્યા તે સમે; કહે કરોધી જેની જાત; કહ્યું ભોજન આપે મુને, દશ શસ્ત્ર વિદ્યારથી સાથ, શતી વીમાશણમાં પડી, થરથર ધરૂજે કાય; બ્રાહ્મણુ દુરવાસા આવીયા, તેને ના કેમ કેહેવાય. કરોદ્ધ ભરેને તામસી, તે દે મુજને શ્રાપ; શત્ય જશે શતી તણુ હવે રેહેશે નહી આપ. સુરજદેવ પ્રત્યક્ષ છે, નોંધાર હવે શત્યરાખે શતી તણુ; એમ વીનવ વારંવાર, ધીરજ સખી મન વીખે; કહ્યુ રૂષીને વચન, તમે સ્નાન કરી આવો, કશુ ભોજન. રૂષી સ્નાન કરવા ગયા, સતી વીમાસે મન; અખેપાત્ર એક જો સહી, ભાજીપત્ર દીઠુ લોચન દેખી હરખી મન વીખે, ધન ધનરે માહારાજ; તમો વારે ચડયા સતી તણે, તમે રાખી મારી લાજ. સ્નાન કરી રૂષી આવીયા, ભોજન કરવા તરત; મીષ્ટાંન મન ભાવતાં સહુ, થયા ત્યાં રૂષી તરપત. એમ લાજ રાખી

ધણી, ઠામ ઠરી કહી વાત; હવે સંદેહ ટાળ્યો મનડા તણો, એ પાંચે છે સતી નાર. પુછને કાંઈ હોય પુછવુ, ઓરતો ન રાખીશ મન; સંદેહ બાગુ તાયરો, હુ કપુર સેનનો તંન. ત્યારે પગે લાગી પદમણી, જોડા બંને હાથ: કહ જોડીને કરગરી, સ્તુતી કીધી તે સાથ. ધન ધન તારી માવડી, ધનધન તારો તાત; ધનધન દષ્ટ તુજને, ધનધન તારી જાત. હવે પરણો મુજને પ્રીતથી, આણી મનમાં નેહ; ના કોહો તો હવે હાંણ થશે, તતક્ષણ પડશે દેહ. ભરાંત ભાગી આજ માયરી, માન્યુ મારૂ મન: હરખ ધરી ઉમેદ શું, કરવા તુજશું લગન, રૂપ ગુણને ચાતુરી. બુદ્ધિબળ ભરપુર, ધીર વીરને શાણપણ, અદભુત તમારૂ નુર: હું માન મુકી માગુ કરૂ. મન માન તું નાર, મને બીજી વાત રૂચે નહી; મારૂ લાગ્યું તુ..માં મન, ના કેહેશો જો નરપતી તો તરત તજીશ હું પ્રાણ હવે ના કહેથી છુટવું; થશે હાંશીને હાણ.

**ચોપાઈ**—વાત એવી કહી જાયરે, કામસેને વીચારયું ત્યારે; ના કહાને જાઉ તો હાણ, નીસ્ચે નારી તજશે પ્રાણ. સંકટ મોટુ આવી અડે, મોટી આફત માથે ચડે; જો પરણું તો મોટી ધ્રાત, મારી એના સરખી જાત, વીચારમાં પડયો રાજન, એકે વાત ન વ ઉકલે મન; હવે ધીરજ મારા મનમાં ધરૂ એ કન્યા હુ નીસ્ચે વરૂ. પછે થનારૂ હશે તે થશે, પણ હમણાં તો કહેવી હાય; વળી ચદ્રમુખી બોલી વચન, કેમ વીચારમાં પડયા રાજન. કોહો તો લાગુ પાએ, ના કોહોતો તજવી કાએ; રાજકુંવરી કહે સાંભળો રા ય, એના મન તણા વીચાર. પરણવાના ખાધા છે સમ, ણ તુને ના કેહેવાય કેમ; મારા પીતાને કરને જાણ, જે તે આપે કન્યાદાન. ત્યારે નારી પગે નમી, એ વાત તો મુજને ગમી, રાજા ઉઠી મંદીરે જાય, નારીને મન હરખ નમાંય. ચંદ્રમુખી ગઇ પીતા કને કરજોડીને ત્યાંઇ ભણે; મુને પરણાવોની તાત, માહરા મનની ગમ

તી વાત. શમશા જે મનમાં ધરી, તેનરે સત્રળી પુરી કરી; આ- પણી માલણને ઘેર ઉતરયો જેહ, મુને પરણાવેની તેહ, સાંભળતા માં હરખ્યો તાત; આહારા મનમાં ગમતી વાત, હાલ પરણાવીને લાહાવો લેઉ જસ ઘણું લાભેણું લેઉ, પ્રધાનને આપી આગન્યા, જોશી તેડાવો સભા મોઝાર, જોશી તેડાવ્યો સભા માંય. મુરત લા ખેણું લીઝીયે, કન્યાદાન કોડે દીઝીએ, જોશી તેડાવ્યો સભામાંય, મુરત લાખણુ લીઝીએ. કન્યાદાન કોડે દીઝીએ, જોશી પંડીત આ વ્યા તે ઠામ, રાજનયે કન્યાદાન કોડે દીઝીયે, જોશી પંડીત આવ્યા તે ઠામ. રાજાએ દીધાં બહુ માન, લગનનો દીન છે સાર, રાજાને મન હરખ અપાર, મંડપ રચના કીધી ઘણી. શી શોભા કહું તે તણી, દેશ દેશના આવ્યા રાય, આનંદ ઓછવ ત્યાં બહુ થાય, મં ડપે આવ્યા વરરાય. ભાનુની ત્યાં મંગળ ગાય, વરઘોડે ચડયા વર- રાય, ભાનુંની ત્યાં મંગળ ગાય, વરઘોડે ચડયા વરરાય, સામેલા શોભતા જાય, મંડપે આવ્યા વરરાય, હરખ સાજ શોભતા જાય, કુશળ કુશળ રચાયો ને ત્રાક. વર પોંખી તાણ્યું છે નાક, બાજોઠે બેઠા વરરાય, એટલે પધરાવે કન્યાય, હસ્ત મેળાપ થયો જ્યારે રાજન મન હરખ્યો ત્યારે.

દોહરો—વર કન્યા પરણી ઉઠીયાં. અને ગોતરજને લાગ્યાં પાય વર કન્યા મન હરખીયાં, આનંદ અદકો થાય. જાચક જન સુખ પામીયા, પોહોચી મનની આશ. વર કન્યા જોઈ કરિ, અધીક થાય હુલાસ. આવાસ એક સુંદર રચના, વસાવ્યા પુત્રને વાસ, ખાવ પીયો ખુશી કરો, ભોગવો સુખ વિલાસ મહેલમાં ગઈ તે ભાનુંની આગમન કેરી પાસ; હવે કરજોડી હું કરગરૂ, તમો પુરો મારી આશ. ત્યારે રાજકુંવર વરનુ વદે, સાંભળ સગુણી નાર; હવે મા- સ તેર ગયા પછે, કરીશ તુજ શું વીહાર. એક વરત મારા મન તણું. તે પુરણ જયારે થાય; તેમાં દીનતો વહી ગયા, હવે તેરમાસ

ઓછાય. વારૂ સ્વામી ઠીક છે. પુરણ કરો તમારૂ વરત; એ આજ કાલમાં વહી જશે, તેર માસ ત્યાં તરત ત્યાર સુધી સેવા કર મા હાદેવ પુજવા જઉ; તેથી હુંસ આપણી પોહોચશે, પુન્ય તણુ ફ ળ પાઊ.

છપો—જેને મન ચીંતાય તેને અન નવ ભાવે; જેને મનચીંતા ય તેને નીંદ્રા નવ આવે; જને મન ચીંતાય તે દીન મત્યે સુકે; જેને મન ચીંતાય તે રાત દીન મનમાં ખુચે. જેને મન ચતાયતે ઊંડા નીશાશા મુકે, બોલે વાત કરે પણુ મન તે તેમાં રહે; એ ચીતાથી ચિંતા ભલી; તે શ.ર.ળજાટ સાચુ કહે.

ચોપાઇ—એ રાત દીવસ મન ચીંતા કરે, બરાસરાય મનમાં સાંભરે, એ વાત એટલેથી રહી, બેજણુ ફકીરની શીગત થઈ, ક સ્તુરાવતી કસ્તુરાંવતી કરે, નગરખંડ વન જોતા ફરે; એમ ફરતાં એક સાંભળી વાણુ, કામસેનનાં થયા વખાણુ, બાઇ નો મુસાફ ર આવે જેહ, ઘરમાં તેડી લાવે તેહ; વીસ્તારીને પુછે વાત, ઘર માં રાખે ચારજ રાત, પછે મન મનાવી વિદાય કરે, એમ દુખ લોકનાં હરે; એવું સાંભળી બેજણુ રહયા. ચંદ્રાવતી નગરીમાં ગયા, દરવાજામાં પેઠા જેટલે; દરવાનદાર બોલ્યો તેટલે, અરેભા ઇ ચાલો અમારી સાથ; રાજા તમ પુછે વાત, જોગી ભોગીની ભાગી ભરાંત માંડી કહી સરવે વરતાંત, એમ કહીને સાથે થયા બેજણુને તેડી લઇ ગયા.

દોહરા—રાજા બેઠા સભા વીખે, પાસે બેઠો પ્રધાન, ત્યાં રાજ કુળ છત્ર સે મળી, દેછે આદરમાન, ગુણકા ત્યાં નરત કરે, તે રા જાના ગુણ ગાય; બ્રહમણુ ત્યાં બેઠા ઘણા. ત્યાં વેદ ચરચા થાય, ભાટ ચારણુ જસ બોલે ઘણા. કરે બંધીજન પોકાર; ઇવત રા જી સરવે છે, ત્યાંય થઇ રહયો જેજેકાર. તેરે હલકારો એક આવીયો, તેણે કરયો પોકાર કોઈ જોગી બે બહાર આયા, સા

યે છે દરવાન ત્યારે રાજાકેહે લાવો અહી, હુકમ કરો હજુર, વી
સ્તારી વાત પુછુ અમો, જોઉ જોગી ભોગીનું નુર, તેને આસન
આપ્યાં બેસવા દેખી જોગીનો વેશ; પુજા અરચા તેહને, જોતાં
રુડું આંનદેશ, માથે જટા ભારમે ભરયાં. વીભુતી સરવે અંગ; ભ
ગવા વસ્ત્ર આપે ધરયાં ને સેલી શીંગીસંગ ત્યારે રાજા કેહે તમે
કોણછો. નહી જોગીની જાત; કોઇ ભોગી નરછો ભાગ્યતા, વિસ્તા
રી કહો તે વાત.

ચોપાઇ—એવું રાજા બોલ્યો વચન, જેયું જોગી બેઓ ધારી
લોચન, પછે ગુણ સ્વભાવની સામુ જોઇ, ગરમગાં એમજ કહી
જુવો ધારીને મારા ભરાંત, રાય નથી એ નારી જાત; પ્રથમ પા
ર એનો લીજીએ, પછે ધટે તેવે ઉત્તર દીજીએ ત્યારે ગુણસ્વભા
વ કેહે પડયો સંદેહ, તે છે નારી દેહ; એકાંત વાત થય જયરે
સંદેહ કરો બિનાણું; રખે હોય બરાસરાય, પણ વેશ પાલટ્યો નવ
ઓળખાય. એકાંત વાત જો કરીયે સહી, વાત કરતાં ઓળખીયે
અહી; એવું વિચારી બોલ્યો રાજન. પાસે તેડયો સેવક જન. આ
જોગીને મંદીરમાં તેડી જાય. કહીયે જે ગમે તે ખાય; પ્રથમ તો
ભોજન કીજીયે, પછે વાત વીસ્તારી દીજીયે ત્યારે જોગી બોલ્યો
વચન, નહી ભોજનનું અમને મન; સ્વપાક કરીને જમુ, તે વા
ત અમારા મનમાં ગમું. રાજા કહે તેમનું જેહ, મનમાંને તેમ
કરો તેહ; એકાંત સ્થળ આપ્યું સાર. ત્યાં રસોઇ કરી તઇયાર. ની
શાપડી સભા ધેર ગઇ. રાજા ઘરમાં આવ્યો સહી; રાણી કહે
સાંભળીયે રાય. મારા મનમાં હરખ નમાય, તેર માસ થયા સા
ક્ષાત, તેમાં ઓછા દાહડા સાત; હવે વરત તમારૂ પુરણ થયું.
હવે માનજો મારૂ કહયું તેમ કહીને રાણી રહી. ત્યારે રાજાયે વા
ણી કહી સઉની હવે પુરે આશ. એમ કહી મુકે નીસવાસ. પછે
જઇ બેઠો એકાંત. ભાગવાને મન કેરી ભરાંત; જોગીએ બોલા

વ્યા પાસ. દીધી અદકી તેને આશ. જોગી સાચુ બોલો તમો. વાત વિસ્તારી પુછું અમો ત્યારે જોગી બોલ્યા બોય, આગી મ નમાં અદકો નેહ. પ્રથમ વાત તમારી કહો. પછી અમારી સાં ભળવા રહો; પીસ્તારી પુછો શા માટ. આવડો સો ઘડયો છે ઘાટ. સુખ દુખ સંહુ આપેને જાય. તેમાં શુ પુછોરાય પુછવાનુ કારણ કોહો જે, પ્રથમ વાત માડી નહી તેહ. મારે પુછવાનુ એ કારણ તે આવે તેનું મનાવું મન; ત્યારે કામસેન કેહે પુછું અમો. ભાગુ ઉચાટ તે જાણો તમો. માટે તમારા ઇસ્ટની આ ણુ. જો જુઠુ બોલો એ વાણ; સાચાના બેલી શી રામ. સાચી વાતે સરશે કામ.

દોહરા—જોગી કહે રાજા સુણો. અમારા કરમની કાંણુ; તમ શાનીધ સાચુ બોલીયે. તે જાણે શી ભગવાન. કશુબા દેશ હમા રડો, ચીત્રસેન મારો તાત; આ ગુણસ્વભાવ પ્રધાન છે, પણ ગ ણીયે જેવો ભરાંત. અમને કહ્યું જે પરણાવીયે રુડી જોઇ કન્યાય; મને પુરવ જન્મ ગ્નાન છે. માટે કહી પરણાની નાય;

છપ્પો—અમો બે જણુ નીકળીયા વીર. ધીર મનમાંહે રાખી; આ મીત્ર થયા અમ સાથ. વાત તે પ્રત્યે ભાખી જો પુરવની મ ળે નાર. વીહાર તે સાથે કરવુ બીજી સ્ત્રિયું નહી મન. તોને મ હરેવુ તન. એમ નીકળયા બાહાર દેશ વીદેશ ફરતાં પુરવેની સાં ભળી નાર. હસા હંસાં એમ કરતા એમ ઘણું કષ્ટ અમે ભોગવ્યું દેશ વિદેશ ફરતા સહ; તણુ માસ એમ ગયા વહી તોયે પુરવની નારી મળી નહી. આવ્યુ આશાવરી એક ગામ. કામ થયું ત્યાં દેવધર નામે સુતાર કામ કરયુ તેને સારૂ એક ચારશે જોજનનું વીમાન. કરયો મત કારમી તેમાં આવ્યા સમુદ્રને પાર. બેજણુ બે શી એસાં તે કરપુરસભાવતી ગામ. હામ રહો તે જાણો; ત્યાંનો કપુરસેન રાજાય, શાવાદી તો તો રૂડો કપુરાવતી એક નાર, એ

નાર, એક કસ્તુરવતી કુમારી, અતીશે કામ ભઅંગ; નારી પુર
વની તે મારી. તે ગામે અમે ગયા. ફકીરવેશ લીધો શહી એક
દીન ફરતો તે ગામ; મેહેલ નીચે આવ્યો શહી. દાશી આવી બા
હાર. તેણે તો મેહેલ ઉપર બોલાવીયો, આપુ કનક આશન; વા
ત પુરવની વીસ્તારી. રાજાયે પધરાવી તન. મનમાં તો ઠરી તે
નારી. એક પ્રાણધર નામે સુતાર; માહા પ્રાક્રમી રેહે છે. તે કે-
બાત. તે રાજા ઘેર રેહેછે એક સાતસે જોજનનું વીમાને, તે પ્રા
ણધરની પાસે, તેમાં બેઠાં નર નાર. ઘેર જવાની આશે. ચારશે
જોજનનું વીમાન. તેમાં પ્રાણધર ગુણી બે બેઠા સહી: વીદાયગી
રી રાયે કરી એમ. ચારસે જોજન ધાલ્યા સહી, આવ્યા સમુદર
મધે વીમાન અધવંચે ભાગ્યું; પ્રાણધર ગુણસ્વભાવપાસે તે આ
કાશે ચાલ્યુ આધું અગની બાળમા પડયા નરનાર. નારી મધરે
લીધી; મારે ફર આવ્યું એક કાંઇ. પ્રભુયે શાહેતા કીધી. હુ ઊત
રયો જઇ એક બેટ. નારી જોરાવતીમાં આવી; જીવંતી નીકળી
નાર. રાયે પુત્રી કહી બોલાવી મુને નાગે કીધી સાહે. એક દોરો
આકાશેથી નાંખ્યો; તે લીધો માહારે હાથ, પગ અંગુઠે બાંધો
હુ થઇ ગયો પોપટ. ઝટ ઉડયો આકાસે. આવ્યો જોરાવતી ગા-
મ; કામ નારીની પાસે મળયાં, બેઠયાં શુખે રહયાં વળી વીશધ
વાત નારીયે કરી. નીશાં સમે હું નીસરયો; તે નારીને મેં વળી
નીકળયા ત્યાંથી બહાર, વાટમાં પ્રધાનજ મળીયો, કહી એક એ
કની વીગત; વાત સંતાપ શોક રુદેથી ટળીયો. પણ અમને સાં
ભરે તે નાર. સંશાર સુખ નહી અમને; માટે ફરીયે દેશ વિદે-
શ. શું કહીયે તમને. તે મળે જો નાર. મન માને અમારુ, નહી
તો પાડુ દેહ જીવ કાઢું તે સારુ; હવે મન મનાવો તે તણું.
જો તો સાચુ કહુ. અમને ચેતન નહી ચીંતા ઘણી.
જાયે રહ્યું.

છપ્પા—નારી નીચ અગનાન ભણે પુરૂ તે જાણે, નારી નીચ અગનાન મમત પોતીકો તાંણે; નારી નીચ અગનાન, સેહેજમાં રામણુ સાડે. નારી નીચ અગનાન કારણુ કો નવ જાણે, નારી નીચ અગનાન પ્રમાણુ કરે તે તેનું; માટે શાણાનર તમે સમજો અબળા બુદ્ધ અપાર છે, અબોલ્યું જાણે નહી, તો એ તમારી સાથ છે.

દોહરા—પછે કર જોડીને કરગરે, કરી પ્રદક્ષણા ચાર; મોતી થાળે વધાવીયા, સફળ થયું વરત તે વાર. વેશ પોતીકો પરહરો થઈ રહી તે નાર; વારેવારે કરગરે, પ્રાણમ કરે વાંરવાર; પછે વારતા માડી કહી, જે વીત્યુતુ દુખ પ્રાણજીવણ મુજને મળ્યા, આ જ અદકુ થયું સુખ; ચંદ્રમુખી તેડી ત્યાંહાં, જ્યાં ત્રણે જણ બેઠાંય. અથઈતી સરવ કહી, ભાગી તેની ભરાંત, પવન કરાવ્યુ બે જણે; નાહ્યા નીરમળ નીર, શુભ શણગાર વસ્ત્ર પેહેરીયાં. શુદ્ધ થયાં શરીર, હું તુ આપણ એક છું; આપણો સ્વામી છે એહ, એ વાત વીસ્તારીને કહી. ભાંગ્યો મન સંદેહ, એમ એકાંતે ચારે મળી; વીનોદ ઘણો કરી કરી, એટલે થયો પ્રભાત.

ચોપાઈ—પ્રતસકાળ થયો જેટલે, પ્રધાન ત્યાં આવ્યો તેટલે, તેને તેડે અકાંત જઈ, વાત વીશતારીને સવવે કહી. પ્રધાને પણ જાણ્યુ એહ. મગન થયો પોતાને દેહ; ચંદરમુખી પણ હરખી મમ, રૂડો મળયો સ્વામીન. પછે પ્રધાને વિચારી પેર, એક પુત્રી હતી પોતાને ગેર; કળાવતી છે તેનું નામ, કન્યા સકોમલ રૂપની ધાન. તે ગુણ સ્વભાવને આપી જઈ, વીવાહ રંગ કરયો છે તહીં પ્રધાન પણ ગુણ સ્વભાવ કરે દુખ માત્ર લોકોનાં હરે. બેહુ એ નારીને હરખ ન માય, રંગે રમે રાણીને રાય, હવે એ વાત એ ટલેથી રહી, ચીત્રસેન રાજાની શી ગત થઈ.

દોહરા—ચીત્રશેન જે રાયજી, બરાસ રાયનો તાત, પુતર ગયો

પર દેશડે, અધીક થયો ઉતપાત, ખાન પાન નિદ્રા તજી, તજ્યા ભાવતા ભોગ; તેને પુત્ર વિજોગ સાલે ઘણુ, તે ધરી બેઠો છે જોગ. તે જનુનીએ જુલમ કરયો, તજ્યા અંગ તણા શણગાર, માળા લીધી હાથમાં, ભજે છે વીશ્વ આધાર, રાજા કહે દેહ નવ ધરૂં, કાહાડુ મારો પ્રાણ. એ બરાસ મારો કયાં ગયો, એમ મુખે બોલે વાણ, કાશીએ જઇ કરવત ધરૂં, કરૂ હુ ભેરવ જાય, તન વીના તલપે ઘણુ, કોઇ કાંઇ કરે એહની વાત, રાજાએ તેડયો પ્રધાન શો કરવો ઉપાય, બરાસ મારો કયાં ગયો જુલમ કરે છે રાય વીખ ખઈ મરૂ, નથી પડતુ કંઈ શુજ, પ્રરભાવતી કલપે ઘણુ, રહી છે બીડીને ભુજ, કસુબાનગરામાં કલપાંત થયું, વેહેપારી સઊ જાય, એમ ન કરીએ રાયજી, કાલ આવશે તન, ધીરજ આપી સઉ પાછા વળા, ઘણો ઊચાટ મનમાં થયો; એ વાત રહી એટલે, પછે બરાસને ત્યાં શું થાય,

ચોપાઈ—બેહુયે નારને હરખ ન માય, નીત રંગે રમે છે રાય; કામ કટાક્ષ અતીશે થયું, હવે કશુ દુખ ત્યાં નવ રહ્યું, એક સમે સોકાતુર થયો આપ. મનમાં સાંભળા માને બાપ. મારા બાપની શી ગત હશે, મુવા જીવતાની ખબર કેમ પડશે, મનમાં કલપે પોતે ઘણુ; ઘણુ દુખ પ્રભાવતી માતા તણુ, તે તો વીખ ખાઈને મળે; મારો બા પવે દેહ નવ ધરે. એવુ મનમાં ધરે છે દુખ, ઊતરી ગયું રાજાનુ મુખ, ત્યારે કસ્તુરાવતી એમ પૂછે રાય બહુ, દુખણી કેમ થાય છે કાય; સાચુ બોલોને મનમાં અહી; જે કહો તે કરીએ સહી. રાજાએ માંડી કહી વાત, બાપ દેહની કરસે ઘાત પ્રભાવતી માતા દેહ ન ધરે, ચીત્રસેન રાજા ઘણુ ટળટળે, એનો ઊચાટ મનમાં ઘણો, ગુણ સ્વભાવ મીત્ર સાંભળો, ત્યારે ચંદરમુખી બોલી વાણ, સુણો રાજા ચતુર સુજાણ, શા માટે તમો ખજ ધરો, નરણે આસુ શાને ભરો.

દોહરા—કસ્તુરાવતી કહે કયાં દુખ ધરો, ટાળો મન ઉચાટ. પ્રધાનને રાજ સોંપી કરી, કરીએ કશુબાની વાટ, રાજા કહે પ્રધાન ને, હુ જાઊં જાતરા રાજ પ્રજા પુત્રની પેર પાળજો, ચલાવજો મારૂં રાજ. ચાલો રાજા ગુણ સ્વભાવ, પ્રધાન સાથે છે બનો નાર, વળી ગુણુ સ્વભાવની અસ્ત્રી જાણુ, ચાલ્યા પીતાના દેશ મોઝાર એવું કહીને નીશળા બહારે, લશકર લીધુ સાથ. દોડ મજલ તો પરવરા, નહી મનમાં ઊચાટ. ઘણા દીવસે પાછા આવીયા, સાથે છે બે નાર, ગુણ સ્વભાવ પ્રધાન છે, તેની તે ત્રીજી નાર, આવ્યા રૂષીને આશ્રમે. ત્યાં કુચ મુકામ કીધ, તે નર નાર જઈ પગે પડયાં, રૂશીએ આશીસ દીધ, જપુ ઊભા રૂષી દને. સાથે કસ્તુતાવતી નાર, હાથ પગ જોડી કરી, નમી કીધો ઝવાર.

ચોપાઈ—નેતર ઉઘડી જુવે રૂષી રાય. કોણુ છેરે માનવની કાય કેમ તુ અહીયાં આવીયો. તપ ભંગ કરવા લાવીયો. ત્યારે બોલો દીવાન વંચન, એ કશુંબાનગરીનો રાજન, તેનો શુત બરાશ કેહેવાય, તે આવ્યો પગે લાગવાય. તમ દરશનનો હુ ઘેલો રાય, કસ્તુરાવતી પરણા કન્યાય; તમ પરતાપે લાવ્યો અહી, ક્ષમા કરો અપરાધ મારો સહી. એમ કહીને લાગ્યો પાય, હુ અપરાધી તારો રાય; રૂષીએ દીધો આશીરવાદ, ધન ધન પુતર તારૂ ભાગ; એમ કહીને મુકો માથે હાથ, પછે લીધી કશુબા કેરી વાટ; આવી ગાંદરે ઊતારો કર્યો, સહુને હઇડે હરખજ ભરયો. ચીતરસેન જુએ છે પુતરની વાટ. ન આવ્યો હજુ શામાટ, એક ભાટ આવી એમ જ ભણે, બરાસરાય આવ્યો તમતણો. નાહાલ કરયો રાજાયે તેહને રાજયઆસનથી ઊઠો તાહરે; હરખ ભરી સહુ સામા જાય, ઉલાસ આણી મન માંહે,

દોહરા—રાજા આશનથી ઊઠેલો, પ્રભાવતી શામાં જાયે; કુવર આવ્યો જાણુી કરી, મનમાં મેંગાટ, ચીત્રસેન જાયે તેડવા, પાછ-

ળ પ્રભાવતી માયે, તે પુઠે સેના સહુ. રઇયત રંકને રાય. રાજા આવતો જાણીને. પુત્ર પગે પળાય, બહુનાં હઈડાં હરખીયાં. પુતર લાગ્યો પાએ. રાજા મીત્ર સહુ મળયા. અને ખોળે લીધો કુમાર. ફરી ફરી મુખ નીહાળીયું. ચીતરસેન ભુપાળ, પછે આવ્યા નગરમાં. સાથે સહુ સેનાય, રઈતને હરખ અતી ઘણો. મનમાં શહુ હરખાય. સભા ભરી સીહાશને. બેઠા તાતને તંન. વીગત વાત માંડી કહી, જે વીત્યુતુ રણુમાં, તમ પ્રતાપે આવીયો, માતાને લાગ્યો પાય. કસ્તુરાવતી અસ્ત્રી લાવીયો. તમ પ્રતાપે માય; ખાયો પીયો ખુબી કરો, ટાળો વહાલાનો વિજોગ. બાર વરસે મળા સહી. રંગ ભોગ અતી ભોગ. શાંમળભટ વરણુવ્યું. બરાસ કસ્તુરાવતી જોડ. બેઊ કરજોડી એમ ભણે. જે જે શ્રી રણુછોડ; ગાય શીખેને સાંભળે મન તણો ભાગે ભેદ. વીજોગ તળે વહાલા તણો. એમ શાસ્ત્ર બોલે વેદ.

સમાપ્ત.

# जाहेर खबर.

આ ચોપડી તથા બીજાં હરેક જાતનાં પુસ્તકો, અમદાવાદમાં બાલેષ્ટરની હવેલી નીચે બુકસેલર, હરગોવન હરજીવંનદાસ. પુસ્તકવાળાની દુકાનેથી મળશે.